ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર 'ગુજરાત ટુડે' દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો. (લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો. (લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૧૩૦ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# સીરિયામાં ૬૧ વર્ષના બાથ શાસનનો અંત : અસદ પલાયન

## બળવાખોર જૂથોએ જુલમી અસદની વિદાયની ઘોષણા કરતાં કહ્યું કે, અમે દમાસ્કસ શહેરને જુલમી શાસન મુક્ત જાહેર કરીએ છીએ, સીરિયન રાજધાનીના રહેવાસીઓ શેરીઓમાં ઉત્સાહિત જોવા મળ્યા હતા

(એજન્સી) બૈરૂત, તા.૮

ઈસ્લામવાદી આગેવાની હેઠળના બળવાખોરોએ જાહેર કર્યું કે તેઓએ રવિવારે આક્રમણ દ્વારા દમાસ્કસ પર કબજો કરી લીધો હતો અને રાષ્ટ્રપતિ બશર અલ-અસદ દેશ છોડીને ભાગી ગયા છે અને અસદ પરિવારના ૫૦ વર્ષના શાસનનો અંત આવ્યો હતો. સીરિયન રાજધાનીના રહેવાસીઓ શેરીઓમાં ઉત્સાહિત જોવા મળ્યા હતા અને બળવાખોર જૂથોએ ''જુલમી'' અસદની વિદાયની જાહેરાત કરતા કહ્યું કે, અમે દમાસ્કસ શહેરને મુક્ત જાહેર કરીએ છીએ. દમાસ્કસમાં બળવાખોરો હવામાં ગોળીબાર કરતા જોવામાં આવ્યા હતા અને ''અલ્લાહુ અકબર''ના નારા લગાવી રહ્યા હતા. કેટલાક લોકો ઉજવણી કરી રહ્યા હતા અને લોકોએ અસદના પિતા હાફેઝની પ્રતિમા તોડી પાડીને પ્રતિમાને વિકૃત કરી હતી. દમાસ્કસના રહેવાસી આમેર બાથાએ ફોન દ્વારા એએફપીને જણાવ્યું કે, હું વિશ્વાસ કરી શકતો નથી. અમે લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છીએ, અમે સીરિયા માટે એક નવો ઈતિહાસ શરૂ કરી રહ્યા છીએ. પ્રમુખની કથિત વિદાયની જાણ યુદ્ધ મોનિટર દ્વારા પણ કરવામાં આવી હતી. ઈસ્લામવાદી હયાત તહરિર અલ-શામ (એચટીએસ) જૂથે અસદ પરિવારના પાંચ દાયકાથી વધુ શાસનને પડકારતી ઝુંબેશ શરૂ કર્યાના બે અઠવાડિયામાં તેમનું પતન થયું છે. બળવાખોર જૂથોએ જણાવ્યું હતું કે, અમે આજે આ અંધકારમય સમયગાળાના અંત અને સીરિયા માટે નવા યુગની શરૂઆતની જાહેરાત કરીએ છીએ. વડા પ્રધાન મોહમ્મદ અલ-જલાલીએ કહ્યું કે તેઓ સીરિયન લોકો દ્વારા પસંદ કરાયેલ કોઈપણ નેતૃત્ત્વ સાથે સહકાર આપવા તૈયાર છે. જલીલીએ એક વીડિયો નિવેદનમાં જણાવ્યું હતું કે, હું મારા ઘરમાં છું અને હું સવારે મારૂ કામ ચાલુ રાખવા માટે ઓફિસમાં જઈશ અને તેઓએ સીરિયન નાગરિકોને જાહેર સંપત્તિને નુકસાન ન કરવા હાકલ કરી છે. સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સના વડા, રામી અબ્દેલ રહેમાને જણાવ્યું કે, સૈન્ય સુરક્ષા દળોએ સુવિધા છોડી તે પહેલા અસદ દમાસ્કસ આંતરરાષ્ટ્રીય વિમાનમથક થઈને સીરિયાથી નીકળી ગયા હતા.

HTSએ કહ્યું કે તેઓએ રાજધાની તરફના વ્યૂહાત્મક શહેર હોમ્સ પર કબજો કરી લીધો છે. સંરક્ષણ મંત્રાલયે અગાઉ વિદ્રોહીઓ હોમ્સમાં પ્રવેશ્યા હોવાનો ઈન્કાર કર્યો હતો અને ત્યાંની સ્થિતિને સલામત અને સ્થિર ગણાવી હતી. હોમ્સ રાજધાનીથી લગભગ ૧૪૦ કિલોમીટર દૂર આવેલું છે અને બળવાખોરો દ્વારા કબજે કરવામાં આવેલું તે ત્રીજું મોટું શહેર હતું. વ્હાઈટ હાઉસે જણાવ્યું હતું કે યુએસ પ્રમુખ જો બિડેન સીરિયાની આ અસાધારણ ઘટનાઓ પર નજર રાખી રહ્યા છે. સીરિયન વિપક્ષી કાર્યકરોનું કહેવું છે કે



વિદ્રોહીઓ દમાસ્કસના ઉપનગરોમાં પહોંચી ગયા છે. સૈનિકો અને પોલીસ અધિકારીઓ તેમની પોસ્ટ છોડીને ભાગી ગયા છે અને બળવાખોરો સંરક્ષણ મંત્રાલયના મુખ્યાલયમાં ઘૂસી ગયા છે.

રહેવાસી ઓમર દાહેરે કહ્યું કે, મારી લાગણીઓ અવર્ણનીય છે, અસદ અને તેના પિતાએ અમને ઘણા વર્ષો સુધી ડરાવ્યા હતા અને હું આતંકની સ્થિતિમાં જીવી રહ્યો હતો. દાહેરે કહ્યું કે તેના પિતાને સુરક્ષા દળો દ્વારા મારવામાં આવ્યા હતા અને તેનો ભાઈ અટકાયતમાં હતો. અસદ એક ગુનેગાર અને જુલમી છે. દમાસ્કસમાં સ્થિતિ પર દેખરેખ રાખતા, બ્રિટન સ્થિત ઓબ્ઝર્વેટરીએ પુષ્ટિ કરી કે કુખ્યાત 'સેડનાયા' જેલના દરવાજા હજારો અટકાયતીઓ માટે ખોલવામાં આવ્યા છે જેમને આ શાસન દરમિયાન કેદ કરવામાં આવ્યા હતા. અસદની સરકારે અગાઉ દમાસ્કસની આસપાસના વિસ્તારોમાંથી સેના પાછી ખેંચી લીધી હોવાનો ઈન્કાર કર્યો હતો. પ્રમુખ ભાગી ગયા હોવાના અહેવાલો પછી પ્રીમિયરે કહ્યું કે તેઓ નવા નેતૃત્ત્વ અને કોઈપણ હસ્તાંતરણ પ્રક્રિયા સાથે સહકાર આપવા તૈયાર છે. અમારો આ દેશ સામાન્ય દેશ હોઈ શકે છે જે તેના પડોશીઓ અને વિશ્વ સાથે સારા સંબંધો રાખે છે. પરંતુ આ મુદ્દો સીરિયન લોકો દ્વારા પસંદ કરાયેલ કોઈપણ નેતૃત્ત્વ પર નિર્ભર છે. જૂથની નજીકના સ્ત્રોત અનુસાર અસદને વર્ષોથી લેબેનીઝ હિઝબુલ્લાહ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે, જેમના દળોએ દમાસ્કસની આસપાસ તેમની જગ્યાઓ ખાલી કરી દીધી હતી. દરમિયાન ટ્રમ્પે કહ્યું કે, અમેરિકાએ સીરિયામાં લડાઈથી દૂર રહેવું જોઈએ. દમાસ્કસમાં બળવાખોરોએ પ્રવેશ કરતાં પહેલા ઈસ્લામવાદી આગેવાની હેઠળના આ જોડાણે અલેપ્પો અને હમાનું નિયંત્રણ લઈ લીધું હતું. ઓબ્ઝર્વેટરીએ જણાવ્યું હતું કે, સૈનિકો ઈઝરાયલી-અનુબંધિત ગોલાન હાઈટ્સ નજીક ક્યુનેઈત્રામાં પોસ્ટ્સ પણ ખાલી કરી રહ્યા છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને અસદ સાથી રશિયાની જેમ, જોર્ડને તેના નાગરિકોને પડોશી સીરિયા દેશને શક્ય તેટલી વહેલી તકે છોડવા વિનંતી કરી છે.

# દેશની શાંતિ ખતમ કરી રહેલા એ લોકોને રોકો; PM મોદીને ઈમામ બુખારીની અપીલ

## જુમ્માની નમાઝમાં પોતાની તકરીરમાં શાહી ઈમામે કહ્યું કે, વડાપ્રધાન જે હોદ્દા પર છે તેને ન્યાય આપવાની જવાબદારી એમના શિરે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

દેશમાં અનેક મસ્જિદો અને ઈસ્લામિક સ્થાપત્ય ઈમારતો પર એક પછી એક દાવા કરીને કોમી વિભાજન કરવાનો હિન્દુત્વ પરિબળો સતત પ્રયત્નો કરી રહ્યા છે ત્યારે દિલ્હીની જામા મસ્જિદના શાહી ઈમામ અહેમદ બુખારીએ મુસ્લિમોનો ભય દૂર કરવા એમની સાથે વાતચીત કરવા મુસ્લિમોની અસુરક્ષાની ભીતિ દૂર કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અપીલ કરી હતી. જુમ્માની પવિત્ર નમાઝમાં પોતાની તકરીર આપતા અશ્રુભીની આંખે એમાં બુખારીએ ભારપૂર્વક અપીલ કરી હતી કે વડાપ્રધાન મોદી જે હોદ્દા પર છે તેને ન્યાય આપવાની જવાબદારી એમના શિરે રહે છે. ઐતિહાસિક મસ્જિદમાં પોતાના સંબોધનમાં અત્યંત ભાવુક અને લાગણીશીલ થઈ ઉઠેલા ઈમામ બુખારીએ દેશની એકતા અને શાંતિને ખતમ કરવા માટે પ્રયત્નો કરી રહેલા અને સંઘર્ષ જગાવવા માટે મથી રહેલા આક્રમક પરિબળોને રોકીને મુસ્લિમોના હૃદય જીતી લેવા પીએમ મોદીને આગ્રહભરી અપીલ કરી હતી. મુસ્લિમ સમાજ માટે ચિંતા વ્યક્ત કરતા શાહી ઈમામે કહ્યું હતું કે અત્યારે આપણે જે પરિસ્થિતિ જોઈ રહ્યા છીએ એ ૧૯૪૭ કરતાં પણ વધુ ખરાબ પરિસ્થિતિ છે અને દેશ ભવિષ્યમાં કઈ તરફ જશે એ કોઈ જાણતું નથી. તેમણે વડાપ્રધાનને ટાંકીને પરિસ્થિતિની નોંધ લેવા અનુરોધ કર્યો હતો અને કહ્યું હતું કે આપ જે હોદ્દા પર બિરાજમાન છો તેને આપે ન્યાય આપવાનો છે અને મુસ્લિમોના હૃદય જીતવાના છે. દેશની શાંતિના વાતાવરણને બગાડી નાખવા માટે અને તણાવ ઊભો કરવા માટે જે બદમાશો મથી રહ્યા છે એમને આપ રોકો. ઈમામ બુખારીએ ઉમેર્યું હતું કે મુસ્લિમો જે પીડાનો અનુભવ કરી રહ્યા છે તેને આપ સમજો અને હાલ જે પરિસ્થિતિમાં તેઓ છે તેને બદલવા માટે કોશિશ કરો એ જરૂરી છે. પરિસ્થિતિને હળવી કરવા પણ હિન્દુઓ અને ત્રણ મુસ્લિમોને બોલાવીને આપ ચર્ચા કરો એ જરૂરી છે. ઈમામ બુખારીએ એક પછી એક મસ્જિદોના સર્વેની થઈ રહેલી માગણી અંગે ચિંતા દર્શાવી હતી અને કહ્યું હતું કે સંભલ, અજમેર તથા અન્યત્ર મસ્જિદોના થઈ રહેલા સર્વે તરફ સરકારે ગંભીરતાથી ધ્યાન આપવું જોઈએ અને સમજવું જોઈએ કે આ બધી વસ્તુઓ ભારત દેશ માટે સારી નથી. કોમવાદી વિભાજનની ઐતિહાસિક પ્રતિક્રિયાઓ અને પડઘાનો ઉલ્લેખ કરતા ઈમામ બુખારીએ સ્પષ્ટ કહ્યું હતું કે થોડી ક્ષણોની ભૂલોને કારણે સદીઓ સુધી સજા કરવામાં આવતી નથી. આવી રીતે દેશ ક્યાં સુધી ચાલશે ? પલક વારમાં થતી ભૂલોને સદીઓની સજામાં બદલી શકાય નહીં. હિન્દુ અને મુસલમાન તથા મસ્જિદ અને મંદિરના મુદ્દાઓ ક્યાં સુધી ચાલતા રહેશે ? તેમણે સમગ્ર દેશની એકતા અને એખલાસ પર ભાર મૂક્યો હતો.

# 'જુલમી' પ્રમુખ અસદ દેશમાંથી ભાગી ગયા પછી સીરિયન બળવાખોરોએ 'નવા યુગ'ની જાહેરાત કરી : તેઓ કોણ છે, હવે શું થઈ શકે છે ?

(એજન્સી) તા.૮

રાષ્ટ્રપતિ બશર અલ-અસદ દેશ છોડીને ભાગી ગયા હોવાના અહેવાલો વચ્ચે સીરિયન બળવાખોર દળોએ એક અઠવાડિયા સુધી ચાલેલા આ આક્રમણ પછી રવિવારે રાજધાની દમાસ્કસ પર નિયંત્રણ મેળવ્યા હોવાનો દાવો કર્યો છે. રોઈટર્સ સાથે વાત કરતા વરિષ્ઠ સીરિયન સૈન્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર અસદે ૨૪ વર્ષ સુધી દેશ પર કડક શાસન કર્યું હતું તે હવે એક અજ્ઞાત સ્થળે વિમાનમાં ભાગી ગયા અને આર્મી કમાન્ડે અધિકારીઓને જાણ કરી છે કે, અસદ શાસન પતન થયું છે. બળવાખોર જૂથોએ 'જુલમી' અસદની વિદાયની જાહેરાત કરતા કહ્યું કે, અમે દમાસ્કસ શહેરને મુક્ત જાહેર કરીએ છીએ. જુલમી બશર અલ-અસદ ભાગી ગયો છે. અમે દમાસ્કસને જુલમી બશર અલ-અસદથી મુક્ત જાહેર કરીએ છીએ. હયાત તહરિર અલ-શામ બળવાખોર જૂથે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમે આજે ૧૨/૮/૨૦૨૪ના રોજ આ અંધકાર યુગનો અંત અને સીરિયા માટે નવા યુગની શરૂઆતની જાહેરાત કરીએ છીએ. બ્રિટન સ્થિત સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સે જણાવ્યું કે, સીરિયન સૈન્ય અને સુરક્ષા દળો દમાસ્કસ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી હટી ગયા છે. અધિકારીઓ અને સૈનિકોએ બળવાખોરોના આક્રમણ વચ્ચે એરપોર્ટ છોડી દીધું હતું. રાજધાનીમાં ગભરાટ હતો અને રહેવાસીઓએ શહેરમાં ગોળીબારની વાત કરી હતી અને શાસનના વફાદારો અસદ સરકારના પતનની અપેક્ષા સાથે ભાગી જવા માટે દમાસ્કસ એરપોર્ટ પર દોડી આવ્યા હતા. ટેલિવિઝન ફૂટેજમાં આ લડવૈયાઓ આનંદ સાથે હવામાં ગોળીબાર કરતા દેખાય છે, લોકોના ટોળાં ટેન્ક પર ચઢી ગયા હતા અને શેરીઓમાં નારા લગાવી રહ્યા હતા, ધ ગાર્ડિયનના અહેવાલમાં જણાવાયું હતું. રાષ્ટ્રપતિના પિતા હાફેઝ અલ-અસદની પ્રતિમાને તોડી પાડવામાં આવી હતી અને મસ્જિદોમાં અસદ શાસનના પતનની જાહેરાત કરી હતી. વિપક્ષી લડવૈયાઓ આ કટોકટીમાં સીરિયાની રાજધાનીમાં પ્રવેશ્યા જેણે વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધું છે. સીરિયાની સેનાએ ઓછા પ્રતિકાર સાથે મુખ્ય શહેરોને છોડી દીધું છે. પરંતુ આ વિરોધી લડવૈયાઓ કોણ છે ? જો તેઓ સીરિયાના કેટલાક મોટા શહેરો પર કબજો કર્યા પછી દમાસ્કસ પર કબજો મેળવે, તો પછી શું થઈ શકે છે ? છેલ્લા ૧૦ દિવસમાં અસદ અને સરકાર માટે ખતરો છે અને સીરિયાના ૧૩ વર્ષનું ગૃહ યુદ્ધ ફરી શરૂ થતાં હવે શું થઈ શકે છે. ૨૦૧૮ પછી વિપક્ષી દળો સીરિયાની રાજધાનીની બહારના વિસ્તારમાં પહોંચ્યા હોય તેવું આ પ્રથમ વખત બન્યું છે. આ લડવૈયાઓનું નેતૃત્વ સીરિયાના સૌથી શક્તિશાળી બળવાખોર જૂથ, હયાત તહરિર અલ-શામ (HTS) દ્વારા કરવામાં આવે છે, જેની સાથે તુર્કી સમર્થિત સીરિયન મિલિશિયા છે અને આ છત્ર જૂથને સીરિયન નેશનલ આર્મી કહેવાય છે. આ બંને ઉત્તર-પશ્ચિમમાં પ્રવેશ્યા છે. તેઓએ ૨૭ નવેમ્બરે સીરિયાના સૌથી મોટા શહેર અલેપ્પો અને ચોથા સૌથી મોટા શહેર હામા પર કબજો કરીને આ આક્રમણ શરૂ કર્યું હતું. HTSનું મૂળ અલ-કાયદામાં છે અને યુ.એસ. અને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તેને આતંકવાદી સંગઠન ગણવામાં આવે છે. પરંતુ આ જૂથે જણાવ્યું હતું કે, તેણે અલ-કાયદા સાથેના સંબંધો કાપી નાખ્યા છે અને નિષ્ણાતો કહે છે કે, HTSએ તાજેતરના વર્ષોમાં તેમના પ્રદેશમાં નાગરિક સરકારને પ્રોત્સાહન આપવા તેમજ લશ્કરી કાર્યવાહી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. એચટીએસના નેતા અબુ મોહમ્મદ અલ-ગોલાનીએ સીરિયાથી ગુરૂવારે સીએનએનને એક વિશિષ્ટ ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, આક્રમણનો હેતુ અસદની સરકારને ઉથલાવી દેવાનો છે. એચટીએસ અને સીરિયન નેશનલ આર્મી ક્યારેક સાથી તો ક્યારેક હરીફ રહ્યા છે અને તેમના ઉદ્દેશો અલગ હોય શકે છે. તુર્કી સમર્થિત મિલિશિયાને અંકારા સાથેના મતભેદમાં કુર્દિશ આતંકવાદીઓને દૂર રાખવા માટે તુર્કીની સરહદ નજીક બફર ઝોન બનાવવામાં પણ રસ છે. તુર્કી અસદને ઉથલાવી દેવા માંગતા લડવૈયાઓ માટે મુખ્ય સમર્થક છે પરંતુ તાજેતરમાં જ સમાધાનની વિનંતી કરી છે અને તુર્કીના અધિકારીઓએ વર્તમાન આક્રમણમાં કોઈપણ સંડોવણીના દાવાઓને નકારી કાઢ્યા છે. તો શું એચટીએસ અને સીરિયન નેશનલ આર્મી સાથે મળીને કામ કરશે અને જો તેઓ અસદને ઉથલાવી દેવામાં સફળ થશે અથવા ફરીથી એકબીજા સાથે કામ કરશે તે એક મોટો પ્રશ્ન છે. સીરિયન વડાપ્રધાન મોહમ્મદ ગાઝી જલાલીએ જણાવ્યું હતું કે, સરકાર વિપક્ષને સમર્થન આપવા તૈયાર છે. જલીલીએ એક વીડિયો નિવેદનમાં જણાવ્યું હતું કે, હું મારા ઘરમાં છું અને હું સવારે મારૂં કામ ચાલુ રાખવા માટે ઓફિસમાં જઈશ અને તેઓએ સીરિયન નાગરિકોને જાહેર સંપત્તિને નુકસાન ન કરવા હાકલ કરી છે. સીરિયન વિપક્ષી યુદ્ધ મોનિટર, રામી અબ્દુર્રહમાને જણાવ્યું હતું કે, અસદ રવિવારે વહેલી સવારે દમાસ્કસથી ફ્લાઈટમાં દેશ છોડ્યો હતો. જલીલીએ અસદની વિદાયના અહેવાલો પર વાત કરી ન હતી.

## ક્યા બાત હૈ ?!

આ વખતે અડદિયા વધુ કડક બન્યા છે ! જો આ છીંણી પણ વાંકી વળી ગઈ !




# વક્ફ મુદ્દે મુસ્લિમોને સમર્થન આપવા વિપક્ષી ખ્રિસ્તી સાંસદોએ ચર્ચની સંસ્થાને વિનંતી કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા (CBCI)એ જણાવ્યું છે કે, ખ્રિસ્તી સમુદાયના સાંસદોએ કહ્યું છે કે, વક્ફ (સુધારા) બિલ પર ખ્રિસ્તીઓએ સૈદ્ધાંતિક વલણ લેવું જોઈએ કારણ કે તે બંધારણમાં સમાવિષ્ટ લઘુમતીઓના અધિકારોને અસર કરે છે. CBCI, એ ભારતમાં કેથલિકોની સર્વોચ્ચ સંસ્થા છે. તેણે ૩ ડિસેમ્બરે દિલ્હીમાં તમામ ખ્રિસ્તી સાંસદોની બેઠક બોલાવી હતી. તેમાં લગભગ ૨૦ સાંસદોએ હાજરી આપી હતી, જેમાંથી મોટા ભાગના વિરોધ પક્ષોના હતા. તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સંસદીય પક્ષના નેતા ડેરેક ઓ'બ્રાયન, કોંગ્રેસના સાંસદો હિબી એડન, ડીન કુરિયાકોઝ અને એન્ટો એન્ટોની અને સીપીઆઈ(એમ)ના સાંસદ જોન બ્રિટાસ બેઠકમાં સામેલ થયા હતા, જ્યારે કેન્દ્રીય મંત્રી જ્યોર્જ કુરિયન બાદમાં આ ચર્ચામાં જોડાયા હતા. સીબીસીઆઈના પ્રમુખ આર્કબિશપ એન્ડ્રુઝે આ બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ દરમિયાન સીબીસીઆઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે



**CBCI એ ભારતમાં કેથલિકોની સર્વોચ્ચ સંસ્થા છે, તેણે ૩ ડિસેમ્બરે દિલ્હીમાં તમામ ખ્રિસ્તી સાંસદોની બેઠક બોલાવી હતી, તેમાં લગભગ ૨૦ સાંસદોએ હાજરી આપી હતી, જેમાંથી મોટાભાગના વિરોધ પક્ષોના હતા**

આ બેઠક અનૌપચારિક ક્રિસમસ બેઠક હતી. ૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ યોજાયેલી આ બેઠકમાં વિવિધ રાજકીય પક્ષો અને CBCIના ખ્રિસ્તી સાંસદો વચ્ચે અનૌપચારિક ચર્ચા માટે બોલાવવામાં આવી હતી. જેમાં સહાનુભૂતિ અને ઉત્સવની ઉલ્લાસની ભાવનાને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. CBCI ભારપૂર્વક જણાવે છે કે આ મીટિંગ કોઈ ઔપચારિક કોન્ફરન્સ અથવા રાજકીય રીતે પ્રેરિત ઈવેન્ટ ન હતી, પરંતુ ખ્રિસ્તી સાંસદો સાથે નાતાલની સાચી ભાવનાની ઉજવણી કરવાની તક હતી. જો કે ચર્ચામાં હાજર રહેલા એક સાંસદે પ્રશ્ન કર્યો હતો કે જો તે ઔપચારિક બેઠક ન હતી તો એજન્ડા શા માટે જાહેર કરવામાં આવ્યો હતો. આ મીટિંગના એજન્ડામાં ખ્રિસ્તી સાંસદોની સમુદાય અને તેના અધિકારોનું સમર્થન અને રક્ષણ કરવામાં ભૂમિકા, લઘુમતીઓ, અને ખાસ કરીને ખ્રિસ્તીઓ સામે વધતા હુમલાઓ અને ધમકીઓ અને ખ્રિસ્તી સંસ્થાઓને લક્ષ્ય બનાવવા માટે વિદેશી યોગદાન (રેગ્યુલેશન) એક્ટ (FCRA)નો દુરૂપયોગ સામેલ છે. સ્ત્રોતે જણાવ્યું હતું કે એક વરિષ્ઠ વિપક્ષી સાંસદે સૂચવ્યું હતું કે સમુદાયના નેતૃત્વએ સકારાત્મક મુદ્દાઓ, આજે સમુદાય દ્વારા ભજવવામાં આવતી મહત્ત્વપૂર્ણ ભૂમિકા પણ પ્રકાશિત કરવી જોઈએ અને નકારાત્મક સમાચાર પર પ્રતિક્રિયા આપવી જોઈએ નહીં. સરકાર અને લોકોને જણાવવા માટે એક સૂચન કરવામાં આવ્યું હતું કે ખ્રિસ્તી શૈક્ષણિક સંસ્થાઓમાં ચારમાંથી ત્રણ વિદ્યાર્થીઓ અન્ય સમુદાયોના હોય છે. બેઠકમાં હાજર રહેલા અન્ય એક સાંસદે પુષ્ટિ કરી હતી કે બહુવિધ વિપક્ષી સાંસદોએ વક્ફ (સુધારા) બિલની કેટલીક જોગવાઈઓ સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. આ બિલ, અન્ય બાબતોની સાથે, બિન-મુસ્લિમ સભ્યોને સમાવવા માટે સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલ અને વક્ફ બોર્ડની રચનામાં ફેરફાર કરવા માંગે છે. કેરળના અન્ય એક સાંસદે જણાવ્યું હતું કે લોકસભા અને ૧૦ રાજ્યોની એસેમ્બલીમાં એંગ્લો ઈન્ડિયન્સ માટેની બેઠકોનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો અને તાજેતરના વર્ષોમાં કેટલાક ખ્રિસ્તી સંગઠનોના એફસીઆરએ લાઈસન્સ રદ કરવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. આ બેઠક સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી. ભારતીય જનતા પાર્ટી (BJP)ના નેતા કુરિયન મીટિંગમાં જોડાયા હતા. ભાજપના બે ખ્રિસ્તી સાંસદો ગેરહાજર રહ્યા હતા. બે સાંસદોએ થ્રિસુર મતવિસ્તારમાં લોકસભા ચૂંટણીના પરિણામોનો મુદ્દો ઉઠાવ્યો હતો, જ્યાં ભાજપના સુરેશ ગોપી વિજયી થયા હતા.

## દુબઈથી પરત આવેલો વર ઈન્સ્ટાગ્રામ દુલ્હન દ્વારા છેતરાયો, મોગામાં જાનૈયાઓ સાથે રાહ જોતો રહ્યો

દુબઈથી પરત ફરેલા એક વરરાજા અને તેના ૧૫૦ લગ્ન મહેમાનોનું જૂથ જ્યારે પંજાબના મોગા પહોંચ્યા ત્યારે તેમને ખબર પડી કે કન્યા ગુમ છે અને એવું કોઈ લગ્ન સ્થળ પણ નથી. પોલીસે જણાવ્યું હતું કે, દીપક કુમાર (૨૪), જે મનપ્રીત કૌર સાથે લગ્ન કરવા એક મહિના પહેલા દુબઈથી જલંધર પાછો ફર્યો હતો, જેની સાથે તે ત્રણ વર્ષથી ઈન્સ્ટાગ્રામ પર વાત કરતો હતો, પરંતુ તે ક્યારેય મળ્યો ન હતો. ઘટના બાદ વરરાજાએ દુલ્હન વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. દીપકે કહ્યું કે, તે તેના પરિવાર સાથે જલંધરના મંડિયાલી ગામથી મોગા સુધી તેના લગ્ન સ્થળ પર ગયો હતો, જેમ કે કન્યા દ્વારા વાતચીત કરવામાં આવી હતી. મોગા પહોંચ્યા પછી, દુલ્હનના પરિવારે કહ્યું કે, કેટલાક લોકો તેને અને તેના પરિવારને લગ્ન સ્થળે લઈ જશે. જો કે, સાંજે ૫ વાગ્યા સુધી રાહ જોયા પછી પણ કોઈ આવ્યું ન હતું.

## ટ્રિપલ સુસાઈડ : લખીમપુર ખીરીમાં ઉશ્કેરણીનાં આરોપમાં કોન્સ્ટેબલ સહિત ચારની ધરપકડ

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, મિલકતના વિવાદમાં સંબંધીઓ દ્વારા કથિત સતામણી બાદ ૨૪ કલાકની અંદર એક વ્યક્તિ અને તેના બે પુત્રોએ પોતાનો જીવ લીધો હતો, પોલીસે શનિવારના રોજ આત્મહત્યા માટે પ્રેરિત કરવાના આરોપમાં એક મહિલા કોન્સ્ટેબલ સહિત ચાર લોકોની ધરપકડ કરી હતી. જિલ્લા પોલીસ વડાએ બાબુપુર ગ્રાન્ટ નંબર ૧૧ ગામમાં પોલીસ ચોકીના ઈન્ચાર્જને પણ હટાવી દીધા છે. ગુરૂવારે ૬૩ વર્ષીય પિતા રામ નરેશે તેમના સંબંધીઓ સાથે મિલકતના વિવાદને કારણે કથિત ઉત્પીડનના કારણે જીવનનો અંત આણ્યો હતો. તેમના પુત્રો સુધીર (૩૦) અને મુકેશ (૩૫), તેમના મૃત્યુથી આઘાતજનક હતા.

## 'કાર ઝડપી ગતિએ હંકારી' : હેગ ખાતેના એપાર્ટમેન્ટમાં વિસ્ફોટ

હેગમાં ત્રણ માળના એપાર્ટમેન્ટ આગ અને વિસ્ફોટ પછી શનિવારે આંશિક રીતે તૂટી પડ્યો હતો, અગ્નિશામકોએ જણાવ્યું હતું કે, પ્રતિસાદકર્તાઓ કાટમાળ હેઠળ લોકોની શોધ કરી રહ્યા હતા. ચાર લોકોને પહેલેથી જ કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા છે અને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે, કારણ કે, દુર્ઘટનામાં ફસાયેલા અન્ય લોકોને બચાવવા માટે સ્નિફર ડોગ્સ સાથેની ચુનંદા ટીમો તેનાત કરવામાં આવી છે. તે જાણી શકાયું નથી કે કેટલા લોકો હજુ પણ ગુમ છે અને શહેરની મધ્યથી દૂર આવેલા એપાર્ટમેન્ટમાં વિસ્ફોટનું કારણ શું છે. સ્થળ પરના એક પોલીસ અધિકારીએ AFPને જણાવ્યું, અમે હજુ પણ જાણતા નથી કે કેટલા લોકો કાટમાળ નીચે હોઈ શકે છે. ઘટનાસ્થળ પર એક AFP પત્રકારે ડઝનેક ફાયર ટ્રકો જોયા, અગ્નિશામકો જમીન પરથી અને ઉચ્ચ સ્થાનોથી આગ બુઝાવી રહ્યા હતા. AFPના પત્રકારે જણાવ્યું હતું કે, કાટમાળ શેરીમાં ફેલાયેલો હતો અને ઘણી બારીઓ તૂટી ગઈ હતી.

## મધ્યપ્રદેશની શાળાના પ્રિન્સિપાલનું મૃત્યુ : આરોપી વિદ્યાર્થીને કોઈ 'પછતાવો' નથી, 'માનસિક' હોવાનું જણાય છે

તપાસ સાથે જોડાયેલા એક અધિકારીએ શનિવારે દાવો કર્યો હતો, મધ્યપ્રદેશના છતરપુર જિલ્લામાં કથિત રીતે તેની શાળાના આચાર્યની ગોળી મારીને હત્યા કરનાર ૧૨મા ધોરણના વિદ્યાર્થીને કોઈ પછતાવો નથી અને તે માનસિક હોવાનું જણાય છે. પોલીસે જણાવ્યું કે, ૧૭ વર્ષના છોકરાએ શુક્રવારે બપોરે ૧:૩૦ વાગ્યે સંસ્થાના શૌચાલય પાસે ધમોરા સરકારી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ એસ.કે. સક્સેના (૫૫)ને ગોળી મારી દીધી હતી અને ત્યારબાદ તે મૃતકના સ્કૂટર પર એક સહાધ્યાયી સાથે સ્થળ પરથી ભાગી ગયો હતો. સક્સેનાનું તાત્કાલિક મૃત્યુ થયું હતું અને કથિત શૂટરને થોડા કલાકો પછી ઉત્તરપ્રદેશ સાથેની જિલ્લાની સરહદેથી પકડવામાં આવ્યો હતો.

## 'ISI, બોમ્બ બ્લાસ્ટ' : મુંબઈ પોલીસ PM મોદી વિરૂદ્ધ ધમકીભર્યા સંદેશની તપાસ કરી રહી છે

મુંબઈ પોલીસને શનિવારે એક ધમકીભર્યો સંદેશ મળ્યો હતો જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નિશાન બનાવવાનો દાવો કરવામાં આવ્યો હતો. આ સંદેશ રાજસ્થાનના અજમેરમાં નોંધાયેલા નંબર પર જોવા મળ્યો હતો, જેના કારણે શંકાસ્પદ વ્યક્તિને પકડવા માટે પોલીસ ટીમને તાત્કાલિક મોકલવામાં આવી હતી. સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલમાં જણાવાયું છે કે, શનિવારની સવારે ટ્રાફિક પોલીસ હેલ્પલાઈન પર મોકલવામાં આવેલા વ્હોટ્સએપ મેસેજમાં બે ISI એજન્ટો અને પીએમ મોદીને લક્ષ્યમાં રાખીને બોમ્બ વિસ્ફોટ કરવાની યોજનાનો સંદર્ભ આપવામાં આવ્યો હતો. તપાસકર્તાઓ માને છે કે, મોકલનાર માનસિક રીતે અસ્વસ્થ અથવા દારૂના નશામાં હોઈ શકે છે, જો કે, વધુ તપાસ ચાલુ છે. ભારતીય ન્યાય સંહિતાની યોગ્ય કલમો હેઠળ FIR દાખલ કરવામાં આવી છે.

## ટીએમસીના સાંસદ મહુઆ મોઈત્રા પર રોષે ભરાયા પક્ષના ધારાસભ્યો

ટીએમસીના સાંસદ મહુઆ મોઈત્રાની કામગીરી અને વર્તન સામે એમના મત વિસ્તારના પક્ષના ધારાસભ્યોએ રોષભરી પ્રતિક્રિયાઓ આપી છે. પક્ષના ધારાસભ્યોએ એમને નાદિયા ઉત્તર જિલ્લા પ્રમુખપદેથી દૂર કરવાની માગણી કરી છે અને આક્ષેપ કર્યો છે કે તેઓ અસામાજિક તત્વો સાથે ઘરોબો ધરાવે છે.

## યુપીની હોસ્પિટલમાં લિફ્ટ તૂટી પડતાં એક મહિલાનું મોત, બાળકને જન્મ આપ્યા પછી લિફ્ટમાં ઉતરી રહી હતી ત્યારે કરૂણ ઘટના

યુપીના મેરઠમાં કેપિટલ હોસ્પિટલમાં લિફ્ટ તૂટી પડવાથી એક મહિલાનું કરૂણ મૃત્યુ થયું હતું. બાળકને જન્મ આપ્યા પછી કરિશ્મા નામની મહિલાને સ્ટ્રેચરમાં લિફ્ટ મારફત તેના વોર્ડમાં લઈ જવામાં આવતી હતી ત્યારે લિફ્ટ તૂટી પડી હતી. માથામાં ગંભીર ઈજા થવાથી તેનું મૃત્યુ થયું હતું.

## કાશ્મીરના ઉધમપુરમાં સાથીદારની હત્યા કર્યા બાદ પોલીસ કર્મચારીએ આપઘાત કર્યો

જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર વિસ્તારમાં એક પોલીસ કર્મચારીએ એકે-૪૭માંથી ગોળીબાર કરી પોતાના સાથી પોલીસકર્મીની હત્યા કરી નાંખી હતી અને બાદમાં પોતે પણ ગોળીઓ ખાઈને આપઘાત કર્યો હતો. પોલીસ કાફલો સોપોર તરફ જઈ રહ્યો હતો ત્યારે આ ઘટના બની હતી, કારણ બહાર આવ્યું નથી.

## કેનેડામાં ચોકીદાર તરીકે કામ કરતા ૨૦ વર્ષના પંજાબી વિદ્યાર્થીની હત્યા

કેનેડાના એડમન્ટન શહેરમાં ચોકીદાર તરીકે નોકરી કરતા ૨૦ વર્ષીય પંજાબી વિદ્યાર્થીની ગોળીઓ છોડીને હત્યા કરવામાં આવી હતી. પોલીસે હર્ષનદીપસિંહની હત્યા બદલ બેની ધરપકડ કરી હતી.

## હૃદયદ્રાવક ! ઉત્તરાખંડની મહિલાને વિનવણી છતાં એમ્બ્યુલન્સ ન મળતા ખાનગી વાહનના છાપરા પર ભાઈનો મૃતદેહ મૂકી ૨૦૦ કિ.મી. દૂર જવું પડ્યું

ઉત્તરાખંડમાં બનેલી એક કરૂણ ઘટનામાં હલ્દવાની ખાતે પોતાના ભાઈના મૃતદેહને લઈ જવા માટે એમ્બ્યુલન્સ ન મળતા એક મહિલાને ખાનગી વાહન પર છાપરા ઉપર ભાઈનો મૃતદેહ ગોઠવી ૨૦૦ કિ.મી. દૂર આવેલા તેના ગામ સુધી જવાની ફરજ પડી હતી. એમ્બ્યુલન્સના ડ્રાઈવરોએ તેની પાસે રૂા.૧૦થી ૧૨ હજારની માગણી કરી હતી.

## ઈન્ડિયા બ્લોકની નેતાગીરી સંભાળવા અંગે મમતા બેનરજીના વિધાનો વિશે સુપ્રિયા સુલેની પ્રતિક્રિયા; "જો મમતા બેનરજી વિપક્ષી જોડાણમાં વધુ જવાબદારી સંભાળે તો આનંદ થશે"

**શિવસેના ઉદ્ધવ જૂથના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીએ ભાજપને સત્તાથી દૂર રાખવાનું સફળ મોડલ બધાને બતાવ્યું જ છે**



(એજન્સી) મુંબઈ, તા.૮

એનસીપી શરદ પવારના સાંસદ સુપ્રિયા સુલેએ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી વિપક્ષના ઈન્ડિયા બ્લોકના અવિભાજ્ય અંગ સમાન છે અને તેનો અખંડિત ભાગ છે. ઈન્ડિયા બ્લોકની નેતાગીરી સંભાળવા અંગે મમતાએ આપેલા સંકેતો વિશે પ્રતિક્રિયા આપતા સુપ્રિયાએ જણાવ્યું હતું કે જો ટીએમસીના વડા વિપક્ષના જોડાણમાં વધુ જવાબદારી સંભાળે તો અમને આનંદ થશે.

સુપ્રિયાએ જણાવ્યું હતું કે મમતા બેનરજી ઈન્ડિયા બ્લોકનું અવિભાજ્ય અંગ છે, તેઓ સંપૂર્ણપણે વિપક્ષના જોડાણનો હિસ્સો છે અને ધબકતી લોકશાહીમાં વિરોધ પક્ષોએ મોટી ભૂમિકા અને જવાબદારી નિભાવવાની રહે છે. એટલે જો તેઓ વધુ જવાબદારી લેવા માંગતા હોય તો એ આનંદની વાત છે. શિવસેના ઉદ્ધવના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ પણ જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં ભાજપને સત્તાથી દૂર રાખવાનું સફળ મોડલ મમતા બેનરજી બધાને બતાવી ચૂક્યા છે. મમતાએ એમનું નિવેદન આપી દીધું છે. બંગાળમાં એમણે ભાજપને સત્તાથી દૂર રાખતું મોડેલ સફળ કરી બતાવ્યું છે અને કલ્યાણકારી યોજનાઓ પણ અમલમાં મૂકી છે. એમનો ચૂંટણી અનુભવ અને એમના લડાયક ખમીરને કારણે જ એમણે નેતાગીરીમાં રસ બતાવ્યો છે. હવે જ્યારે પણ ઈન્ડિયા બ્લોકની બેઠક મળશે ત્યારે સિનિયર નેતાઓ સાથે મળીને આ અંગે નિર્ણય લેશે. મમતા બેનરજીના નેતૃત્વ અંગે ચર્ચા ચાલી રહી હતી એ દરમિયાન ટીએમસીના સાંસદ કીર્તિ આઝાદે જણાવ્યું હતું કે મમતા બેનરજી સૌને સાથે રાખીને આગળ ચાલે છે. એમની કામગીરીનો ૧૦૦ ટકા રેકોર્ડ છે અને જ્યારે પણ નરેન્દ્ર મોદીએ નામોશીભરી હાર મેળવી છે તો તેમણે પછી બંગાળમાં જ એ હાર મેળવી છે. જ્યારે જ્યારે મોદી બંગાળ અને તેના સન્માન અને ગરિમાનું અપમાન કરવા આવે છે ત્યારે ત્યારે મમતા બેનરજીના મતોની ટકાવારી વધી જાય છે.

કીર્તિ આઝાદે આગળ જણાવ્યું હતું કે મમતા બેનરજી એમના નક્કર અને સ્પષ્ટ વિચારો માટે પણ જાણીતા છે. તેઓ ખૂબ જ સિનિયર નેતા છે અને સ્પષ્ટ વક્તા છે. અત્યારે દેશભરમાં ઘરે ઘરે એમનું નામ જાણીતું થઈ ગયું છે.

ગયા મહિને મમતાની પાર્ટીના જ સાંસદ કલ્યાણ બેનરજીએ એવું સૂચન કર્યું હતું કે ઈન્ડિયા બ્લોકને મમતા જેવા શક્તિશાળી નેતાની જરૂર છે અને એમને નેતૃત્વ સોંપવું જોઈએ એવું તેમણે સૂચન કર્યું હતું. ત્યાર પછી મમતાએ પણ નેતાગીરી મળે તો સંભાળવાનો સંકેત આપ્યો હતો ત્યારથી આ ચર્ચા ચાલુ થઈ ગઈ છે અને એકમાત્ર કોંગ્રેસે વિરોધ કર્યો છે.

## વારાણસી કોલેજમાં મસ્જિદ અંગેનો વિવાદ અફવાઓ ફેલાવવા બદલ પાંચની ધરપકડ

**કોલેજની અંદર બહારના લોકોએ આવીને મસ્જિદમાં નમાઝ પઢી હોવાથી વિદ્યાર્થીઓ તેનો વિરોધ કરી રહ્યા હતા ત્યારે ભારે તણાવ ઊભો થયો હતો, દેખાવકારોએ કોલેજ કેમ્પસમાં બિનઅધિકૃત લોકોના પ્રવેશથી ચિંતા વ્યક્ત કરી હતી**

(એજન્સી) વારાણસી, તા.૮

વારાણસીની કોલેજમાં આવેલી મસ્જિદમાં બહારના લોકોએ આવીને નમાઝ પઢી હોવાથી ઉદય પ્રતાપ કોલેજમાં વિદ્યાર્થીઓએ ભારે વિરોધ શરૂ કર્યો હતો જેના પગલે તણાવ થયો હતો. દરમિયાન અફવાઓ ફેલાવવા બદલ શનિવારે પાંચ લોકોની પોલીસે ધરપકડ કરી હતી. આસિસ્ટન્ટ પોલીસ કમિશનર વી. સકસેનાએ જણાવ્યું હતું કે બે કોમ વચ્ચે અજંપો અને કુસંપ ઊભા થાય એવી રીતે અફવા ફેલાવવા બદલ અમે મુખ્તાર અહેમદ અને અન્ય ચારની ધરપકડ કરી હતી અને કેસ પણ દાખલ કરવામાં આવ્યો છે. શનિવારે કોલેજના વિદ્યાર્થીઓએ ભેગા મળીને હનુમાન ચાલીસાનું પઠન કરીને વિરોધ દેખાવો કર્યા હતા અને મસ્જિદ પાસે જ ભેગા થઈને સૂત્રો પોકાર્યા હતા જે દરમિયાન સાત વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી હતી. દરમિયાન કોલેજમાં એક સ્ટુડન્ટ કોર્ટની રચના કરવામાં આવી છે અને મસ્જિદની સ્થિતિ તથા તેની માલિકી અંગે ૧૫ દિવસમાં નક્કી કરીને જવાબ આપવા માટે ૧૧ મુદ્દાનો એક પત્ર ઉત્તરપ્રદેશ વકફ બોર્ડને મોકલવામાં આવ્યો છે. અગાઉ ઉત્તરપ્રદેશ સેન્ટ્રલ વકફ બોર્ડ દ્વારા ચોખવટ કરવામાં આવી છે કે મસ્જિદનો બોર્ડની મિલકત તરીકે દાવો કરતી નોટિસ કાઢી નાખવામાં આવી છે એટલે અત્યારે વિવાદનો કોઈ મુદ્દો રહેતો નથી. જોકે વિદ્યાર્થીઓએ બહારના લોકોએ આવીને મસ્જિદમાં નમાઝ પઢી તેની સામે વિરોધ કર્યો હતો અને કોલેજના કેમ્પસમાં બિનઅધિકૃત લોકોના પ્રવેશ અંગે ચિંતા વ્યક્ત કરી હતી જેના કારણે સેકડો વિદ્યાર્થીઓએ એકત્ર થઈને જય શ્રી રામના સૂત્રો પોકાર્યા હતા અને ભગવા ધ્વજ લહેરાવ્યા હતા ત્યારે પણ પોલીસે કેટલાક લોકોની અટકાયત કરી હતી એ લોકોએ કોલેજ કેમ્પસમાં ઘૂસવાની કોશિશ કરી હતી પણ પોલીસે એમને અટકાવી દીધા હતા.

## ઉત્તરપ્રદેશ : ટ્રેનમાં ટોળાએ માર મારીને મુસ્લિમ વ્યક્તિની હત્યા કરી

(એજન્સી) તા.૮

જમ્મુથી વારાણસી આવી રહેલી બેગમપુરા એક્સપ્રેસમાં બેસવા બાબતે થયેલા વિવાદમાં એક યુવકનું મોત થયું હતું જ્યારે તેનો ભાઈ ગંભીર રીતે ઘાયલ થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર જમ્મુથી વારાણસી આવી રહેલી બેગમપુરા એક્સપ્રેસ જ્યારે જુમેરા પર લખનૌના નિહાલગઢ પહોંચી ત્યારે બે મુસાફરો વચ્ચે સીટ પર બેસવાને લઈને ઝઘડો થયો હતો. બંને વચ્ચેની દલીલ ટૂંક સમયમાં જ વિવાદમાં ફેરવાઈ ગઈ અને મામલો એ હદે વધી ગયો કે એક વ્યક્તિએ બીજા મુસાફર પર છરી વડે હુમલો કરી દીધો. આ હુમલામાં તૌહીદ (૨૪) નામના યુવકનું મોત થયું હતું, જ્યારે તેનો ભાઈ ઘાયલ થયો હતો. મૃતક તૌહીદ અંબાલાથી તેના ઘરે આવી રહ્યો હતો, જ્યારે તેનો ભાઈ તેની મદદ કરવા ઘરેથી સ્ટેશન પહોંચ્યો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, સુલતાનપુરના એક મુસાફરનો લખનૌ પછી સીટ પર બેસવાને લઈને તૌહીદ સાથે ઝઘડો થયો હતો, ત્યારબાદ આરોપીઓએ તેના કેટલાક સહયોગીઓ સાથે મળીને તૌહીદ પર ચાકુ અને લોખંડના સળિયાથી હુમલો કર્યો હતો, જેના કારણે તેને ઈજા થઈ હતી મૃત્યુ પામ્યા. પોલીસના જણાવ્યા અનુસાર જ્યારે તેની ટ્રેનમાં ઝઘડો થયો ત્યારે તેણે ફોન કરીને તેના પરિવારને જાણ કરી, ત્યારબાદ તેના બે ભાઈઓ નિહાલગઢ રેલવે સ્ટેશન પર તેની મદદ કરવા આવ્યા. પરંતુ ટ્રેનમાં તૌહીદ સાથે બોલાચાલી થતાં યુવકે તેના ભાઈ તાલિબ અને તૌસીફ પર પણ હુમલો કર્યો હતો, જેમાં બંને ગંભીર રીતે ઘાયલ થયા હતા. અધિકારીના જણાવ્યા અનુસાર હુમલામાં ઘાયલ થયેલા તાલિબને જગદીશપુરના સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાંથી પ્રાથમિક સારવાર બાદ લખનૌ ટ્રોમા સેન્ટર મોકલવામાં આવ્યો હતો, જ્યારે તેના બીજા ભાઈ તૌસીફની સારવાર આરોગ્ય કેન્દ્રમાં થઈ રહી છે. ભાલે સુલતાન શહીદ સ્મારક પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર તનુજ પાલે જણાવ્યું કે, અકસ્માત બાદ તૌહીદના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે અને આ મામલે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમણે જણાવ્યું કે, આરોપી યુવકની ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી) દ્વારા સુલતાનપુર રેલવે સ્ટેશનથી ધરપકડ કરવામાં આવી હતી. જાણવા મળી રહ્યું છે કે, આ રૂટ પર મુસાફરો વચ્ચે બેસવા બાબતે અવારનવાર તકરાર થતી હોય છે. લાંબા રૂટના મુસાફરો દ્વારા લોકલ મુસાફરોને હેરાનગતિ થાય છે. તેઓ લોકલના સ્લીપર અને આવા કોચમાં બળજબરીથી ઘૂસી જાય છે અને મુસાફરો સાથે મારપીટ અને દુર્વ્યવહાર કરે છે. તેમ છતાં રેલવેએ આ તરફ કોઈ ધ્યાન આપ્યું નથી. ચાલતી ટ્રેનમાં એક મુસાફર પર હુમલો કરીને તેની હત્યા કરવામાં આવી હતી. સ્ટેશન પર તેની મદદ કરવા આવેલા તેના ભાઈઓને પણ માર મારવામાં આવ્યો, પરંતુ આ દરમિયાન કોઈ રેલવે સુરક્ષાકર્મી ત્યાં ન પહોંચ્યો, કે અન્ય કોઈ મુસાફરોએ દરમિયાનગીરી કરી નહીં. એટલે કે લોકો મોતનો તમાશો જોતા જ રહ્યા. આ સમગ્ર મામલે રેલવે પ્રશાસનની બેદરકારી દેખાઈ રહી છે. આ સ્પષ્ટપણે ટ્રેનની અંદર મોબ લિંચિંગનો મામલો હોવાનું જણાય છે.

## ૧૦૦ ટકા FDIની દરખાસ્ત કરતું વીમા સુધારા બિલ શિયાળુ સત્રમાં નહીં પણ બજેટ સત્રમાં રજૂ થવાની શક્યતા

**તાજેતરના ઓફિસ મેમોરેન્ડમ મુજબ નાગરિકોને વીમાની સુલભતાની ખાતરી કરવા, વીમા ઉદ્યોગના વિસ્તરણ અને વિકાસને પ્રોત્સાહન આપવા માટે વીમા કાયદાની કેટલીક જોગવાઈઓમાં સુધારો કરવાની દરખાસ્ત છે, સમયની અછતને જોતા ચાલુ સત્રમાં બિલ રજૂ કરવું મુશ્કેલ છે, જો કે, તે બજેટ સત્રમાં રજૂ કરવામાં આવી શકે છે**

(એજન્સી) તા.૮

સંસદના ચાલુ શિયાળુ સત્રમાં વીમા ક્ષેત્રમાં ૧૦૦ ટકા FDIની દરખાસ્ત કરતું વીમા સંશોધન બિલ કદાચ રજૂ કરવામાં નહીં આવે. સમાચાર એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર સ્ટેકહોલ્ડર્સની ટિપ્પણીઓ પ્રાપ્ત કર્યા પછી ડ્રાફ્ટ બિલમાં કેટલાક ફાઈનટ્યુનિંગની જરૂર પડી શકે છે. સમયની અછતને જોતા ચાલુ શિયાળુ સત્રમાં બિલ રજૂ કરવું મુશ્કેલ છે, જો કે, તે બજેટ સત્રમાં રજૂ કરવામાં આવી શકે છે. નાણા મંત્રાલયે ૧૯૩૮ના વીમા અધિનિયમની વિવિધ જોગવાઈઓમાં સુધારો કરવાની દરખાસ્ત કરી છે, જેમાં વીમા ક્ષેત્રમાં વિદેશી પ્રત્યક્ષ રોકાણ (FDI)ને ૧૦૦ ટકા સુધી વધારવા, ચૂકવેલ મૂડીમાં ઘટાડો અને સંયુક્ત લાયસન્સ માટેની જોગવાઈનો સમાવેશ થાય છે. ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈનાન્શિયલ સર્વિસિસ (DFS)એ ૧૦ ડિસેમ્બર સુધીમાં સૂચિત સુધારાઓ પર જાહેર ટિપ્પણીઓ માંગી છે. દરખાસ્ત મુજબ ભારતીય વીમા કંપનીઓમાં FDI મર્યાદા ૭૪ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરવામાં આવશે. નાણા મંત્રાલયે ડિસેમ્બર ૨૦૨૨માં ઈન્સ્યોરન્સ એક્ટ ૧૯૩૮ અને ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી ડેવલપમેન્ટ એક્ટ ૧૯૯૯માં પ્રસ્તાવિત સુધારાઓ પર ટિપ્પણીઓ માંગી હતી. તાજેતરના ઓફિસ મેમોરેન્ડમ મુજબ નાગરિકો માટે વીમાની સુલભતા અને પોષણક્ષમતા સુનિશ્ચિત કરવા, વીમા ઉદ્યોગના વિસ્તરણ અને વિકાસને પ્રોત્સાહન આપવા અને વ્યવસાય પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવા માટે વીમા કાયદાની કેટલીક જોગવાઈઓમાં સુધારો કરવાની દરખાસ્ત છે. આ સંદર્ભમાં ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI) અને ઉદ્યોગ સાથે પરામર્શ કરીને આ ક્ષેત્રને સંચાલિત કરતા કાયદાકીય માળખાની વ્યાપક સમીક્ષા કરવામાં આવી છે. સૂચિત સુધારાઓ મુખ્યત્વે પોલિસીધારકોના હિતોને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમની નાણાકીય સુરક્ષા અને વીમા બજારમાં વધુ કંપનીઓ માટે પ્રવેશની સુવિધા આર્થિક વૃદ્ધિ અને રોજગાર નિર્માણ તરફ દોરી જાય છે. આ પ્રકારના ફેરફારો વીમા ઉદ્યોગની કાર્યક્ષમતા વધારવામાં મદદ કરશે, વ્યાપાર કરવાની સરળતા વધારશે અને '૨૦૪૭ સુધીમાં બધા માટે વીમો'ના લક્ષ્યને હાંસલ કરવા માટે વીમાની માંગ વધારશે. આ દરખાસ્તમાં ભારતીય વીમા કંપનીઓમાં FDI મર્યાદા ૭૪ ટકાથી વધારીને ૧૦૦ ટકા કરવાનો અને વીમા કંપનીને વીમા વ્યવસાયના એક અથવા વધુ વર્ગો અને વીમા સંબંધિત/આકસ્મિક પ્રવૃત્તિઓને ચાલુ રાખવા માટે સક્ષમ બનાવવાનો સમાવેશ થાય છે. વિદેશી પુનઃ વીમા કંપનીઓ માટે ચોખ્ખી માલિકીના ભંડોળની જરૂરિયાત રૂા.૫૦૦૦ કરોડથી ઘટાડીને રૂા.૧૦૦૦ કરોડ કરવાની દરખાસ્ત છે. ૧૯૩૮નો વીમા કાયદો, ભારતમાં વીમા માટે કાયદાકીય માળખું પૂરૂં પાડવા માટે મુખ્ય અધિનિયમ તરીકે કામ કરે છે. તે વીમા વ્યવસાયોની કામગીરી માટે માળખું પૂરૂં પાડે છે અને વીમા કંપની, તેના પોલિસીધારકો, શેરધારકો અને નિયમનકાર IRDAI વચ્ચેના સંબંધોનું નિયમન કરે છે. હાલમાં ભારતમાં ૨૫ જીવન વીમા કંપનીઓ અને ૩૪ બિન-જીવન અથવા સામાન્ય વીમા કંપનીઓ છે. તેમાં એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ કંપની ઓફ ઈન્ડિયા લિમિટેડ અને ઈસીજીસી લિમિટેડ જેવી કંપનીઓનો સમાવેશ થાય છે.

## ૧૦૧ ખેડૂતોને દિલ્હી તરફ કૂચ કરતાં અટકાવવા માટે બેરિકેડ્સ, ટીયર ગેસનો ઉપયોગ : ૧૦ પોઈન્ટ

**ટીયર ગેસ શેલને લીધે ૯ ખેડૂતો ઘાયલ થયા બાદ ખેડૂતોએ આજે 'દિલ્લી ચલો' માર્ચ સ્થગિત કરી : ખેડૂતોને હરિયાણા પોલીસે શંભુ બોર્ડરથી થોડાક જ મીટર દૂર અટકાવ્યા હતા જેના પરિણામે અથડામણ થઈ હતી, પોલીસે દેખાવકારોને વિખેરવા માટે ટીયર ગેસના સેલનો ઉપયોગ કર્યો હતો, હરિયાણા પોલીસ દ્વારા ખેડૂતોને બેરિકેડિંગ પર રોકવામાં આવ્યા હતા, હરિયાણા પોલીસે ખેડૂતોને પગપાળા કૂચ કરવા માટે જરૂરી પરવાનગી બતાવવા કહ્યું હતું**

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

૧૦૧ ખેડૂતોના જૂથે રવિવારે પંજાબ-હરિયાણા સરહદ પર શંભુ વિરોધ સ્થળથી રાષ્ટ્રીય રાજધાની તરફ પગપાળા કૂચ ફરી શરૂ કરી હતી. પંજાબ-હરિયાણા સરહદે આંસુ ગેસના શેલને કારણે કેટલાકને ઈજાઓ થતાં દિલ્હી ચલો કૂચને સ્થગિત કરવામાં આવી હતી.

**આ ઘટનાના ટોચના ૧૦ પોઈન્ટ્સ :**

૧. ૧૦૧ ખેડૂતોના જૂથે દિલ્હી તરફ તેમની કૂચ ફરી શરૂ કરી છે, જેમાં ઘણાએ માસ્ક અને ગોગલ્સ જેવા રક્ષણાત્મક ગિયર પહેર્યા છે જે પોતાને ટીયર ગેસના શેલિંગથી બચાવવા માટે છે.

૨. વિરોધનું નેતૃત્વ ખેડૂત સંગઠનો સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મઝદૂર મોરચા દ્વારા કરવામાં આવી રહ્યું છે.

૩. પોલીસે કેટલાક વિરોધકર્તાઓની ઓળખ અંગે ચિંતા વ્યક્ત કરી છે. પોલીસે કહ્યું છે કે, તેઓને તેમની ઓળખપત્રોની ચકાસણી કર્યા પછી જ આગળ વધવાની મંજૂરી આપવામાં આવશે. જવાબમાં વિરોધ કરી રહેલા ખેડૂતોમાંથી એકે દાવો કર્યો કે, પોલીસ પાસે નામોની ખોટી યાદી છે.

૪. પંજાબના એક નેતા સર્વન સિંહે આ કૂચ ચાલુ રાખવાની પુષ્ટિ કરી અને પુનરોચ્ચાર કર્યો કે સરકારે વાતચીત માટે તેમનો સંપર્ક કર્યો નથી.

૫. પંજાબ અને હરિયાણા વચ્ચે આવેલી શંભુ બોર્ડર પર ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. વાહનો પસાર ન થાય તે માટે રસ્તાઓ પર બેરિકેટ્સ ઊભા કરવામાં આવ્યા છે.

૬. ખેડૂતો લઘુત્તમ ટેકાના ભાવ (MSP), દેવા માફી, ખેડૂતો માટે પેન્શન યોજનાઓ અને વીજળીના દરમાં વધારા પર રોક સહિતની વિવિધ માગણીઓ પર વિરોધ કરી રહ્યા છે. તેઓ ખેડૂતો સામેના પોલીસ કેસ પાછા ખેંચવા અને ૨૦૨૧ લખીમપુર ખીરી હિંસાનો ભોગ બનેલાઓને ન્યાય આપવાની પણ હાકલ કરી રહ્યા છે. બીજી મુખ્ય માંગ ૨૦૧૩ના જમીન સંપાદન અધિનિયમને પુનઃ સ્થાપિત કરવાની છે.

૭. હરિયાણા પોલીસે જણાવ્યું હતું કે, વિરોધ કરી રહેલા ખેડૂતોએ હંગામો મચાવ્યો હતો અને સરહદની હરિયાણા બાજુએ સ્થાપિત પોલીસ બેરિકેડ્સને તોડી પાડવા માટે પ્રયાસો પણ કર્યા હતા.

૮. વિરોધ કરી રહેલા ખેડૂતોએ અગાઉ ૧૩ ફેબ્રુઆરી અને ૨૧ ફેબ્રુઆરીએ દિલ્હી તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સરહદ પર તૈનાત સુરક્ષા દળો દ્વારા તેમને અટકાવવામાં આવ્યા હતા.

૯. ખેડૂતોની કૂચના થોડા સમય પહેલાં હરિયાણા સરકારે શુક્રવારે અંબાલા જિલ્લાના ૧૧ ગામોમાં મોબાઈલ ઈન્ટરનેટ અને બલ્ક એસએમએસ સેવા ૯ ડિસેમ્બર સુધી સ્થગિત કરી દીધી હતી.

૧૦. નોઈડા સરહદ પર પણ કડક તકેદારી રાખવામાં આવી રહી છે કારણ કે, ઉત્તરપ્રદેશના ખેડૂતોનું બીજું જૂથ ત્યાં વિરોધ કરી રહ્યું છે. નેતાઓએ દાવો કર્યો હતો કે, અથડામણ દરમિયાન લગભગ નવ ખેડૂતો ઘાયલ થયા હતા, જેના પગલે તેઓએ રવિવારે તેમની કૂચ સ્થગિત કરી હતી. આગળની કાર્યવાહી નક્કી કરવા માટે આગેવાનો આંતરિક બેઠક યોજશે. આ આંદોલન આજે પણ ચાલુ રહેશે. ૮-૯ ખેડૂતો ઘાયલ છે અને એકની હાલત ગંભીર છે અને બેઠક બાદ અમે ભાવિ કાર્યક્રમ વિશે જણાવીશું. નેતા સર્વનસિંહ પંઢેરે કહ્યું કે, હરિયાણા પોલીસે તેમની કૂચને તેમની મુસાફરીના થોડાક મીટર દૂર અટકાવી દીધી હતી, પરિણામે અથડામણ થઈ હતી. પોલીસે દેખાવકારોને વિખેરવા માટે ટીયર ગેસના સેલ છોડીને જવાબ આપ્યો હતો. હરિયાણા પોલીસે ખેડૂતોને તેમના વિરોધ સાથે આગળ વધવા માટે જરૂરી પરવાનગી આપવા જણાવ્યું હતું. જેના કારણે શંભુ ખાતે ખેડૂતો અને આંદોલનકારીઓ સાથે બોલાચાલી થઈ હતી. તેમણે કહ્યું કે, પોલીસ ઓળખ પત્રો માંગી રહી છે, પરંતુ તેમણે બાંહેધરી આપવી જોઈએ કે તેઓ અમને દિલ્હી જવા દેશે. તેઓ કહે છે કે, દિલ્હી જવાની પરવાનગી નથી. તો પછી અમારે ઓળખપત્ર શા માટે આપવું જોઈએ ? પોલીસે દાવો કર્યો હતો કે, ખેડૂતો ૧૦૧ ખેડૂતોના આયોજિત જૂથ તરીકે નહીં પણ ટોળા તરીકે આગળ વધી રહ્યા હતા. તેઓએ જણાવ્યું હતું કે, ખેડૂતોને ઓળખ ચકાસણી પછી જ આગળ વધવાની મંજૂરી આપવામાં આવશે. જો કે, ખેડૂતોએ આ વાતને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે, તેઓએ પોલીસને કોઈ યાદી આપી નથી. દિલ્હી તરફ કૂચ કરવાના ખેડૂતોના પ્રયાસને ધ્યાનમાં રાખીને પંજાબ-હરિયાણા સરહદ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે, તેમને રોકવા માટે બેરિકેડ ગોઠવવામાં આવ્યા છે. પંજાબ અને હરિયાણા વચ્ચેની ખાનૌરી સરહદને ચુસ્ત ચાર સ્તરીય સુરક્ષા હેઠળ સીલ કરવામાં આવી છે, જેમાં ૧૩ ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. ખેડૂત નેતા સર્વનસિંહ પંઢેરે જણાવ્યું હતું કે, લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) માટે કાયદાકીય ગેરંટી સહિત તેમની ચિંતાઓ અને માગણીઓ અંગે કેન્દ્ર તરફથી વાતચીત માટે કોઈ સંદેશ પ્રાપ્ત થયો નથી. કેન્દ્રએ ખેડૂતો અને મજૂરો સાથે વાત ન કરવાનું નક્કી કર્યું છે. તેઓ અમને રોકવા માટે બળનો ઉપયોગ કરી રહ્યા છે. અમે ગઈકાલની જેમ શાંતિથી અને શિસ્તબદ્ધ રીતે દિલ્હી જઈશું. તેમણે કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણ પર સંસદને ગેરમાર્ગે દોરવાનો પણ આરોપ લગાવતા કહ્યું કે, કૃષિ પ્રધાન સંસદને ગેરમાર્ગે દોરે છે. અમે MSP પર કાયદાકીય ગેરંટી માંગીએ છીએ, પરંતુ મંત્રી મૌન છે. પંઢેરે કહ્યું કે, ખેડૂતો પંજાબમાં ભાજપના નેતાઓના પ્રવેશનો વિરોધ કરશે. કિસાન મજદૂર મોરચા અને સંયુક્ત કિસાન મોરચા (બિનરાજકીય)નો વિરોધ ૩૦૦માં દિવસમાં પ્રવેશી ગયો છે. પરંતુ કેન્દ્ર સરકાર હજુ પણ અડગ છે.

## ભારતમાં ૬૬ ટકા વ્યવસાયો સરકારી સેવાઓ મેળવવા માટે લાંચ ચૂકવે છે : અહેવાલમાં દાવો

(એજન્સી) તા.૮

લોકલ સર્કલ દ્વારા સર્વેક્ષણ કરવામાં આવતા તેમાં વ્યવસાયોએ દાવો કર્યો હતો કે, તેઓએ સપ્લાયર તરીકે પાત્ર બનવા, ક્વોટેશન અને ઓર્ડર મેળવવા અને ચૂકવણી મેળવવા માટે લાંચ આપી હતી. ઓનલાઈન પ્લેટફોર્મ લોકલ સર્કલ્સના સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, ભારતના ૧૫૯ જિલ્લાઓમાં સર્વેક્ષણ કરાયેલા લગભગ ૬૬ ટકા વ્યવસાયોએ સરકારી સેવાઓ મેળવવા માટે લાંચ આપવાનું સ્વીકાર્યું છે. રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે, CCTV કેમેરાને ડિજિટાઈઝ કરવાથી સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારને અટકાવવામાં આવ્યો નથી. વ્યાપારી કંપનીઓએ દાવો કર્યો હતો કે, તેઓએ છેલ્લા ૧૨ મહિનામાં સપ્લાયર તરીકે પાત્ર બનવા, ક્વોટેશન અને ઓર્ડર મેળવવા અને ચૂકવણી લેવા માટે વિવિધ પ્રકારની સરકારી સંસ્થાઓને લાંચ આપી હતી. આ સર્વે ૨૨ મેથી ૩૦ નવેમ્બરની વચ્ચે કરવામાં આવ્યો હતો. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, નોંધાયેલી કુલ લાંચમાંથી ૭૫ ટકા સરકારી વિભાગો જેમ કે કાનૂની, મેટ્રોલોજી, ફૂડ, ડ્રગ, આરોગ્ય વગેરેના અધિકારીઓને ચૂકવવામાં આવી હતી. ઘણાએ GST અધિકારીઓ, પ્રદૂષણ વિભાગ, મ્યુનિસિપલ કોર્પોરેશન અને પાવર વિભાગને લાંચ આપવાની પણ જાણ કરી હતી. ૧૮,૦૦૦થી વધુ પ્રતિસાદો સાથે આ સર્વેક્ષણમાં ૫૪ ટકાએ દાવો કર્યો હતો કે, તેઓને લાંચ આપવા માટે દબાણ કરવામાં આવ્યું હતું, જ્યારે ૪૬ ટકાએ અમલદારશાહી પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે સ્વેચ્છાએ ચૂકવણી કરી હતી. ઘણા વ્યવસાયો અનામી રૂપે કહે છે કે, સરકારી વિભાગો પરમિટ અથવા અનુપાલન પ્રક્રિયાને ઝડપી બનાવવા ઈચ્છતા હોય ત્યારે લાંચ એ જીવનનો એક માર્ગ બની જાય છે, સત્તાના લાયસન્સની ડુપ્લિકેટ નકલો અથવા મિલકતની બાબતો સાથે સંબંધિત કંઈપણ મેળવવા માટે પણ લાંચ આપવી પડે છે. સર્વેક્ષણમાં સામેલ ૬૬ ટકા વ્યવસાયોએ છેલ્લા ૧૨ મહિનામાં લાંચ ચૂકવી છે.

માત્ર ૧૬ ટકાએ લાંચ આપ્યા વિના તેમનું કામ કરાવવાનો દાવો કર્યો હતો અને ૧૯ ટકાએ કહ્યું હતું કે, તેમને આવું કરવાની જરૂર નથી. છેલ્લા ૧૨ મહિનામાં લાંચ ચૂકવનાર વ્યવસાયોમાંથી, ૫૪ ટકાએ આવું કરવાની ફરજ પડી હતી, જ્યારે ૪૬ ટકાએ સમયસર પ્રક્રિયા માટે લાંચ ચૂકવી હતી. આ પ્રકારની લાંચ ગેરવસૂલી સમાન છે જ્યાં સરકારી એજન્સીઓ સાથે કામ કરતી વખતે પરમિટ, સપ્લાયર લાયકાત, ફાઈલો, ઓર્ડર અને ચૂકવણી નિયમિતપણે રોકી રાખવામાં આવે છે.

રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે, CCTV કેમેરાને ડિજિટાઈઝ કરવાથી અને વધારવાથી સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારને અટકાવવામાં આવ્યો નથી. આ લાંચ સીસીટીવીથી દૂર બંધ દરવાજામાં આપવામાં આવે છે. સરકારી ઈ-પ્રોક્યોરમેન્ટ માર્કેટપ્લેસ જેવી પહેલ ભ્રષ્ટાચાર ઘટાડવા માટેના યોગ્ય પગલાં હોવા છતાં સપ્લાયરની લાયકાત, બિડ મેનીપ્યુલેશન, કમ્પ્લીશન સર્ટિફિકેટ અને ચૂકવણી માટે ભ્રષ્ટાચાર થાય છે. સર્વેક્ષણ કરાયેલા વ્યવસાયોએ દાવો કર્યો હતો કે, છેલ્લા ૧૨ મહિનામાં લાંચના વ્યવહારોની સંખ્યા અને ચૂકવેલ લાંચના કુલ મૂલ્યમાં ઘટાડો થયો છે. ડેલોઈટ ઈન્ડિયાના પાર્ટનર આકાશ શર્માએ ન્યૂઝ એજન્સી પીટીઆઈને જણાવ્યું હતું કે, વ્યવસાયો એવું માને છે કે, નીતિઓ અને પ્રક્રિયાઓ અંગે એકદમ ન્યૂનતમ જાળવણી કરવાથી કોઈ નિયમનકારી તપાસ અને દંડનીય કાર્યવાહી થઈ શકતી નથી. ભ્રષ્ટાચારના કેસોમાં તાજેતરના વલણો જોતા સંસ્થાઓએ તેમના અનુપાલન માળખા પર ફરીથી વિચાર કરવા અને મજબૂત ભ્રષ્ટાચાર વિરોધી કાર્યક્રમની જરૂર છે.

## ડોલર સામે રૂપિયો ગગડીને ૮૪.૭૪ના રેકોર્ડ નીચા સ્તરે

**રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના હસ્તક્ષેપના પ્રયાસો છતાં ડોલર-રૂપિયા ફોરવર્ડ પ્રીમિયમમાં ઘટાડાથી રૂપિયા પર વધુ દબાણ આવ્યું**

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

વેપારીઓએ અહેવાલ આપ્યો હતો કે, ચલણમાં અવમૂલ્યનના વલણ અને વ્યાપક-આધારિત ડોલરની મજબૂતાઈને કારણે બુધવારે, ૪ ડિસેમ્બરે રૂપિયો ૮૪.૭૪ પ્રતિ યુએસ ડોલરની ઐતિહાસિક નીચી સપાટીએ બંધ થયો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના હસ્તક્ષેપના પ્રયાસો છતાં ડોલર-રૂપિયા ફોરવર્ડ પ્રીમિયમમાં ઘટાડાથી રૂપિયા પર વધુ દબાણ આવ્યું.

એલએસઈજીના ડેટા મુજબ રૂપિયો અગાઉના ૮૪.૬૯ના બંધથી પાંચ પૈસા નબળો પડ્યો હતો. ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સના ટ્રેઝરી હેડ અનિલ ભણસાલીએ મીડિયાને જણાવ્યું હતું કે, "સંભવતઃ સંરક્ષણ કંપનીઓ દ્વારા ચૂકવણી કરવામાં આવી હતી, અને કોઈ પ્રવાહ અને સતત ડોલરની ખરીદી સાથે, ચલણનું અવમૂલ્યન થયું હતું. આરબીઆઈએ હસ્તક્ષેપ કર્યો અને ચલણ ૮૪.૬૪/$૧ સુધી ગયું, પરંતુ વધુ આઉટફ્લો હોવાથી, આરબીઆઈએ રૂપિયાને આ સ્તરે નબળો પડવા દીધો હોવો જોઈએ.'' ડૉલર ઈન્ડેક્સ જે ચલણની બાસ્કેટ સામે ગ્રીનબેકની મજબૂતાઈને માપે છે, તે ૦.૧% વધીને ૧૦૬.૫ પર પહોંચ્યો. CME FedWatch ટૂલ મુજબ ડિસેમ્બરમાં યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા ૨૫-બેઝિસ-પોઈન્ટના દરમાં કાપની ૭૪% શક્યતા હોવાની ટ્રેડર્સની ધારણા છે. યુ.એસ.ના વ્યાજ દરના માર્ગ પરના વધુ સંકેતોને કારણે બિન-ખેતી પેરોલ ડેટામાંથી અપેક્ષિત છે, જે ફેડ રેટના નિર્ણયો માટે નિર્ણાયક પરિવર્તનશીલ છે. ઑફશોર ચાઈનીઝ યુઆન સહિત મોટા ભાગના એશિયન પીઅર મજબૂત થયા હતા, જે એક વર્ષની નીચી સપાટીને સ્પર્શ્યા પછી ૦.૨% વધીને ૭.૨૮ પર પહોંચ્યો હતો, રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો. આરબીઆઈ મધ્ય-થી-લાંબા સમયગાળામાં ડોલર-રૂપિયાની ખરીદી/વેચાણની અદલાબદલી કરી રહી હતી, જેનાથી ફોરવર્ડ પ્રીમિયમ પર અસર થઈ હતી.

એક વર્ષની ડોલર-રૂપી ગર્ભિત ઉપજ ઘટીને ૧.૯૫%ની ચાર મહિનાની નીચી સપાટીએ પહોંચી ગઈ છે, જે ત્રણ સત્રોમાં લગભગ ૩૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો છે. વિશ્લેષકોએ નોંધ્યું હતું કે જ્યારે આવા બદલાવ હેડલાઈન ફોરેન એક્સચેન્જ રિઝર્વ અને રૂપિયાની તરલતાને સુરક્ષિત કરવામાં મદદ કરે છે, ત્યારે પ્રીમિયમમાં તીવ્ર ઘટાડો ચલણના વધુ અવમૂલ્યનને રોકવાના પ્રયાસોને જટિલ બનાવે છે.

જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટર માટે ભારતની જીડીપી વૃદ્ધિ ધારણા કરતાં નબળી રહી, જેનાથી સંભવિત પોલિસી હળવા થવાની અટકળોમાં ઉમેરો થયો.

# સંભલ હિંસાના બે સપ્તાહ બાદ પોલીસની કબૂલાત ચેતવણી માટે હવામાં ગોળીબાર કર્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

ઉત્તરપ્રદેશના સંભલ શહેરમાં મસ્જિદના સર્વે દરમિયાન હિંસા થઈ ત્યારે શરૂઆતમાં પોલીસે એવો દાવો કર્યો હતો કે કોઈ ગોળીબાર કરવામાં આવ્યો નથી પરંતુ હવે હિંસાના બે સપ્તાહ બાદ પોલીસે પલટી મારી છે અને કબૂલાત કરી લીધી છે કે તોફાનો દરમિયાન ચેતવણી માટે હવામાં ગોળીબાર કરવામાં આવ્યો હતો. ૨૪મી નવેમ્બરે જામા મસ્જિદના સર્વે દરમિયાન હિંસા થઈ હતી અને પોલીસ સાથે અથડામણ થઈ હતી જેમાં પાંચ મુસ્લિમ યુવાનોના મોત થયા હતા. હિંસાના લગભગ બે સપ્તાહ કરતા વધુ સમય બાદ જિલ્લા પોલીસ વડા કૃષ્ણકુમાર બિશ્નોઈએ જણાવ્યું હતું કે મૃતક ૩ યુવાનોનાં પોસ્ટમોર્ટમથી માલૂમ પડ્યું છે કે ૩૧૫ બંદૂકમાંથી છૂટેલી ગોળીઓના નિશાન તેમના શરીર પરથી મળી આવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે પોલીસે તો રબર ગોળીઓ એટલે કે પેલેટ ગનનો ઉપયોગ કર્યો હતો તો પછી પોલીસ વડા બિશ્નોઈએ બાદમાં એક જાણીતા અખબાર સાથેની મુલાકાતમાં એવું જણાવ્યું હતું કે પોલીસે દેખાવકારોના ટોળાને વિખેરવા માટે હવામાં ગોળીઓ છોડી હતી અને સીધી દેખાવકારો તરફ ગોળીઓ છોડવામાં આવી નથી. વીડિયોમાં પોલીસ ગોળીબાર કરતી દેખાય છે એ વિશે પ્રશ્ન થતાં જિલ્લા પોલીસ વડાએ કબૂલ કર્યું હતું કે એ વીડિયો સાચો છે પણ વીડિયોમાં દેખાય છે એ રીતે બે રાઉન્ડ ગોળીબાર કોણે કર્યો તેની તપાસ ચાલી રહી છે. વાયરલ થયેલા તમામ



વીડિયોમાં પોલીસ દેખાવકારો તરફ ગોળીબાર કરતી દેખાઈ રહી છે. આવી રીતે ગોળીબારમાં મૃત્યુ પામેલા નઈમના માતા-પિતાએ એવો આક્ષેપ કર્યો હતો કે પોલીસ ગોળીબારમાં જ અમારા દીકરાનું મોત થયું હતું. આ દાવો મોરાદાબાદના ડિવિઝનલ કમિશનરે નકારી કાઢ્યો હતો અને કહ્યું હતું કે જેટલા મૃત્યુ થયા છે તેની હજુ તપાસ ચાલી રહી છે. ગોળીઓના છટકાવથી કેટલાક પોલીસ કર્મીઓને પણ ઈજા થઈ છે એટલે પરિસ્થિતિ જેટલી દેખાય છે તેના કરતાં વધુ ગૂંચવાડા ભરી છે. માત્ર પોલીસના શસ્ત્રોમાંથી ગોળીબાર થયો જેટલો સીધો સાદો મામલો નથી. ડિવિઝનલ કમિશનર કુમાર સિંઘે જણાવ્યું હતું કે ત્રણ જૂથો વચ્ચે સામસામે ગોળીબાર થઈ રહ્યા હતા એટલે પોલીસ માટે પ્રાથમિકતા શાંતિની સ્થાપના કરવાની હતી. હિંસામાં ભાગ લેતા પોતાના બાળકોને અટકાવવાની જવાબદારી પરિવારોની છે એમણે બાળકોને એટલે કે પોતાના સંતાનોને હિંસક ઘટનાઓમાં સામેલ થતાં રોકવા જોઈએ. તેમણે કહ્યું હતું કે મસ્જિદના બીજા સર્વે દરમિયાન આટલી મોટી સંખ્યામાં ટોળા ભેગા થઈ જવાની પોલીસને અને સત્તાવાળાઓને ધારણા નહોતી. કેમ કે પહેલા સર્વે વખતે માત્ર ૫૦ લોકો એકઠા થયા હતા એટલે અમે પોલીસ ગોઠવી હતી પણ હિંસા થવાની કોઈ અપેક્ષા નહોતી અમે મસ્જિદ સમિતિના ત્રણ સભ્યોને પણ વિશ્વાસમાં લીધા હતા પણ પરિસ્થિતિ કાબૂ બહાર ચાલી જશે એવી ધારણા નહોતી.

# શું બશર અલ-અસદનું વિમાન તૂટી પડ્યું ? રહસ્યમય રીતે વિમાન ગુમ થતાં અટકળો : રશિયા કહે છે એ નાસી ગયા

## અહેવાલો મુજબ સીરિયન રાષ્ટ્રપતિનું વિમાન રડાર પર દેખાતું બંધ થયું

(એજન્સી) દમાસ્કસ, તા.૮

વિદ્રોહી દળોએ રાજધાની પર કબજો મેળવ્યો તે સમયે સીરિયાના રાષ્ટ્રપતિ બશર અલ-અસદને લઈ જતું વિમાન દમાસ્કસ એરપોર્ટ પરથી ઊડ્યું હતું. જો કે, આ ફ્લાઈટ રડારથી ગાયબ થઈ ગઈ હતી. સીરિયન રાષ્ટ્રપતિ બશર અલ-અસદના ભાવિ અંગે અનેક અટકળો વહેતી થઈ છે, એવા અહેવાલો આવ્યા છે કે તેઓ કથિત રૂપે જે વિમાનમાં જઈ રહ્યા હતા તે દમાસ્કસથી જતાં ક્રેશ થયું અથવા તોડી પાડવામાં આવ્યું હોઈ શકે છે. ઓનલાઈન ટ્રેકર Flightradar24.comના ઓપન-સોર્સ ડેટા દર્શાવે છે કે, બળવાખોરોએ રાજધાનીના નિયંત્રણનો દાવો કર્યો ત્યારે સીરિયન એર ફ્લાઈટે દમાસ્કસ એરપોર્ટ પરથી ઉડાન ભરી હતી. એરક્રાફ્ટ, એક ઈલ્યુશિન ઈલ-૭૬T, શરૂઆતમાં સીરિયાના દરિયાકાંઠાના વિસ્તાર તરફ જતું હતું. જો કે, તે અચાનક ઊલટી દિશામાં ગયું હતું અને હોમ્સ શહેરની નજીકના રડારથી અદૃશ્ય થતાં પહેલાં ઘણી મિનિટો માટે વિરુદ્ધ દિશામાં ઉડાન ભરી હતી. ફ્લાઈટ ડેટા સૂચવે છે કે જેટ અદૃશ્ય થઈ જવાની થોડી મિનિટોમાં ૩,૬૫૦ મીટરથી ૧,૦૭૦ મીટર સુધી ઝડપથી નીચે ઉતર્યું હતું, તેથી એવી અટકળો થઈ હતી કે હોમ્સના બળવાખોરોના કબજા હેઠળના પ્રદેશને પાર કરતી વખતે તેને નિશાન બનાવવામાં આવ્યું હોઈ શકે છે. આ ફ્લાઈટ અદૃશ્ય થવાની આસપાસના ચોક્કસ સંજોગો અસ્પષ્ટ હોવા છતાં, ફ્લાઈટના માર્ગમાં અચાનક ફેરફાર અને ત્યારબાદ સિગ્નલ ગુમાવવાથી એવી અટકળોને વેગ મળ્યો છે કે પ્લેન તોડી પાડવામાં આવ્યું હશે






અથવા યાંત્રિક નિષ્ફળતાનો ભોગ બન્યું હશે. આ વિસ્તારમાં એરક્રાફ્ટના જૂના ટ્રાન્સપોન્ડર અને જીપીએસ જામિંગને ટાંકીને ફ્લાઈટ્રેડારે સ્વીકાર્યું કે ડેટામાં વિસંગતતાઓ હોઈ શકે છે. સાઈટે જણાવ્યું હતું કે, બોર્ડ પરના લોકોની ઓળખની પુષ્ટિ કરવામાં આવી ન હતી. સીરિયન સૂત્રોએ સમાચાર એજન્સી રોઈટર્સને જણાવ્યું હતું કે આ ઘટનામાં અસદ માર્યા ગયાની ખૂબ જ ઉચ્ચ સંભાવના છે. તે રડારથી અદૃશ્ય થઈ ગયું છે, સંભવત : ટ્રાન્સપોન્ડર બંધ કરવામાં આવ્યું હતું, પરંતુ હું માનું છું કે એવી સંભાવના એ છે કે એરક્રાફ્ટને તોડી પાડવામાં આવ્યું હતું. ઈજિપ્તના પત્રકાર ખાલેદ મહમૂદે ટ્વિટ કર્યું હતું કે આ ક્રેશ ઈરાદાપૂર્વક થયો હતો. બશર અલ-અસદને લઈ જવાના શંકાસ્પદ વિમાનના 3D ફ્લાઈટ રડાર ડેટા સૂચવે છે કે તે ક્રેશ થયું હતું. સીરિયન એર IL-૭૬ એરક્રાફ્ટની ઊંચાઈ અચાનક ઘટી ગઈ હતી. કેટલાક લોકો માને છે કે વિમાન રશિયાના લટાકિયા એરબેઝ પર ઉડી રહ્યું હતું જે અસદ માટે સલામત આશ્રયસ્થાન ગણવામાં આવે છે. રશિયન દળો દ્વારા નિયંત્રિત આ બેઝ, લાંબા સમયથી આ સંઘર્ષિત શાસન માટે નિર્ણાયક ગઢ છે. બળવાખોરોએ કબજે ન કર્યું હોય તેવા કેટલાક શહેરો પૈકી તે એક છે. અધિકારીઓએ અસદની સ્થિતિની પુષ્ટિ કરી નથી, ત્યારે તે જેટ પર હોવાની અફવા છે તેના અચાનક ગાયબ થવાથી સીરિયન નેતાના ભાવિ અંગે અટકળો વધી છે. સીરિયન સરકાર રવિવારે ભાંગી પડી હતી કારણ કે બળવાખોર દળોએ ઝડપી આક્રમણમાં દમાસ્કસ પર કબજો કર્યો હતો, જેનાથી અસદ પરિવારના લોખંડી શાસનનો પાંચ દાયકાનો અંત આવ્યો હતો. શાસનના પતનની ઉજવણી કરવા માટે આનંદી ટોળાં શેરીઓમાં આવી ગયા હતા.

# UPSC જી.કે. કેપ્સ્યુલ : સરકારી પરીક્ષાઓની તૈયારી કરવા માટે મદદરૂપ અઠવાડિયાની ટોચની ઘટનાઓ જાણો

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે UPSC, SBI બેંક PO અને અન્ય સરકારી પ્રવેશ પરીક્ષાઓમાં સફળતા વર્તમાન બાબતોને જાળવી રાખવા પર આધારિત છે. જો તમારી પાસે દૃઢ સમજ હોય તો પ્રારંભિક અને મુખ્ય પરીક્ષાઓમાં સફળતા મેળવી શકો છે. જો તમે સરકારી પરીક્ષા માટે અભ્યાસ કરી રહ્યા હોવ ત્યારે અમે તમને વર્તમાન પ્રવાહ વિશે અપડેટ રહેવામાં મદદ કરી શકીએ છીએ. છેલ્લા અઠવાડિયાની મુખ્ય વાર્તાઓનો સારાંશ અહીં આપવામાં આવ્યો છે :

**૧. ISRO યુરોપિયન સૂર્ય અવલોકન ઉપગ્રહ પ્રોબા-૩ ભ્રમણકક્ષામાં મૂકે છે :**

તકનિકી સમસ્યાને કારણે યુરોપિયન ઉપગ્રહ પ્રોબા-૩ ૪ ડિસેમ્બરના રોજ તેના આયોજિત લિફ્ટ-ઓફમાંથી એક દિવસ વિલંબિત થયો હતો પરંતુ ગુરૂવારે શ્રીહરિકોટાથી સુરક્ષિત રીતે અવકાશમાં છોડવામાં આવ્યો હતો. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)નું ફ્લેગશિપ રોકેટ, PSLV-C59, અત્યાધુનિક સૂર્ય-નિરીક્ષણ મિશન પ્રોબા-૩નું ઘર છે. તે અવકાશના હવામાન સાથે સંકળાયેલા તકનિકી અને આર્થિક જોખમોમાં વધુ આંતરરાષ્ટ્રીય સંશોધન કરવા માંગે છે. સાંજે ૪:૦૪ વાગ્યે ધ્રુવીય ઉપગ્રહ પ્રક્ષેપણ વાહન, ૪૪.૫ મીટર ઊંચું, પ્રથમ પ્રક્ષેપણ પેડથી ભવ્ય રીતે વિસ્ફોટ થયું. પ્રોબા-૩ મિશનના PSLV રોકેટ પરના બે ઉપગ્રહો સફળતાપૂર્વક અલગ થઈ ગયા અને લિફ્ટ-ઓફ કર્યા પછી તરત જ તેમની સોંપાયેલ ભ્રમણકક્ષામાં પ્રવેશ્યા, ઈસરો અનુસાર.

**૨. ભારતનો પ્રથમ હાઈપરલૂપ ટેસ્ટ ટ્રેક IIT મદ્રાસ દ્વારા સેટ અપ કરવામાં આવ્યો છે :**

ભારતે તેની હાયપરલૂપ સિસ્ટમ વિકસાવવાનું લાંબા સમયથી સ્વપ્ન જોયું છે, જે એક હાઈ-સ્પીડ ટ્રાન્સફોર્મેશન સિસ્ટમ છે જે વિમાનની તુલનામાં ઝડપે મુસાફરી કરવાની મંજૂરી આપે છે. આ અર્થમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT)-મદ્રાસે ચેન્નાઈમાં ભારતના પ્રથમ હાઈપરલૂપ ટેસ્ટ ટ્રેકનું નિર્માણ પૂર્ણ કર્યું છે. કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે ટ્વિટર પ્લેટફોર્મ પર ૪૧૦ માઈલના ટ્રેકની તસવીરો શેર કરતી વખતે ભારતીય રેલવે, IIT મદ્રાસ, આવિષ્કાર હાઈપરલૂપ ટીમ અને તુત્ર હાઈપરલૂપને તેમની સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા. લોકો અને માલસામાનને વિમાનની તુલનામાં ઝડપે પરિવહન કરવા માટે, હાઈપરલૂપ એવી ટેક્નોલોજી વિકસાવી રહ્યું છે જે લો-પ્રેશર ટ્યુબમાં ચુંબકીય લેવિટેશનનો ઉપયોગ કરે છે.

**૩. રાજસ્થાન હાઈકોર્ટે મહિલાઓના સ્વચ્છ અને સ્વચ્છ શૌચાલયના અધિકાર પર સુઓમોટુ પગલાં લીધા :**

આરોગ્યના ગંભીર પરિણામોની નોંધ લેતા રાજસ્થાન હાઈકોર્ટની જયપુર બેન્ચે મહિલાઓ માટે સ્વચ્છતા અને પર્યાપ્ત જાહેર શૌચાલયની અછત અંગે સ્વ-મોટો સંજ્ઞા લીધી છે. જસ્ટિસ અનૂપકુમાર ધંડની આગેવાની હેઠળની સિંગલ-જજની બેન્ચના જણાવ્યા અનુસાર બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ, મહિલાઓના જીવન અને ગૌરવના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન થાય છે જ્યારે તેઓ મૂળભૂત સ્વચ્છતા સુવિધાઓનો અભાવ હોય છે. ૨૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ એક હિન્દી દૈનિકમાં પ્રકાશિત થયેલા ટોઈલેટ જાને કે ડર સે કામકાજી મહિલાએ કામ પે રાહી



પાની (કામ કરતી મહિલાઓને શૌચાલયની સુલભતાના ડરથી પાણી પીવા પર પ્રતિબંધ) શીર્ષકવાળા સમાચારને પગલે, કેસ શરૂ કરવામાં આવ્યો હતો. સહેલાઈથી સુલભ અને આરોગ્યપ્રદ જાહેર શૌચાલયનો અભાવ, સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, ઘણી સ્ત્રીઓને પેશાબ રોકી રાખવાની ફરજ પડે છે અથવા સંપૂર્ણપણે પાણી પીવાનું ટાળવુ પડે છે, જે વિવિધ સ્વાસ્થ્ય સમસ્યાઓ તરફ દોરી શકે છે.

**૪. ફ્રાન્સના પીએમ મિશેલ બાર્નિયરની સરકાર અવિશ્વાસ મતમાં હટાવવામાં આવી :**

૪ ડિસેમ્બરે ફ્રેન્ચ ઈતિહાસમાં ક્યારેય ન જોવા મળેલી કટોકટીમાં ધારાસભ્યોએ વડાપ્રધાન મિશેલ બાર્નિયરની આગેવાની હેઠળના વહીવટને ઉથલાવી પાડવા માટે, દૂર-જમણે અને ડાબેરીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ અવિશ્વાસનો ઠરાવ પસાર કર્યો. બાર્નિયર સૌથી ટૂંકા કાર્યકાળ (ત્રણ મહિના) સાથે વડાપ્રધાન બન્યા અને ૬૦ કરતાં વધુ વર્ષોમાં અવિશ્વાસના મત દ્વારા તેમની કેબિનેટને ઉથલાવી દેવામાં આવી હતી. દૂર થવાથી રાજકીય કટોકટી સર્જાઈ અને યુરોપિયન યુનિયનમાં બીજા ક્રમના સૌથી મોટા આર્થિક દળ માટે વધુ આર્થિક મુશ્કેલીઓની શક્યતા ઊભી થઈ. આ મુદ્દો રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનના ઉતાવળમાં ચૂંટણીઓ માટે બોલાવવાથી ઊભો થયો હતો અને ફિયાસ્કોએ તેમની પ્રતિષ્ઠાને પણ નુકસાન પહોંચાડ્યું છે. ભારત દર વર્ષે ૬ ડિસેમ્બરે ડૉ.બી.આર. આંબેડકરની પુણ્યતિથિને મહાપરિનિર્વાણ દિવસ તરીકે ઉજવે છે. સંસ્કૃતમાંથી ઉતરી આવેલ, મહાપરિનિર્વાણ શબ્દનો અર્થ થાય છે નિર્વાણ અથવા અંતિમ મુક્તિ. આંબેડકર એક સ્વપ્નદૃષ્ટા નેતા, અગ્રણી સમાજ સુધારક અને ભારતીય બંધારણના પ્રાથમિક આર્કિટેક્ટ હતા. અસ્પૃશ્યતા અને જાતિ આધારિત પૂર્વગ્રહ સામેના તેમના પ્રતિકારની ભારતીય સમાજ પર ઊંડી અસર પડી છે. ડૉ.આંબેડકરના સમર્થકો માને છે કે, તેમણે તેમના કાર્યો દ્વારા આ દરજ્જો પ્રાપ્ત કર્યો હતો, તેથી જ તેમની પુણ્યતિથિને મહાપરિનિર્વાણ દિવસ તરીકે ઓળખવામાં આવે છે. આંબેડકર, ભગવાન બુદ્ધની જેમ, મુક્તિ પ્રાપ્ત કરનાર ઉમદા ગુરૂ માનવામાં આવતા હતા.

# મુનવ્વર ફારૂકીનો પુત્ર કાવાસાકી રોગથી પીડાય છે; જાણો આ દુર્લભ બીમારી વિશે જે બાળકોને અસર કરે છે

(એજન્સી) તા.૮

પ્રખ્યાત સ્ટેન્ડિંગ કોમેડિયન મુનવ્વર ફારૂકીએ તાજેતરમાં એક પોડકાસ્ટમાં જણાવ્યું હતું કે, જ્યારે તેમનો પુત્ર દોઢ વર્ષનો હતો ત્યારે તે એક દુર્લભ રોગથી પીડિત હોવાનું જાણવા મળ્યું હતું. મુનવ્વરે જણાવ્યું કે, તેમનો પુત્ર કાવાસાકી નામની બીમારીથી પીડિત હતો, જે એક દુર્લભ રોગ છે. આ પોડકાસ્ટમાં મુનવ્વરે તેના પુત્રની આ બીમારી સાથેની લડાઈ અને તેના પોતાના સંઘર્ષ વિશે પણ વાત કરી હતી. આ એક ગંભીર રોગ છે જેના કારણે આખા શરીરની રક્ત વાહિનીઓમાં સોજો આવી જાય છે. નિષ્ણાતોના મતે કાવાસાકી રોગ (KD)ને કાવાસાકી સિન્ડ્રોમ પણ કહેવામાં આવે છે અને આ સ્થિતિ હૃદય અને રક્તવાહિનીઓને નુકસાન પહોંચાડે છે. સામાન્ય રીતે આ રોગ પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં વધુ જોવા મળે



છે અને છોકરીઓ કરતાં છોકરાઓને વધુ અસર કરે છે. કાવાસાકી રોગના કારણો વિશે વાત કરીએ તો હજુ સુધી કોઈ સ્પષ્ટ માહિતી નથી. જો કે, કેટલાક નિષ્ણાતો માને છે કે, તે રોગપ્રતિકારક તંત્રના અસામાન્ય પ્રતિભાવને કારણે હોઈ શકે છે અથવા તે ચેપ અને આનુવંશિક પરિબળો સાથે સંબંધિત હોઈ શકે છે. આ ગંભીર રોગથી પીડિત બાળકો એટલે કે KDને તાવ હોય છે, જે સામાન્ય રીતે પાંચ દિવસ કે તેથી વધુ સમય સુધી રહે છે. તેની સાથે શરીરમાં આ લક્ષણો જોવા મળી શકે છે.

● ફોલ્લીઓની સમસ્યા ● હાથ અને પગમાં સોજો અને લાલાશ ● આંખોના સફેદ ભાગમાં બર્નિંગ અને લાલાશ ● બર્નિંગ સનસનાટીભર્યા અને મોં, હોઠ અને ગળામાં સોજો

**સારવાર શું છે ? :** KD માટે સારવાર અસ્તિત્વમાં છે, જેમાં સામાન્ય રીતે એન્ટિબોડીઝના મિશ્રણનો સમાવેશ થાય છે, જે નસમાં આપવામાં આવે છે અને એસ્પિરિન. તેની મદદથી તે આ ગંભીર રોગના લક્ષણોને ઓછા ગંભીર બનાવવામાં અને ગંભીર ગૂંચવણોના જોખમને ઘટાડવામાં મદદ કરે છે. સામાન્ય રીતે મોટાભાગના બાળકો યોગ્ય સારવારની મદદથી સ્વસ્થ થઈ જાય છે.

# ‘ક્યારેક તેઓ ભાજપની બી-ટીમની જેમ વર્તે છે’ : MVAમાંથી બહાર નીકળતા સમાજવાદી પાર્ટી પર આદિત્ય ઠાકરેનો કટાક્ષ

(એજન્સી) તા.૮

મહા વિકાસ અઘાડી અને સમાજવાદી પાર્ટીમાં વિવાદ વકર્યો છે. સમાજવાદી પાર્ટી (સપા) મહા વિકાસ અઘાડી સાથે છેડો ફાડવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી નાખુશ આદિત્ય ઠાકરેએ સપા મહારાષ્ટ્રમાં ભાજપની બી ટીમ હોવાનો દાવો કર્યો છે. શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા આદિત્ય ઠાકરેના મહારાષ્ટ્ર સપા પ્રમુખ અબુ આઝમી અંગે આ નિવેદનથી ગઠબંધનમાં સોંપો પડી ગયો છે. આદિત્ય ઠાકરેએ સપાનો છેડો ફાડવા મુદ્દે નિવેદન આપ્યું છે કે, સપા વિશે કોઈ વાત કરવા માગતો નથી. અખિલેશ યાદવ પોતાની લડાઈ લડી રહ્યા છે. પરંતુ મહારાષ્ટ્રમાં સપા નેતા ભાજપની બી ટીમ સ્વરૂપે કામ કરી રહ્યા છે. અહીંના અમુક નેતાઓ



ભાજપની મદદ કરે છે. અમે ચૂંટણીમાં આ અંગે નોંધ લીધી છે. શિવસેનાના નેતાએ ગઈકાલે બાબરી મસ્જિદ અંગે ટ્વિટ કરતાં બંને પક્ષ વચ્ચે વિવાદ વધ્યો હતો. જેમાં આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું કે, કાલે જે ટ્વિટ કર્યું હતું તેવા ટ્વિટ અમે પહેલાં પણ કર્યા છે. અમારૂં હિન્દુત્વ સ્પષ્ટ છે. અમે ક્યારેય હિન્દુત્વ છોડ્યું નથી. અમે હિન્દુત્વની સાથે છીએ. અમારા હૃદયમાં હિન્દુત્વ છે. હૃદયમાં રામે હાથમાં કામ આપનારૂં હિન્દુત્વ અમારૂં છે. અને બધાનો સાથ બધાનો વિકાસ કરવામાં માનીએ છીએ. શિવસેના યુબીટીના નેતાના ટ્વિટ બાદ મહારાષ્ટ્ર સપા પ્રમુખ અબુ આઝમીએ જણાવ્યું હતું કે, ‘શિવસેનાએ બાબરી મસ્જિદ તોડી પાડવા બદલ લોકોને અભિનંદન આપતી અખબારમાં જાહેરાત આપી હતી. ઉદ્ધવ ઠાકરેના સહયોગીએ પણ ઠ પર મસ્જિદ તોડી પાડવાના વખાણ કર્યા હતા. આ જ કારણ છે કે સમાજવાદી પાર્ટી MVA છોડી રહી છે. સપાના વડા અબુ આઝમીએ કહ્યું કે આવી ભાષા બોલનારા અને ભાજપમાં કોઈ ફરક નથી.

# ૧૬ વર્ષની વયે AIIMS એન્ટ્રન્સ એક્ઝામ પાસ કરી, ૨૨ વર્ષની વયે UPSC પાસ કરી અને IASની નોકરી છોડી દીધી, પછી અનએકેડમી શૈક્ષણિક સંસ્થાની સહ-સ્થાપના કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

રોમન સૈનીની સફળતાની સફર ઉત્કટ, નિશ્ચય અને સિદ્ધિની પ્રેરણાદાયી વાર્તા છે. તેની નોંધપાત્ર સિદ્ધિઓ માટે જાણીતો, રોમન ભારતની અગ્રણી શૈક્ષણિક ટેક્નોલોજી કંપનીઓમાંની એક અનએકેડમીનો સહસ્થાપક છે. તેની સફર એ કહેવતનો પુરાવો છે કે સફળ માણસ બનવાનો પ્રયાસ ન કરો, પરંતુ મૂલ્યવાન માણસ બનો. રોમન સૈનીની શૈક્ષણિક તેજસ્વીતા શરૂઆતમાં જ સ્પષ્ટ થઈ ગઈ. ૧૬ વર્ષની ઉંમરે, તેણે અત્યંત સ્પર્ધાત્મક AIIMS મેડિકલ પ્રવેશ પરીક્ષા પાસ કરી અને ૨૧ વર્ષની ઉંમરે તેની MBBS ડિગ્રી મેળવી. તેણે ડોક્ટર તરીકે તેની તબીબી કારકિર્દીની શરૂઆત કરી પરંતુ ટૂંક સમયમાં જ તેને સમજાયું કે તે તેનાથી પણ મોટા પડકારોનો સામનો કરવા માંગે છે. તેણે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન સિવિલ સર્વિસ એક્ઝામિનેશન (UPSC-CSE) માટે તૈયારી કરવાનું નક્કી કર્યું, જે ભારતની સૌથી અઘરી પરીક્ષાઓમાંની એક ગણાય છે. માત્ર ૨૨ વર્ષની ઉંમરે, રોમન UPSC-CSE પાસ



કરી અને મધ્યપ્રદેશમાં IAS અધિકારી બની જિલ્લા કલેક્ટર તરીકે સેવા આપી. તેની સિવિલ સર્વિસ કારકિર્દીની પ્રતિષ્ઠા હોવા છતાં, વધુ પ્રભાવ પાડવાના તેમના જુસ્સાને કારણે તેમને IASમાંથી રાજીનામું આપવું પડ્યું. રોમને એંત્રપ્રિન્યોરશીપ પર પોતાની નજર નક્કી કરી અને ૨૦૧૫માં ગૌરવ મુંજાલ અને હેમેશ સિંઘ સાથે પેરેન્ટ કંપની, સોર્ટિંગ હેટ ટેક્નોલોજીસ હેઠળ અનએકેડમીની સહ-સ્થાપના કરી. અનએકેડમી એ મફત શૈક્ષણિક સામગ્રી પ્રદાન કરતી યૂટ્યુબ ચેનલ તરીકે શરૂઆત કરી હતી અને ત્યારથી તે ૨૬,૦૦૦ કરોડ રૂપિયાના મૂલ્યના મુખ્ય એડ-ટેક પ્લેટફોર્મ તરીકે વિકસ્યું છે. તે UPSC જેવી સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારો માટે પોસાય તેવા સંસાધનો પૂરા પાડે છે, જે હજારો લોકો માટે ઉચ્ચ-ગુણવત્તાવાળા કોચિંગને સુલભ બનાવે છે. અનએકેડમીની સફળતામાં રોમનની દૃષ્ટિ અને સમર્પણ મહત્ત્વપૂર્ણ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ૨૦૨૨માં રોમન સૈનીએ ૮૮ લાખ રૂપિયાનો પગાર મેળવ્યો હતો, જ્યારે સીઈઓ ગૌરવ મુંજાલ અને હેમેશ સિંહે અનુક્રમે ૧.૫૮ કરોડ રૂપિયા અને ૧.૧૯ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. રોમનની ડૉક્ટરથી IAS અધિકારી સુધીની આંત્રપ્રિન્યોર સુધીની સફર ઉદાહરણ આપે છે કે કેવી રીતે કોઈ વ્યક્તિ મૂલ્ય બનાવી શકે છે અને અસંખ્ય અન્ય લોકોને તેમના સપનાને આગળ વધારવા માટે પ્રેરણા આપી શકે છે.

# એક વખતે જેમની પાસે ૧૦મા ધોરણ સુધી પાણી, વીજળી જેવી સુવિધા પણ ન હતી, હવે અમેરિકામાં સૌથી ધનિક ભારતીયોમાં સામેલ છે; તેમની કુલ સંપત્તિ ૧૧.૭ અબજ ડોલર છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

નમ્ર શરૂઆતથી મળતી વ્યક્તિઓની સફળતાની વાર્તાઓ શક્તિશાળી યાદ અપાવે છે કે નિશ્ચય, સખત મહેનત અને દૃઢતા સૌથી મુશ્કેલ પડકારોને પણ દૂર કરવામાં મદદ કરી શકે છે. આ વાર્તાઓ બતાવે છે કે સફળતા ફક્ત વિશેષાધિકૃત લોકો માટે જ નથી, પરંતુ કોઈપણ કે જે અવિરત પ્રયત્નો સાથે તેમના સ્વપ્નને અનુસરવા માટે તૈયાર છે તેમના માટે છે. આવી જ એક પ્રેરણાદાયી વાર્તા ભારતીય-અમેરિકન અબજોપતિ અને અગ્રણી સાયબર સિક્યુરિટી ફર્મ ઝીસ્કેલરના સ્થાપક જય ચૌધરીની છે. ભારતના હિમાચલ પ્રદેશના એક નાનકડા ગામ પનોહમાં જન્મેલા જય ચૌધરી ગરીબ પરિવારમાંથી હતા. તેમના ગામમાં હિમાલયથી દૂર તેઓ ૧૦મા ધોરણમાં હતા ત્યાં સુધી વીજળી અથવા પાણી જેવી પ્રાથમિક સુવિધાઓ નહોતી. તેમના માતા-પિતા નાના પાયે ખેડૂતો હતા, અને તેઓ ત્રણ ભાઈઓમાં સૌથી નાના હતા. જય ચૌધરીની સફળતા તરફની સફર ત્યારે શરૂ થઈ જ્યારે તેમણે IIT BHU (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, બનારસ હિન્દુ યુનિવર્સિટી)માંથી ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી મેળવી. ૧૯૮૦માં તેઓ તેમના અભ્યાસને આગળ વધારવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ ગયા, જ્યાં તેમણે સિનસિનાટી યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગ અને માર્કેટિંગમાં માસ્ટર ડિગ્રી મેળવી. આજે, જય ચૌધરી ક્લાઉડ સિક્યુરિટી સોલ્યુશન્સ પ્રદાન કરતી સાયબર સિક્યુરિટી કંપની ઝીસ્કેલરના સ્થાપક અને સીઈઓ છે. ફોર્બ્સ અનુસાર તેમની કુલ સંપત્તિ ૧૧.૭ અબજ ડોલર છે. ટેકની દુનિયામાં ચૌધરીનો ઉદય ૧૯૯૬માં શરૂ થયો જ્યારે તેમણે અને તેમની પત્ની જ્યોતિએ તેમની નોકરી છોડવાનો અને તેમની જીવન બચત લગભગ ૫,૦૦,૦૦૦ ડોલરનું રોકાણ કરવાનો હિંમતવાન નિર્ણય લીધો, તેમની પ્રથમ કંપની SecureIT શરૂ કરવામાં તેમની ઉદ્યોગસાહસિક યાત્રાનું આ પહેલું પગલું હતું જેણે ટેક દૃષ્ટિકોણ બદલી નાખ્યું. ૨૦૦૮માં ઝીસ્કેલર લૉન્ચ કરતા પહેલાં ચૌધરીએ પહેલેથી જ



અન્ય ચાર સફળ ટેક કંપનીઓની સ્થાપના કરી અને વેચી દીધી હતીઃ SecureIT, CoreHarbor, CipherTrust અને AirDefense. ૨૦૦૭ સુધીમાં જય અને જ્યોતિને સફળ ઉદ્યોગસાહસિક તરીકે ઓળખવામાં આવ્યા, જેણે ઝીસ્કેલરની રચના માટે મંચની રચના કરી. કંપની ૨૦૧૮માં સાર્વજનિક બની સાયબર સુરક્ષા ઉદ્યોગમાં મુખ્ય ખેલાડી તરીકે ચૌધરીની સ્થિતિ મજબૂત કરી. હવે, ૬૫ વર્ષની ઉંમરે જય ચૌધરી તેમના પરિવાર સાથે નેવાડામાં રહે છે. તેઓ અને તેમની પત્ની ઝીસ્કેલરના લગભગ ૪૦% હિસ્સાના માલિક છે, જે Nasdaq સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ છે. અમેરિકાના સૌથી ધનિક લોકોની ફોર્બ્સની યાદીમાં ૮૫મા ક્રમે આવેલા ચૌધરીની સફળતાની વાર્તા, ભારતના એક નાનકડા ગામથી ટેકની દુનિયામાં અબજોપતિ બનવા સુધીની સાબિત કરે છે કે વિઝન, સમર્પણ અને સખત મહેનતથી કંઈપણ શક્ય છે.

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી દ્વારા

# નવસારી જિલ્લામાં ૧૦૦ દિવસની સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશનો જિલ્લાવ્યાપી પ્રારંભ



નવસારી, તા.૮

પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન ૨૦૨૫ અંતર્ગત રાષ્ટ્રવ્યાપી '૧૦૦ દિવસની સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશનો' શુભારંભ થયો છે, ત્યારે વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે નવસારીમાં અનાવીલ સમાજની વાડી ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને જિલ્લાવ્યાપી આરંભ કરાવ્યો હતો.પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાનની સફળતાની કામના કરીને તેમણે આ પ્રસંગે નિઃક્ષય મિત્રો અને સ્વાસ્થ્ય કર્મીઓની કામગીરીને બિરદાવીને આભાર વ્યક્ત કર્યો હતો. ક્ષય હવે સાધ્ય રોગ છે અને સમયસર સારવાર થકી તેને હરાવી શકાય છે, શરૂ થનારી ૧૦૦ દિવસની સઘન ટીબી નિર્મૂલન ઝુંબેશથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ટીબીને હરાવવાના સંકલ્પને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સામૂહિક પ્રયાસોને નવી ઊર્જા મળશે, તેમ રાજયમંત્રીએ જણાવ્યું હતું.જનભાગીદારીથી ટીબીને હરાવીશું તેમ કહી મંત્રીએ આ ઝુંબેશથી ટીબી મુક્ત ભારત અભિયાનને સફળતા અપાવવા સૌના સહિયારા પ્રયાસની હિમાયત કરી હતી. સ્વચ્છતા થકી તમામ બિમારીઓને પોતાનાથી દૂર રાખીને તેમણે 'સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત'ની વાત કરી હતી. જનભાગીદારીથી ટીબી મુક્ત ગુજરાતથી ટીબી મુક્ત ભારતના નિર્માણમાં યોગદાન આપવા મંત્રીએ સૌને સંકલ્પિત કર્યા હતા.રાજયમાં હાલ ૧૬૧૦ ગ્રામ પંચાયત ટીબી મુક્ત જાહેર થઈ ચૂકી છે, તેમ કહીને તેમણે નવસારી જિલ્લો પણ ટીબી મુક્ત જાહેર થાય તે માટે સઘન પ્રયાસો કરવા હાંકલ કરી હતી. આ કાર્યક્રમમાં ટીબી નિર્મૂલન માટે કામ કરતી વ્યક્તિઓ, સામાજિક અને સેવાભાવી સંસ્થાઓ તેમજ ઉમદા કામગીરી કરનાર નિઃક્ષય મિત્રોને મહાનુભાવોના હસ્તે પ્રશિસ્ત પત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ કાર્યક્રમમાં ઉપસ્થિત ટીબી દર્દીના સંબંધીઓને નિઃક્ષય પોષણ કીટ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે મંત્રી મુકેશભાઈ પટેલ સહિતના મહાનુભાવોએ નિઃક્ષય વાહનને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

અંકલેશ્વર નેશનલ હાઈવે પર

# વાહનની ટક્કરે માર્ગ પર પટકાયેલ મહિલા પર ટ્રક ફરી વળતાં કરૂણ મોત

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૮

અંકલેશ્વર નેશનલ હાઈવે પર તાપી હોટલ પાસે અજાણ્યા વાહન ચાલકે બાઈકને ટક્કર મારતા માર્ગ ઉપર પટકાયેલ મહિલા ઉપરથી ટ્રકનું ટાયર ફરી વળતા તેનું ગંભીર ઈજાઓને પગલે કરૂણ મોત નિપજ્યું હતું. અંકલેશ્વર હાઈવે ઉપર અકસ્માતની ઘટનાઓ દિન પ્રતિદિન સામે આવી રહી છે. ત્યારે આજરોજ સવારે બાઈક ઉપર મહિલા સહિત બે લોકો પસાર થઇ રહ્યા હતા. તે દરમિયાન અંકલેશ્વર નેશનલ હાઈવે પર તાપી હોટલ પાસે પુરપાટ ઝડપે ધસી આવેલ અજાણ્યા વાહનચાલકે ટક્કર મારતા બાઈક સવારો માર્ગ ઉપર પટકાયા હતા. તે વેળા પાછળ ધસી આવેલ ટ્રકનું ટાયર મહિલાના શરીર ઉપરથી ફરી વળતા તેનું ગંભીર ઈજાઓને પગલે ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જયારે આ અકસ્માતમાં અન્ય ઈજાગ્રસ્તને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને પગલે લોકટોળા ઉમટી પડતા ટ્રાફિકજામ સર્જાયો હતો. અકસ્માત અંગેની જાણ થતા પોલીસ કાફલાએ ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરી છે.

# પાવીજેતપુરથી રતનપુર વચ્ચેના પુલ ઉપર ખાડાઓ પૂરવાની કામગીરી શરૂ થતાં પ્રજાને રાહત



પાવીજેતપુરથી રતનપુર વચ્ચેના પુલ ઉપર બે સ્લેબો વચ્ચે ગેપ વધી જઈ ખાડા પડી જતાં વાહનચાલકો ત્રાહિમામ પોકારી રહ્યા હતા. ત્યારે તંત્ર દ્વારા આ ગેપોનું રિપેરિંગ કામ કરવાની શરૂઆત થતાં જનતાએ રાહતનો દમ લીધો છે.પાવીજેતપુરથી રતનપુર વચ્ચે આવેલ ઓરસંગ પુલ ઉપર રસ્તો બંધ ના રહે તે પ્રમાણે રસ્તાની એક બાજુએ આરસીસીનું કામ કરી રિપેરિંગ કામ કરવામાં આવી રહ્યું છે. એ કામ પૂરૂં થશે એટલે બીજી બાજુએ કામ શરૂ કરાશે.**(તસવીર : આસીફ ખત્રી, પાવીજેતપુર)**

વડોદરાની યુવતી સાથે ફ્રેન્ડશીપ કરી ૨.૬૨ લાખ પડાવી લીધા હતા

# નાઈજીરિયન ગેંગના ત્રણ સાગરિતોએ ૯૦૦ લોકોને ફસાવી ૧૫ કરોડ પડાવ્યા હતા

## મહિલાઓ સાથે મિત્રતા કરી પાર્સલ મોકલવાના બહાને છેતરપિંડી આચરતા હતા, આરોપીઓના રિમાન્ડ પૂરા થતાં જ્યુ. કસ્ટડીમાં ધકેલાયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૮

વડાદરાની યુવતી સાથે ફ્રેન્ડશિપ કરી ૨.૬૨ લાખની ઠગાઇ કરનાર નાઇજિરિયન ગેંગના ત્રણ સાગરીતોને વડોદરા સાયબર સેલે દિલ્હીથી ઝડપી પાડ્યા બાદ તેમના રિમાન્ડ પૂરા થતાં કોર્ટે જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા છે.

વડોદરાની યુવતીને કેમિકલ એન્જિનયર તરીકે ખોટી ઓળખ આપ્યા બાદ પાર્સલ છોડાવવા તેમજ મશીનરી ખરીદવાના નામે મદદ માંગી ૨.૬૨ લાખ પડાવી લેનાર ઠગ સામે યુવતીએ સાયબર સેલમાં ફરિયાદ નોંધાવી હતી.જેથી પોલીસે દિલ્હીમાંથી લેઝુઓ ઓબિઓમા જહોન, જિબ્રિલ મોહંમદ (બંને રહે. સંતનગર, બુરારી, દિલ્હી મૂળ નાઈજિરિયા) અને એગબુલ્લે ઈકેન્ના (યુનિટેકહોરાઈઝન હાઉસ,ગ્રેટર નોઈડા,યુપી મૂળ નાઈઝિરિયા)ને ઝડપી ત્રણ મોબાઈલ કબજે લીધા હતા. જેમાં ૫૦૦ જેટલા એકાઉન્ટ તેમજ આ એકાઉન્ટો માટે ૯૦૦ જેટલી ફરિયાદો થઇ હોવાની તેમજ ૧૫ કરોડના ટ્રાન્ઝેકશન થયા હોવાની માહિતી બહાર આવી હતી.વડોદરા સાયબર સેલે નાઈઝિરિયન ગેંગને પકડવા માટે બે મહિનાથી દિલ્હીમાં આંટાફેરા માર્યા હતા. વડોદરાની યુવતીના ૨.૬૨ લાખ જે બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર થયા તે બેન્ક એકાઉન્ટનો ધારક દિલ્હીનો એક સ્ટુડન્ટ હતો. આરોપીઓએ તેનો જ ઉપયોગ કર્યો હતો અને એક નાઈઝિરિયનને ઓળખી લીધો હતો. ત્યારબાદ પોલીસે ઠગો ક્યાં રહે છે અને તેમની ઉઠકબેઠક ક્યાં છે, શું પ્રવૃત્તિ કરે છે જેવી માહિતી માટે બાતમીદારો ઉભા કર્યા હતા. છેલ્લા બે દિવસથી ઠગોની અવરજવરની માહિતી મળતાં પોલીસે વોચ રાખી હતી. ૧૨ કલાકની જહેમત બાદ ત્રણેય ઠગ ફ્લેટમાંથી નીચે ઊતરતાં ઝડપી પાડયા હતા. આ પૈકી એક ઠગ છટકી જતાં પીઆઇ બી એન પટેલે ૨૦૦ મીટર સુધી દોટ મૂકીને તેને દબોચી લીધો હતો.

### ત્રણેય નાઈજીરિયનના વિઝા પૂરા થઈ ગયા હોવા છતાં ભાડેથી ફ્લેટમાં રહેતા હતા

ઓનલાઇન ઠગાઇ કરતી નાઇઝિરિયન ઠગો ભારતમાં ગેરકાયદે રહેતા હોવાની પ્રાથમિક માહિતી મળી છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે, ત્રણેય ઠગો પૈકી લેઝુઓ જહોન પાંચ વર્ષથી રહેતો હતો. જ્યારે બીજા બે સાગરીત બે વર્ષથી રહેતા હતા. ત્રણેયના વિઝા પૂરા થઇ ગયા હોવાની અને તેમ છતાં ભાડેથી ફ્લેટમાં રહેતા હોવાની માહિતી મળી છે.

ઈસરી પોલીસ સ્ટેશન વિસ્તારનો બનાવ

# દારૂની બોટલ તોડતા મિત્રોએ મિત્રની હત્યા કરતા ચકચાર

મોડાસા, તા.૮

અરવલ્લી જિલ્લાના કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ફરી એકવાર સવાલો ઉઠ્યા છે. ઈસરી પોલીસ સ્ટેશનના વિસ્તારમાં દારૂની બોટલ તોડવાના સામાન્ય વિવાદે ચકચાર મચાવી છે. કુણોલ (લાલપુર) ગામનો ૨૫ વર્ષીય યુવક સંજયસિંહ ભીખુસિંહ રાઠોડ પર આકરા પ્રહાર થતા તેનું મોત નીપજ્યું હતું.

સંજયસિંહ પોતાના કૌટુંબિક ભાઈના લગ્ન પ્રસંગે વરઘોડો પતાવીને મિત્રો સાથે બોર્ડર વિસ્તારમાં ગયો હતો. ત્યાં તીખી બોલાચાલી બાદ તેની પર ચાકુ જેવા ઘાતક હથિયારો વડે જીવલેણ હુમલો કરાયો. ઘાયલ સંજયસિંહને તાત્કાલિક સારવાર માટે સી.એસ.સી. ખાતે લઈ જવાયો હતો, જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો.

ઘટનાની જાણ થતાં જ ઈસરી પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.આર. ડામોર દ્વારા તાત્કાલિક તપાસ હાથ ધરાઈ. આ ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને એલ.સી.બી., એસ.ઓ.જી. અને ચાર અલગ-અલગ ટીમોએ ત્વરિત કાર્યવાહી કરી. ગણતરીના કલાકોમાં ત્રણ આરોપીઓને પકડી પાડવામાં આવ્યા હતા અને તેમને જેલ ભેગા કરવામાં આવ્યા હતાં.

જે અન્વયે એચ.આર.ડામોર પોલીસ ઈન્સ્પેકટર ઇસરી પોલીસ સ્ટેશન સદર ગુન્હાની તપાસના કામે ઈસરી પોલીસ સ્ટેશનની એક ટીમ બનાવીને મદદ મેળવી. આરોપી ૧.જયદિપસિંહ ઉર્ફે જીતેન્દ્રસિંહ અભેસિંહ રાઠોડ ૨. આકાશસિંહ ત્રાસિંહ રાઠોડ અને ૩. વિરેન્દ્રસિંહ ઉર્ફે રાજુ નવનીતસિંહ સોલંકિ આ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

# કરજણના સાંસરોદ ગામે ક્લિનિકનો પ્રારંભ : અનેક લોકોએ લાભ લીધો



પાલેજ, તા.૮

કરજણના સાંસરોદ ગામે વલણ હોમિયોપેથીક મેડિકલ કોલેજ તેમજ વલણ હોસ્પિટલ દ્વારા સાંસરોદ ગામ ખાતે સાંસરોદ વેલ્ફેર ટ્રસ્ટ અને એહસાસ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી ક્લિનિકનો પ્રારંભ કરાયો હતો. વલણ હોસ્પિટલના સંચાલકો તેમજ વલણ મેડિકલ કોલેજના તબીબ સાથે કોલેજનો સ્ટાફ હાજર રહ્યો હતો જેમાં મોટી સંખ્યામાં દર્દીઓ એ લાભ લીધો હતો આ ક્લિનિક એહસાસ ચેરિટેબલ ટ્રસ્ટ ક્લિનિક દર શનિવારના રોજ ખુલ્લું મુકાશે જેમાં વલણ હોમિયોપેથીક કોલેજ તેમજ વલણ હોસ્પિટલ દ્વારા મુખ્ય રોગોનું નિદાન વિના મુલ્યે આપવામાં આવશે તેમજ રોજિંદા જીવનમાં મુખ્ય બીમારી એવી ઘર કરી ગઈ હોય જેવી કે બ્લડ પ્રેસર, ડાયાબિટીસ, જેવા રોગથી મોટા પ્રમાણમાં લોકોના જીવનમાં નિરાશા જોવા મળી રહી છે તે સંદર્ભે તેમજ બીજા અન્ય દરેક રોગોનું નિદાન હોમિયોપેથીક દ્વારા વિના મૂલ્યે સારવાર કરવામાં આવશે હોમિયોપેથીક દવાની કોઈ પણ આડઅસર રહેતી નથી એમ ડો. સી. કે. દાસ એ જણાવ્યું હતું.

લીંબડી ને.હાઈવે પર આવેલા હોટલના

# પાનના ગલ્લા પર એમઆરપી કરતાં વધુ ભાવ લેવાના મુદ્દે ગ્રાહક અને સંચાલક વચ્ચે મારામારી

સુરેન્દ્રનગર, તા.૮

લીંબડી નેશનલ હાઈવે પર આવેલ હોટલના સંચાલકોની દાદાગીરી સામે આવી છે. એક ગ્રાહક દ્વારા પાનના ગલ્લા પર વેપારીને એમઆરપી કરતા વધુ ભાવ લેવા બાબતે ટકોર કરતા વેપારી ઉગ્ર બની ગયો હતો. જેનો વીડિયો પણ સામે આવ્યો છે.

બે વ્યક્તિ હોટલમાં આવેલ પાનના ગલ્લા પર ગયા હતા. જે બાદ તેણે લીધેલી વસ્તુઓના ભાવ MRP કરતા વધુ વસૂલવામાં આવ્યા હતા. જેની ગ્રાહકોએ વીડિયો ઉતારતા પૂછ્યું કે, વધારે ભાવ કેમ લઈ રહ્યા છો, તો ગલ્લાવાળો શખ્સ ઉગ્ર થઈ ગયો હતો અને તે બંને હોટલના પાછળના ભાગે લઈ જવા લાગ્યો હતો. આ બાદ સામાન્ય બોલાચાલી બાદ ગલ્લો ચલાવનાર ઉગ્ર થઈ ગયો હતો અને મારામારી પર આવી ગયો હતો. ગ્રાહક વીડિયો ઉતારતો હતો તો ગલ્લાવાળો શખ્સ તેના પર તૂટી પડ્યો હતો.

ઝઘડો જોઈને હોટલના સંચાલકો પણ આવી ગયા હતા અને વીડિયો ઉતારવા બાબતે આ શખ્શો સામે મારામારી કરવા લાગ્યા હતા. આ બાબતે પોલીસ ફરિયાદ પણ કરવામાં આવી છે. આ બંને ગ્રાહકો દ્વારા કરવામાં આવેલી ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે કે, હોટલ પર રહેલા ૩થી ૪ અજાણ્યા શખ્સોએ અમારી સાથે મારામારી કરીને ગળામાં પહેરેલો સોનાનો ચેઈન આંચકી લીધો હતો. આ ઉપરાંત, અમને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની પણ લેખિત ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ બંને ગ્રાહકો દ્વારા જવાબદાર સંચાલકો અને માર મારનાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની માંગ કરી છે.

# હિંમતનગરના સાબર સ્ટેડિયમ ખાતે આર્ચરી સ્પર્ધાનો પ્રારંભ કરાયો

## ૧૧ કોલેજના ૪૪ ખેલાડીઓએ ભાગ લીધો



(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના સાબર સ્ટેડિયમ ખાતે આજે ઈન્ટર કોલેજ આર્ચરી સ્પર્ધાનો પ્રારંભ થયો હતો. જેમાં ૧૧ કોલેજના ૪૪ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ત્યારે વિજેતા થયેલા ખેલાડીઓ પૈકી પસંદગી પામેલા ખેલાડીઓ ભુવનેશ્વર ખાતે ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી આર્ચરી સ્પર્ધામાં HNGUનું પ્રતિનિધિત્વ કરશે.

આ અંગેની વિગત એવી છે કે, પાટણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની આર્ચરીની ભાઈઓ-બહેનોની સ્પર્ધા પ્રાંતિજની શ્રીમતી એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના યજમાનપદે રવિવારે હિંમતનગરના સાબર સ્ટેડિયમ ખાતે યોજાઇ હતી. આ ઈન્ટર કોલેજ આર્ચરી સ્પર્ધામાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની ૧૧ કોલેજોના ૨૮ ભાઈઓ તથા ૧૬ બહેનોએ ભાગ લીધો હતો. આ આર્ચરી સ્પર્ધામાં ખેલાડીઓએ ઈન્ડિયન આર્ચરી, રિકર્વ અને કમ્પાઉન્ડની ઈવેન્ટમાં ભાગ લઈને ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

આ સ્પર્ધામાં વિજેતા થનાર તથા ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટીમાં પસંદગી પામનાર તમામ ખેલાડીઓ આગામી સમયમાં ભુવનેશ્વર ખાતે કીટ યુનિવર્સિટીમાં રમવા જશે.આ આર્ચરી સ્પર્ધામાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મેડલ વિજેતા ખેલાડીઓ જેવા કે ભગોરા ભાર્ગવીએ કે જેમણે વર્લ્ડ ચેમ્પિયનશિપ આયર્લેન્ડ ખાતે ૨૦૨૩માં એશિયા કપ સિંગાપુર ૨૦૨૩માં ભાગ લીધો હતો. એશિયા કપ સાઉથ કોરિયા જૂન ૨૦૨૪ની ઈન્ડિયા ટીમના બ્રોન્ઝ મેડલ વિજેતા તેમના સભ્ય હતા. યુથ એશિયન ચેમ્પિયનશિપ ૨૦૨૪માં વ્યક્તિગતમાં ઈન્ડિયા ટીમ તરફથી સિલ્વર મેડલ મેળવેલ અને આ જ સ્પર્ધામાં ઈન્ડિયન ટીમની ઈવેન્ટમાં સિલ્વર મેડલ મેળવેલ ખેલાડીએ પણ ભાગ લીધો હતો.

# ભરૂચની વી.સી.ટી કન્યા શૈક્ષણિક સંકુલમાં સામાન્ય વિજ્ઞાન પ્રોજેક્ટ પ્રદર્શન યોજાયું



(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૮

સામાજિક વિજ્ઞાનના અભ્યાસમાં વિદ્યાર્થીનીઓના જ્ઞાન અને કૌશલ્ય વધારવા માટે ભરૂચ, મનુબર રોડ પર આવેલ વી.સી.ટી. શૈક્ષણિક કન્યા સંકુલના પ્રાંગણમાં સામાજિક વિજ્ઞાનના શિક્ષિકા બહેન જયશ્રીબેન જે. ઝાલાના માર્ગદર્શન હેઠળ શાળાની ધોરણ ૧૦ની વિદ્યાર્થીનીઓના વિવિધ જૂથ દ્વારા શિક્ષણના ભાગરૂપે સૌર ઉર્જા, પવન ઊર્જા, પ્રદૂષણ, સિંચાઈ પદ્ધતિ, જળ વ્યવસ્થાપન, સૌરમંડળ વગેરે જેવા મુદ્દા પર પ્રોજેક્ટ તૈયાર કરી પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના આ પ્રોજેક્ટ રસપ્રદ, આકર્ષક અને સર્જનાત્મક હતાં. આ પ્રદર્શનમાં વિદ્યાર્થીનીઓએ પોતાની કૃતિની રજૂઆત સમજબુદ્ધિ અને અનોખી શૈલીથી કરી હતી. શાળાની પ્રાથમિક વિભાગ (અંગ્રેજી & ગુજરાતી માધ્યમ), તેમજ મા. અને ઉ. મા. સહિત તમામ વિદ્યાર્થીનીઓ એ આનંદપૂર્વક પ્રદર્શન નિહાળી પોતાના જ્ઞાનમાં વધારો કર્યો હતો. શાળા સંકુલના CEO નુસરતજહાં એ પ્રદર્શન નિહાળ્યાં બાદ વિદ્યાર્થીનીઓમાં રહેલ સુસુપ્ત શક્તિઓને બિરદાવતાં અભિનંદન પાઠવ્યા હતાં.

વડોદરામાં ફ્રૂટના વેપારીના આપઘાતના પ્રયાસમાં

# કુખ્યાત કલ્પેશ કાછિયાના ઘરે સતત બીજા દિવસે પોલીસની તપાસ

## કલ્પેશ કાછિયા વિદેશ ભાગી ના જાય તે માટે પોલીસ દ્વારા એરપોર્ટ ઓથોરિટીને જાણ કરવા તજવીજ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૮

વડોદરાના ખંડેરાવ માર્કેટ વિસ્તારમાં ફ્રૂટનો ધંધો કરતા વેપારીએ વ્યાજખોરના ત્રાસથી આપઘાતની કોશિશ કરી હતી. આ કેસની તપાસ દરમિયાન નામચીન કલ્પેશ કાછીયાનું નામ ખૂલતા પોલીસ તેને શોધી રહી છે. પરંતુ, તે મળી આવતો નથી. આજે સતત બીજા દિવસે પણ પોલીસે તેના ઘરે તપાસ હાથ ધરી હતી.વારસિયા વિનાયક રેસિડેન્સીમાં રહેતા નરેશભાઇ કેસરીચંદ નેનાની ખંડેરાવ માર્કેટ ખાતે એસ.કે.ફ્રૂટ અને એન.કે.ફ્રૂટ નામની દુકાન ચલાવે છે. ફ્રૂટનો વેપાર કરવા માટે વર્ષ ૨૦૧૨થી ૨૦૨૦ સુધીમાં સંતોષભાઇ ઉર્ફે બાબુભાઇ ભાવસાર (રહે. રાજસ્થંભ સોસાયટી, રાજમહેલ રોડ) પાસેથી તેમણે ટૂકડે-ટૂકડે ૪૭ લાખ વ્યાજે લીધા હતા. જેની સામે પોણા બે કરોડ જેટલી રકમ ચૂકવી દીધી છે. તેમછતાંય વ્યાજખોર દ્વારા સતત ઉઘરાણી કરીને ધમકી આપવામાં આવતી હતી. આ કેસમાં પોલીસે સંતોષની ધરપકડ કરી ૪૭ લાખ અંગે તપાસ કરતા સંતોષે જણાવ્યું હતું કે, લોકોને વ્યાજે રૂપિયા આપવા માટે તે કલ્પેશ કાછીયા પાસેથી રૂપિયા લાવતો હતો. આ ગુનામાં કલ્પેશ કાછીયાનું નામ ખૂલતા નવાપુરા પોલીસ તપાસ માટે ઓલ્ડ પાદરા રોડ પરના રાધે ફ્લેટમાં ગઈકાલે ગઇ હતી. પરંતુ, તે મળી આવ્યો નથી. દરમિયાન પોલીસની ટીમે આજે સતત બીજા દિવસે પણ તેના ઘરે તપાસ કરી હતી. પરંતુ, તે મળી આવ્યો નથી. તેના ઘરે પોલીસ સર્ચ કર્યુ હતું. પરંતુ, કોઇ દસ્તાવેજ, મોબાઈલ ફોન કે પાસપોર્ટ મળી આવ્યા નથી. કલ્પેશ કાછિયો વિદેશ ભાગી ના જાય તે માટે પોલીસ દ્વારા એરપોર્ટ ઓથોરિટીને જાણ કરવા માટેની તજવીજ શરૂ કરવામાં આવી છે. કલ્પેશ કાછીયાના મોબાઈલ નંબરની વિગતો મંગાવી પોલીસે તેના સંપર્ક સૂત્રોની તપાસ હાથ ધરી છે. કલ્પેશ કાછીયાને કોણ મદદ કરી શકે છે. તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

# ભિલોડામાં અસામાજિક તત્ત્વોનો આતંક : પાંચ ગાડીના કાચ તોડ્યા

(સંવાદદાતા દ્વારા)

મોડાસા, તા.૮

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં અસામાજિક તત્વોનો આતંક સામે આવ્યો છે. બિરસામુંડા સર્કલ પાસે રૂદ્ર આર્કિટેક નજીક પાર્ક કરેલી પાંચ ગાડીઓના કાચ તોડી અસામાજિક તત્વો રાત્રી દરમિયાન ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં કારમાલિકોને ભારે આર્થિક નુકસાન પહોંચ્યું છે. કાચ તોડવાથી હજારો રૂપિયાનું નુકસાન થવાથી લોકોમાં રોષ ફેલાયો છે. સતત એવા બનાવોથી ગામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે અને કાયદા-વ્યવસ્થા પર પ્રશ્નો ઉઠ્યા છે. સ્થાનિક લોકોનો આરોપ છે કે ભિલોડામાં વારંવાર અસામાજિક તત્વો દ્વારા તોડફોડ અને નુકસાન થતું રહે છે. છતાં પોલીસ દ્વારા યોગ્ય અને ઉદાહરણરૂપ પગલાં ન લેવાતા લોકોમાં અસંતુષ્ટી છે. સ્થાનિક પોલીસને ઘટનાના ગુનેગારોને ઝડપીને કડક કાર્યવાહી કરવી તે જરૂરી બની છે, જેથી આવા અસામાજિક તત્વો માટે કાયદાનો ભય સ્થાપિત થઈ શકે અને લોકોનો વિશ્વાસ પુનઃપ્રસ્થાપિત થાય.

# બી.ઝેડ. કૌભાંડનો મામલો વાવ સુધી પહોંચ્યો ભાટવરના યુવકે બે લાખ ગુમાવ્યા

## વાવ પોલીસ મથક તેમજ જિલ્લા પોલીસવડાને અરજી આપી

ડીસા, તા.૮

વાવ તાલુકાના ભાટવર ગામના કેતન શામજીભાઈ ગોહિલે વાવ પોલીસ મથકમાં એક લેખિત અરજીથી ફરિયાદ આપી જણાવ્યું છે કે તેઓ એક વર્ષ અગાઉ પાલનપુર મુકામે સમજકલ્યાણ ઓફીસમાં કામકાજ અર્થે ગયેલા તે સમય દરમિયાન તેમને મૂળ વતની મશાલી તા.સુઈગામ જી.બ.કાના દાના વજાભાઈ પરમાર જોડે મુલાકાત થયેલ દાના ભાઈ એક બી.ઝેડ નામની કંપનીના એજન્ટ છે અને તેમના સી.ઇ.ઓ. મયુર દરજી છે તેમની સાથેના ફોટાઓ બતાવી કેતનભાઈ ગોહિલને વિશ્વાસમાં લઇ તારીખ ૧૨.૧૦.૨૦૨૩ના રોજ રૂપિયા બે લાખ એક વર્ષમાં ડબલ કરવા માટે લઈ પરંતુ તાજેતરમાં આપેલા બી.ઝેડ કંપનીનું કૌભાંડ બહાર આવતા કેતનભાઈ પટેલે એજન્ટની તપાસ કરતાં કોઈ સમ્પર્ક ન થતાં તેઓએ એક લેખિતમાં વાવ પોલીસ મથક ખાતે તેમજ જિલ્લા પોલીસ વડાને અરજી આપેલ છે. તેઓએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે મારી અરજીને પોલીસ ધ્યાનમાં લઈને જો સાચી દિશામાં તપાસ હાથ નહિ કરે તો હું ન્યાય માટે કોર્ટનો સહારો લઈશ. જો કે બ.કાં જિલ્લાના કેટલાય લોકો આ કમ્પનીનો ભોગ બન્યા છે. હવે જોવાનું એ રહ્યું કે બી.ઝેડ કંપનીના કૌભાંડનો ભોગ બનેલા કેતન ભાઈને નાણાં પરત મળશે કે નહીં ?

# સીરિયા : રશિયા અને ટ્રમ્પના નિવેદનો આ ઘટના અંગે ૧૦ મહત્ત્વના પોઈન્ટ

## સીરિયાના પ્રેસિડેન્સીએ એવા અહેવાલોને નકારી કાઢ્યા હતા કે અસદે દમાસ્કસ છોડી દીધું હતું અને કહ્યું હતું કે તેઓ રાજધાનીમાંથી તેમના કામ અને રાષ્ટ્રીય અને બંધારણીય ફરજોનું પાલન કરી રહ્યા છે

(એજન્સી) તા.૮

બળવાખોરોએ સીરિયામાં આગેકૂચ કરતા જણાવ્યું હતું કે તેઓ શનિવારે રાજધાની દમાસ્કસની નજીક હતા, જોકે બશર અલ-અસદ સરકારે શહેરની આસપાસના વિસ્તારોમાંથી સેના પાછી ખેંચી લીધી હોવાનો ઈન્કાર કર્યો હતો. બળવાખોરોએ દાવો કર્યો હતો કે તેઓએ શહેરને ઘેરી લીધું છે.

**આ ઘટનાના ૧૦-પોઈન્ટ**

૧. બળવાખોર કમાન્ડર હસન અબ્દેલ ગનીએ કહ્યું કે, 'અમારા દળોએ રાજધાનીને ઘેરી લેવાનો અંતિમ તબક્કો શરૂ કરી દીધો છે.

૨. હયાત તહરિર અલ-શામ (HTS)ના નેતા, જે આ હુમલાનું નેતૃત્વ કરી રહ્યા છે, તેમણે લડવૈયાઓને લાંબા નિષ્ક્રિય સંઘર્ષમાં નવેસરથી આક્રમણમાં માત્ર એક અઠવાડિયામાં અસદની સરકાર માટે પડકાર ઊભો કર્યો છે.

૩. એચટીએસના અહેમદ અલ-શારાએ ટેલિગ્રામ પરના એક નિવેદનમાં કહ્યું કે, દમાસ્કસ તમારી રાહ જોઈ રહ્યું છે.

૪. સીરિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે સૈન્ય દળો દમાસ્કસ ગ્રામ્ય વિસ્તારના તમામ વિસ્તારોમાં હાજર હતા. અમારા સશસ્ત્ર દળો દમાસ્કસ નજીકના સ્થાનોથી પાછા હટી ગયા હોવાનો દાવો કરતા સમાચારોમાં કોઈ સત્ય નથી. સીરિયાના રાષ્ટ્રપતિએ એવા અહેવાલોને નકારી કાઢ્યા હતા કે અસદે દમાસ્કસ છોડી દીધું હતું, અને કહ્યું હતું કે તેઓ રાજધાનીમાંથી તેમના કામ અને રાષ્ટ્રીય અને બંધારણીય ફરજોનું પાલન કરી રહ્યા છે.

૫. HTS મૂળભૂત રીતે અલ-કાયદાની સીરિયન શાખા છે. પશ્ચિમી સરકારો દ્વારા



આતંકવાદી સંગઠન તરીકે પ્રતિબંધિત છે. આ ઈસ્લામવાદી બળવાખોરો વધુ વિસ્તારો કબજે કરી રહ્યા છે, તેઓએ હવે તેમના નિયંત્રણ હેઠળના વિસ્તારોમાં રહેતા લઘુમતી જૂથોને આશ્વાસન આપવાનો પ્રયાસ કર્યો છે. અબ્દેલ ગનીએ કહ્યું કે, અમે તમામ સંપ્રદાયોને આશ્વાસન આપીએ છીએ કે સાંપ્રદાયિકતા અને જુલમનો યુગ હંમેશ માટે ખતમ થઈ ગયો છે.

૬. ગયા અઠવાડિયે આક્રમણ શરૂ થયું ત્યારથી, ઓછામાં ઓછા ૮૨૬ લોકો માર્યા ગયા છે, જેમાં મોટાભાગે લડવૈયા હતા અને તેમાં ૧૧૧ નાગરિકો પણ સામેલ છે. સંયુક્ત રાષ્ટ્રએ કહ્યું છે કે આ હિંસાને કારણે ૩.૭ લાખ લોકો વિસ્થાપિત થયા છે.

૭. રશિયાના વિદેશ પ્રધાન સર્ગેઈ લવરોવે જણાવ્યું હતું કે મોસ્કોના સાથી રાષ્ટ્રપતિ બશર અલ-અસદના દળો સામે લડતા આતંકવાદી બળવાખોરોના હાથમાં સીરિયા ન આવવા દેવું જોઈએ. આતંકવાદી જૂથ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવ ૨૨૫૪માં રહેલા કરારોનું ઉલ્લંઘન કરીને જમીન પર કબજો મેળવવાની મંજૂરી આપવી અસ્વીકાર્ય છે.

૮. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકને આ સંઘર્ષના રાજકીય ઉકેલ માટે હાકલ કરી હતી, તેમના પ્રવક્તાએ શુક્રવારે તુર્કીના વિદેશ પ્રધાન હકન ફિદાન સાથે વાત કરી હતી.

૯. યુએસના ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે જણાવ્યું હતું કે યુ.એસ. એ સીરિયાની પરિસ્થિતિમાં જોડવું જોઈએ નહીં. સીરિયા અમારૂ મિત્ર નથી, અને યુનાઈટેડ સ્ટેટ્સને તેની સાથે કોઈ લેવાદેવા નથી. આ અમારી લડાઈ નથી.

૧૦. એવા કોઈ સંકેત નથી કે બિડેન વહીવટીતંત્ર સિરીયામાં હસ્તક્ષેપ વિશે વિચારી રહ્યું છે. ટ્રમ્પે લાંબા સમયથી અલગતાવાદી અભિગમ અપનાવ્યો છે, અને આ વર્ષના પ્રમુખપદની ઝુંબેશ દરમિયાન તેમણે ઘણીવાર કહ્યું હતું કે તેઓ યુક્રેન અને ગાઝા યુદ્ધોને સમાપ્ત કરી શકે છે.

# આપણી લડાઈ નથી : સીરિયાની પરિસ્થિતિ અંગે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું વલણ

## ટ્રમ્પે કહ્યું હતું કે, સીરિયાના પ્રમુખ અસદને સત્તામાં રહેવા માટે અમેરિકાની મદદ નહીં મળે અને ન મળવી જોઈએ

(એજન્સી) ન્યૂયોર્ક, તા.૮

અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એવી ટકોર કરી છે કે સીરિયામાં બળવાખોર આક્રમણ સફળ થયા પછી અમેરિકાએ કોઈ લશ્કરી કાર્યવાહી કરવાથી દૂર રહેવું જોઈએ કેમકે આ આપણી લડાઈ નથી. અચાનક નાટ્યાત્મક રીતે સીરિયાના પાટનગર દમાસ્કસ સહિતના શહેરો વિપક્ષી બળવાખોર લડાકુ સંગઠને કબજે કરી લીધા બાદ પહેલીવાર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આ પ્રકારના ઉચ્ચારણ કરવામાં આવ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે સીરિયાના પ્રમુખ બસર અલ અસદને સત્તામાં ટકી રહેવા માટે અમેરિકાએ મદદ કરવી જોઈએ નહીં. અસદ શાસનને ઈરાન અને રશિયા નું સમર્થન મળ્યું છે. અમેરિકાએ પ્રતિક્રિયા આપી છે કે બળવાખોર લડાકુઓ છેક પાટનગર દમાસ્કસ સુધી પહોંચી ગયા એ બતાવે છે કે યુક્રેનના યુદ્ધ અને અન્ય પ્રાદેશિક સમસ્યાઓને કારણે રશિયા અને ઈરાનનું ધ્યાન અત્યારે અલગ મુદ્દાઓ ઉપર લાગેલું છે અને સીરિયાની પરિસ્થિતિથી તેઓ વિમુખ દેખાય છે. અમેરિકાએ ચોખવટ કરી છે કે બળવાખોર સંગઠનોને અમેરિકા ટેકો આપી રહ્યું નથી અને અત્યારે અમેરિકા કોઈ લશ્કરી દરમિયાનગીરી પણ કરવાનું નથી. અત્યારે ઉત્તર સીરિયામાં કુર્દ બળવાખોરોના ટેકામાં અમેરિકાના ૯૦૦ જેટલા સૈનિકો, તૈનાત કરવામાં આવેલા છે. આઈએસ સંગઠન પુનરાગમન ન કરે તે માટે અત્યારે અમેરિકાનું આટલું લશ્કર ત્યાં ગોઠવાયેલું છે. અમેરિકા હવે શું કરે છે અને કઈ રીતે



આગળ વધે છે તેના તરફ નિરીક્ષકોની નજર છે. ગઈકાલે યુનો ખાતેના સીરિયાના રાજદૂતે પણ દેશમાં શાંતિ સાથે અને પદ્ધતિસર રાજકીય પરિવર્તન આવી જાય એ માટે જીનિવામાં તાકીદની વાટાઘાટો કરવા અનુરોધ કર્યો છે. પોતાની પોસ્ટમાં ટ્રમ્પ લખે છે કે યુક્રેનના યુદ્ધમાં અત્યારે રશિયા એટલું બધું ફસાયેલું છે કે સીરિયામાં આગળ વધી શકે તેમ નથી અને ત્યાં લશ્કરી કાર્યવાહીમાં આગળ ધપી શકે તેવી તેની ક્ષમતા દેખાતી નથી. સીરિયામાં ગરબડ છે પણ એ આપણો મિત્ર નથી એટલે એ લડાઈ આપણી નથી એટલે અમેરિકાએ તેમાં કશું કરવાનું રહેતું નથી અને આપણે તેમાં સંડોવણી કરવા જેવી નથી.

# યુદ્ધગ્રસ્ત ગાઝામાં ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૩૩ પેલેસ્ટીની નાગરિકો શહીદ, ૬૦થી વધુ ઘાયલ

(એજન્સી) તા.૮

શનિવારે મધ્ય અને દક્ષિણ ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા ૩૩ પેલેસ્ટીની માર્યા ગયા અને ૬૦થી વધુ ઘાયલ થયાની માહિતી સામે આવી છે. એનાદોલુ એજન્સીએ આ અહેવાલ આપ્યો છે.

અલ-અવદા હોસ્પિટલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઈઝરાયેલના હવાઈ હુમલામાં નુસરત શરણાર્થી શિબિરમાં ઘણા ઘરોને નિશાન બનાવ્યા હતા, જેમાં ૨૬ પેલેસ્ટીની માર્યા ગયા હતા અને ૬૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

એમ એક તબીબી સૂત્રએ એનાદોલુને જણાવ્યું હતું કે રફાહ શહેરની પૂર્વમાં અબુ હલાવા જંકશન નજીક ઈઝરાયેલી ડ્રોન દ્વારા તેમની મોટરસાઈકલને નિશાન બનાવવામાં આવતાં બે પેલેસ્ટીનીઓ માર્યા ગયા હતા.

અલ-અક્સા શહીદ હોસ્પિટલના અન્ય એક તબીબી સ્ત્રોતે જણાવ્યું હતું કે ગાઝા સ્ટ્રીપના મધ્ય ભાગમાં દેર અલ-બાલાહ શરણાર્થી શિબિરમાં અલ-નખિલ સ્ટ્રીટ પર રહેણાંક એપાર્ટમેન્ટમાં ઈઝરાયેલી ડ્રોને બોમ્બમારો કર્યો હતો, જેમાં બે પેલેસ્ટીની માર્યા ગયા હતા અને



અન્ય ઘાયલ થયા હતા. અહેવાલ અનુસાર, ત્રણ પેલેસ્ટીની મૃતદેહો દક્ષિણ ગાઝા પટ્ટીમાં ખાન યુનિસની પૂર્વમાં યુરોપિયન ગાઝા હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યારે ઈઝરાયેલી ડ્રોને રફાહની પૂર્વમાં લોટની શોધમાં ફાંફા મારતા પેલેસ્ટીની નાગરિકોના જૂથને નિશાન બનાવ્યું હતું.

ઈઝરાયેલે ઓક્ટોબર ૨૦૨૩માં ગાઝા પટ્ટી પર નરસંહારની શરૂઆત કરી હતી, જેમાં અત્યાર સુધીમાં ૪૪,૬૦૦થી વધુ લોકો માર્યા ગયા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે અને લગભગ ૧૦૬,૦૦૦ ઘાયલ થયા છે. ગયા મહિને, ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન યોવ ગેલેન્ટ માટે ગાઝામાં યુદ્ધ અપરાધો અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ માટે ધરપકડ વોરંટ જારી કર્યું હતું.

# સીરિયન બળવાખોર નેતા અબુ મોહમ્મદ અલ-જુલાની કોણ છે, જેણે અસદ શાસનને ઉથલાવી દીધું ?

(એજન્સી) તા.૮

મધ્ય-પૂર્વમાં આવેલું સીરિયા ગૃહયુદ્ધમાં અટવાયેલું છે. વિદ્રોહી દળ હયાત તહરિર અલ શામ (HTS)એ રાજધાની દમાસ્કસ પર કબજો કરી લીધો છે. રાષ્ટ્રપતિ બશર અલ-અસદ સપરિવાર દેશ છોડીને ભાગી ગયા છે. અહેવાલ આવ્યો છે કે તેમના વિમાનને બળવાખોરોએ તોડી પાડ્યું છે અને એમાં અસદ મૃત્યુ પામ્યા છે. સીરિયન આર્મીને પણ બળવાખોરોની શરણાગતિ સ્વીકારી લેવા માટે કહેવામાં આવ્યું છે. રાષ્ટ્રવ્યાપી બળવામાં એક અગ્રણી ચહેરો ઊભરીને સામે આવ્યો છે અને એ છે HTSનો વડો અબુ મોહમ્મદ અલ-જુલાની છે. અલ કાયદા અને આઈએસઆઈએસમાંથી બેઠો થયેલો કટ્ટરપંથી, સલાફી વિચારધારાનો અનુયાયી એવો જુલાની હાલમાં સીરિયામાં સૌથી શક્તિશાળી વ્યક્તિ બની ગયો છે. જુલાનીનો જન્મ સઉદી અરેબિયામાં થયો હતો, પણ એનો પરિવાર મૂળ સીરિયાનો છે. ૧૯૮૨માં જન્મેલા જુલાનીનું અસલી નામ અહેમદ હુસૈન અલ-શરા છે. તેના પિતા દમાસ્કસમાં ઓઈલ એન્જિનિયર હતા. જુલાની નાની ઉંમરમાં જ આતંકવાદી સંગઠનોમાં જોડાઈ ગયો હતો. અમેરિકાનું આક્રમણ શરૂ થયું તે પહેલા તે ૨૦૦૩માં ઈરાક ગયો હતો. ત્યાં તેની ધરપકડ કરવામાં આવી હતી. ૨૦૦૮માં જેલમાંથી છૂટ્યા પછી તે અલ કાયદામાં જોડાઈ ગયો હતો, જેનું નેતૃત્વ અબુ બકર અલ બગદાદી કરી રહ્યો હતો. જુલાની બગદાદીનો વિશ્વાસુ હતો.



૨૦૧૧માં સીરિયામાં પોતાનું નેટવર્ક વિસ્તારવાની જવાબદારી બગદાદીએ જુલાનીને સોંપી હતી. જુલાનીએ સીરિયામાં અલ-કાયદાની સીરિયન શાખા જભાત અલ-નુસરાની સ્થાપના કરી હતી. ૨૦૧૬માં તેણે અલ-કાયદાથી છેડો ફાડી લીધો અને પોતાનું અલગ જૂથ બનાવ્યું. નામ આપ્યું, તહરિર અલ-શામ સીરિયામાં પોતાની સ્વાયત્તતા જાળવી રાખવા માટે તેણે આમ કર્યું હતું અને એમાં તે સફળ પણ રહ્યો. ઈદલિબ સહિત ઘણા વિસ્તારોમાં તેનો પ્રભાવ ઝડપથી વધ્યો. ઓક્ટોબર ૨૦૧૯માં બગદાદી અમેરિકાના હવાઈ હુમલામાં માર્યો ગયો, ત્યારે તેનું જૂથ વિખેરાઈ ગયું, પણ જુલાનીએ સીરિયામાં પોતાનું સામ્રાજ્ય ફેલાવવાનું ચાલુ રાખ્યું. એ સમયગાળા દરમિયાન રાષ્ટ્રપતિ અસદ બળવાખોરો પર અંકુશ મૂકવામાં સફળ રહ્યા હતા. જોકે, જુલાનીએ ઈદલિબ વિસ્તારમાં નિયંત્રણ જાળવી રાખ્યું. 'ફ્રી સીરિયન આર્મી' સાથે મળીને તેણે ઈદલિબમાં સત્તા કબજે કરી. એ દરમિયાન જુલાની ક્યારેય ઈઝરાયેલ કે અમેરિકા સામે નહોતો પડ્યો. ન તો ઈઝરાયેલ કે અમેરિકાએ તેને નિશાના પર લીધો. અસદ સરકાર સાથે યુદ્ધ બંધ થયા પછી શાંતિના સમયગાળા દરમિયાન જુલાનીએ HTSના નેજા હેઠળ મજબૂત સૈન્ય બનાવ્યું. એ પછી તે યોગ્ય તકની રાહ જોવા લાગ્યો. ઈઝરાયેલ જ્યારે હિઝબુલ્લાહ અને ઈરાન સાથે સંઘર્ષમાં ઉતર્યું ત્યારે લાગ જોઈને જુલાનીએ અસદ સામે મોરચો ખોલ્યો, જેમાં તે સફળ થયો અને હવે તે સીરિયાનો સર્વસત્તાધીશ બનવાથી એક કદમ દૂર છે.

# અસદના જુલમી શાસન સામે લડનારા સીરિયાના બળવાખોરો કોણ છે ?

## આ લડવૈયાઓનું નેતૃત્વ સીરિયાના સૌથી શક્તિશાળી બળવાખોર જૂથ હયાત તહરિર અલ-શામ (HTS) દ્વારા કરવામાં આવે છે, જેની સાથે તુર્કી સમર્થિત સીરિયન મિલિશિયા છે અને આ છત્ર જૂથને સીરિયન નેશનલ આર્મી કહેવાય છે

(એજન્સી) તા.૮

વિપક્ષી લડવૈયાઓની અદભૂત આગેકૂચ સાથે તેઓએ દમાસ્કસમાં પ્રવેશ કર્યો અને અસદની સીરિયાની સરકાર પડી ગઈ છે. સીરિયન વડાપ્રધાન મોહમ્મદ ગાઝી જલાલીએ જણાવ્યું હતું કે સરકાર વિપક્ષને સમર્થન આપવા તૈયાર છે. જલીલીએ એક વીડિયો નિવેદનમાં જણાવ્યું હતું કે, હું મારા ઘરમાં છું અને હું સવારે મારૂ કામ ચાલુ રાખવા માટે ઓફિસમાં જઈશ અને તેઓએ સીરિયન નાગરિકોને જાહેર સંપત્તિને નુકસાન ન કરવા હાકલ કરી છે. સીરિયન વિપક્ષી યુદ્ધ મોનિટર, રામી અબ્દુર્રહમાને જણાવ્યું હતું કે અસદ રવિવારે વહેલી સવારે દમાસ્કસથી ફ્લાઈટમાં દેશ છોડ્યો હતો. જલીલીએ અસદની વિદાયના અહેવાલો પર વાત કરી ન હતી. વિપક્ષી લડવૈયાઓ આ કટોકટીમાં સીરિયાની રાજધાનીમાં પ્રવેશ્યા જેણે વિશ્વને આશ્ચર્યચકિત કરી દીધું છે. સીરિયાની સેનાએ ઓછા પ્રતિકાર સાથે મુખ્ય શહેરોને છોડી દીધું છે. પરંતુ, આ વિરોધી લડવૈયાઓ કોણ છે ? જો તેઓ સીરિયાના કેટલાક મોટા શહેરો પર કબજો કર્યા પછી દમાસ્કસ પર કબજો મેળવે, તો પછી શું થઈ શકે છે ? છેલ્લા ૧૦ દિવસમાં અસદ અને સરકાર માટે ખતરો છે અને સીરિયાના ૧૩-વર્ષનું ગૃહ યુદ્ધ ફરી શરૂ થતાં હવે શું થઈ શકે છે. ૨૦૧૮ પછી વિપક્ષી દળો સીરિયાની રાજધાનીની બહારના વિસ્તારમાં પહોંચ્યા હોય તેવું આ પ્રથમ વખત બન્યું છે. આ લડવૈયાઓનું નેતૃત્વ સીરિયાના સૌથી શક્તિશાળી બળવાખોર જૂથ, હયાત તહરિર અલ-શામ (HTS) દ્વારા કરવામાં આવે છે, જેની સાથે તુર્કી સમર્થિત સીરિયન મિલિશિયા છે અને આ છત્ર જૂથને સીરિયન નેશનલ આર્મી કહેવાય છે. આ બંને ઉત્તર-પશ્ચિમમાં પ્રવેશ્યા છે. તેઓએ ૨૭ નવેમ્બરે સીરિયાના સૌથી મોટા શહેર અલેપ્પો અને ચોથા સૌથી મોટા શહેર હામા પર કબજો કરીને આ આક્રમણ શરૂ કર્યું હતું. HTSનું મૂળ અલ-કાયદામાં છે અને યુ.એસ. અને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તેને આતંકવાદી સંગઠન ગણવામાં આવે છે. પરંતુ આ જૂથે જણાવ્યું હતું કે તેણે અલ-કાયદા સાથેના સંબંધો કાપી નાખ્યા છે, અને નિષ્ણાતો કહે છે કે HTSએ તાજેતરના વર્ષોમાં તેમના પ્રદેશમાં નાગરિક સરકારને પ્રોત્સાહન આપવા તેમજ લશ્કરી કાર્યવાહી પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. એચટીએસના નેતા અબુ મોહમ્મદ અલ-ગોલાનીએ સીરિયાથી ગુરુવારે સીએનએનને એક વિશિષ્ટ ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે આક્રમણનો હેતુ અસદની સરકારને ઉથલાવી દેવાનો છે. એચટીએસ અને સીરિયન નેશનલ આર્મી ક્યારેક સાથી તો ક્યારેક હરીફ રહ્યા છે અને તેમના ઉદ્દેશો અલગ હોય શકે છે. તુર્કી સમર્થિત મિલિશિયાને અંકારા સાથેના મતભેદમાં કુર્દિશ આતંકવાદીઓને દૂર રાખવા



માટે તુર્કીની સરહદ નજીક બફર ઝોન બનાવવામાં પણ રસ છે. તુર્કી અસદને ઉથલાવી દેવા માંગતા લડવૈયાઓ માટે મુખ્ય સમર્થક છે પરંતુ તાજેતરમાં જ સમાધાનની વિનંતી કરી છે, અને તુર્કીના અધિકારીઓએ વર્તમાન આક્રમણમાં કોઈપણ સંડોવણીના દાવાઓને નકારી કાઢ્યા છે. તો શું એચટીએસ અને સીરિયન નેશનલ આર્મી સાથે મળીને કામ કરશે અને જો તેઓ અસદને ઉથલાવી દેવામાં સફળ થશે અથવા ફરીથી એકબીજા સાથે કામ કરશે તે એક મોટો પ્રશ્ન છે. દારા એ સુન્ની મુસ્લિમ વિસ્તાર છે. ૨૦૧૮માં સીરિયન સરકારી સૈનિકો દ્વારા દારાને ફરીથી કબજે કરવામાં આવ્યો હતો, પરંતુ કેટલાક વિસ્તારોમાં બળવાખોરો રહ્યા હતા. તાજેતરના વર્ષોમાં, દારા રશિયન-મધ્યસ્થી યુદ્ધવિરામ કરાર હેઠળ અસ્વસ્થ શાંત સ્થિતિમાં હતું. અને સીરિયાના પૂર્વનો મોટાભાગનો ભાગ સીરિયન ડેમોક્રેટિક ફોર્સિસ દ્વારા નિયંત્રિત છે, યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા સમર્થિત કુર્દિશ આગેવાની હેઠળનું જૂથ ભૂતકાળમાં દેશના મોટાભાગના અન્ય સશસ્ત્ર જૂથો સાથે અથડામણ કરી ચૂક્યું છે. સીરિયાની સરકાર પાસે હવે ૧૪ પ્રાંતીય રાજધાનીઓમાંથી માત્ર ત્રણ પર નિયંત્રણ છે : દમાસ્કસ, લટાકિયા અને ટાર્ટસ. સરકાર તરફી આઉટલેટ અને બ્રિટન સ્થિત સીરિયન ઓબ્ઝર્વેટરી ફોર હ્યુમન રાઈટ્સ અનુસાર સીરિયન સૈનિકોએ શનિવારે મધ્ય શહેર હોમ્સના મોટા ભાગમાંથી પીછેહઠ કરી હતી, જે સીરિયાનું ત્રીજુ સૌથી મોટું શહેર છે. જો તે શહેર કબજે કરવામાં આવે છે, તો દમાસ્કસ અને દરિયાકાંઠાના પ્રદેશ વચ્ચેની લિંક કાપી નાખવામાં આવશે. અસદ હાલમાં કમજોર છે કારણ કે તેના સાથી રશિયા અને ઈરાન અન્ય સંઘર્ષોમાં છે અને લેબનોન સ્થિત હિઝબુલ્લાહ હવે યુદ્ધવિરામ હેઠળ ઈઝરાયેલ સાથેના તેના યુદ્ધને કારણે નબળું પડી ગયું છે. સીરિયા માટે યુ.એન.ના વિશેષ દૂત, ગીર પેડરસન જીનીવામાં તાકીદની વાટાઘાટો કરવા માંગે છે, અને કહ્યું કે પરિસ્થિતિ મિનિટે મિનિટે બદલાઈ રહી છે. તેમણે દોહા સમિટ વચ્ચે સાઉદી અરેબિયા, રશિયા, ઈજિપ્ત, તુર્કી અને ઈરાન સહિત આઠ મુખ્ય દેશોના વિદેશ પ્રધાનો અને વરિષ્ઠ રાજદ્વારીઓ સાથે મુલાકાત કરી હતી.

# સીરિયાની જેલમાં ૪૦ વર્ષ સુધી કેદ રહ્યા બાદ આખરે લેબેનોનનો યુવક જેલથી મુક્ત

(એજન્સી) તા.૮

લેબેનોનમાં અપહરણ કરાયેલા અને ગુમ થયેલા વ્યક્તિઓના પરિવારોની સમિતિએ શુક્રવારે જાહેરાત કરી હતી કે સીરિયામાં દાયકાઓથી અટકાયતમાં રહેલા લેબેનીઝ વ્યક્તિની ઓળખ કરી લેવામાં આવી છે. એક નિવેદનમાં, સમિતિએ જણાવ્યું હતું કે ગુમ થયેલા લોકોના પરિવારોમાં આશા અને ચિંતા બંને જાગી છે. ખાસ કરીને જેઓ હજુ પણ લેબેનીઝ ગૃહ યુદ્ધ (૧૯૭૫-૧૯૯૦) બાદથી ગુમ છે જેમને સીરિયાની જેલોમાં રાખવામાં આવ્યા હોવાનું મનાય છે." નિવેદનમાં ઉમેર્યું હતું કે, "અમે ઉત્તરી લેબેનોનના અક્કર ગવર્નરેટના અલી હસન અલ-અલી નામના એક વ્યક્તિ સિવાય, હમા જેલમાંથી મુક્ત થયેલા લોકોની ઓળખ કરવામાં અસમર્થ છીએ, જેનું નામ અમારી યાદીમાં દેખાય છે" સમિતિએ એવી શક્યતા પણ વ્યક્ત કરી હતી કે અન્ય લેબેનીઝ અટકાયતીઓ મુક્ત કરાયેલા લોકોમાં સામેલ હોઈ શકે છે. લેબેનોનમાં સીરિયાની ૨૯-વર્ષની હાજરી દરમિયાન (૧૯૭૬-૨૦૦૫), ઘણા લેબેનીઝની ધરપકડ કરવામાં આવી હતી અને "સીરિયન નિયંત્રણનો વિરોધ" અથવા "પ્રતિકૂળ સંસ્થાઓ સાથે શંકાસ્પદ સહયોગ" જેવા કારણોસર સીરિયન જેલોમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. અન્ય ઘણા લોકો અસ્પષ્ટ સંજોગોમાં ગાયબ થઈ ગયા હતા.



સમિતિએ લેબેનીઝ સરકારને મુક્ત કરાયેલ વ્યક્તિઓની ઓળખ ચકાસવા, સંબંધિત સીરિયન પક્ષોનો સંપર્ક કરવા અને અટકાયતીઓને તેમના પરિવારોને સુરક્ષિત રીતે પરત કરવા માટે કટોકટી સમિતિની સ્થાપના કરીને તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી. તેણે એ પણ અહેવાલ આપ્યો છે કે તેની સૂચિમાં માત્ર લેબનીઝ નાગરિકો જ નહીં પરંતુ લેબેનોનમાં ગાયબ થયેલા અન્ય રાષ્ટ્રીયતાના વ્યક્તિઓ પણ સામેલ છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# વિશ્વમાં મોબાઈલ-ઓનલાઈન ચોરોનો સૌથી વધુ ભોગ ભારતીયો બને છે ત્યારે...

આપણે ત્યાં નિવાસસ્થાનો કે દુકાનો-વ્યાપારી પ્રતિષ્ઠાનો, ફેકટરીઓ વગેરેમાં ચોરી-લૂંટ વગેરે સામે રક્ષણ આપવા માટે વર્ષોથી તંત્ર સજ્જ છે અને એમાં સમયની સાથોસાથ સીસીટીવીથી માંડીને અનેક આધુનિક પદ્ધતિઓ પણ અમલમાં આવી ગઈ છે. જેના કારણે ઘરફોડથી માંડીને ધાડ-લૂંટ જેવા ગુનાઓ પ્રમાણમાં ઓછા બને છે અને આવા બનાવો જે બને છે તેને ઉકેલી પણ લેવાય છે. પરંતુ છેલ્લા વર્ષોમાં સાઈબર ચોરોએ દેશભરમાં જે ઉપાડો લીધો છે એ અભૂતપૂર્વ છે. ઘરફોડ ચોરીઓ પ્રત્યક્ષ ચોરો દ્વારા થાય છે પરંતુ મોબાઈલ કે ઈન્ટરનેટના માધ્યમ થકી ચોરીઓ અદૃશ્ય ચોરો દ્વારા થાય છે અને આ ચોરીની રકમ પણ પ્રત્યક્ષ નહીં પણ બારોબાર અદૃશ્ય રીતે થઈ જાય છે....વળી ભારતમાં જ્યારથી ડિઝિટલાઈજેશન પર જ વધુ ભાર મુકાયો છે. ત્યારથી તો આ ચોરીઓનું પ્રમાણ એટલું વધી ગયું છે કે આ પ્રકારની ઓનલાઈન છેતરપિંડી કે ચોરીઓનો વિશ્વમાં સૌથી વધુ ભોગ ભારતીયો બને છે...દુનિયામાં થતી કુલ ચોરીઓના ૨૮ ટકા ભોગ તો ફકત ભારતીયો જ બનતા હોવાના ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. ત્યારે એટલું તો કહેવું જ પડે કે આપણા દેશમાં જેટલો ભાર ડિઝિટલ લેવડ-દેવડ પર મુકાયો તેના દસ ટકા જેટલો ભાર પણ આ લેવડ-દેવડને સુરક્ષિત બનાવવા પર મુકાયો નથી. પરિણામે આજે સાઈબર ચોરીઓનો સૌથી વધુ ભોગ ભારતીયો બની રહ્યા છે. એક તો આપણા દેશમાં આમેય શિક્ષણની ઉણપ છે અને એમાંય ડિઝિટલ વ્યવહાર માટે શિક્ષિત લોકોની સંખ્યા તો પ્રમાણમાં સાવ ઓછી છે એટલે ચાલાક સાઈબર ચોરોને અહીં સરળતાથી શિકાર મળી જાય છે. વળી આપણે ત્યાં મોબાઈલ ફોનનું એટલું વ્યાપક ચલણ થઈ ગયું છે કે સાવ અભણ માણસો પણ તેને વાપરી રહ્યા છે અને કેટલીક જગ્યાએ તો નાગરિકોની વસ્તી કરતા મોબાઈલ ફોનની સંખ્યા વધુ છે. મોબાઈલના આટલા જંગી વપરાશ સામે લોકોને સાઈબર અપરાધની સામે જે સુરક્ષા મળવી જોઈએ તે મળી રહી નથી. મોટા ભાગના લોકો પણ મોબાઈલના જોખમોથી અજાણ છે તો સામે સરકાર પક્ષે પણ આ બાબતે જરૂરી સલામતી પૂરી પડાઈ રહી નથી પરિણામે લોકો ડગલેને પગલે આ સાઈબર ગુનાઓનો ભોગ બની રહ્યા છે... સાઈબર ક્રાઈમના વધતા જતા બનાવો વચ્ચે મોબાઈલ ફોન યુઝર્સ માટે જોખમ સતત વધી રહ્યું છે. એક તરફ લોકોનો ડેટા ચોરાઈ રહ્યો હોવાની સતત ખબરો આવી રહી છે તો બીજી તરફ મોબાઈલ ફોનની ચોરીની ઘટનાઓ મોટાપાયે થવા લાગી છે. મતલબ કે લોકોની ગોપનીયતા જોખમમાં છે. બેંકિંગ વ્યવહારો સહિત તેમની તમામ પ્રવૃતિઓ કોઈની નજર હેઠળ છે. મોબાઈલ યુઝરની તમામ માહિતી આંખના પલકારામાં ચોરો સુધી પહોંચી જાય છે. અને ત્યારબાદ શું થાય છે એ તો હવે સર્વવિદિત છે.

હાલમાં આવેલા એ સમાચારે ચિંતા વધારી છે કે આપણા દેશમાં મોબાઈલ ફોન મારફત સૌથી વધુ ચોરીઓ થઈ રહી છે. ઝેડ સ્કેલર થ્રેટલેબ્ઝ ૨૦૨૪ મોબાઈલ, આઈઓટી એન્ડ ઓટી થ્રેટ,ના રિપોર્ટને ગંભીરતાથી લેવાની જરૂર છે. આ અહેવાલમાં જણાવાયા મુજબ, સમગ્ર વિશ્વમાં ઓનલાઈન ચોરીઓના ક્રમમાં સૌથી વધુ ૨૮ ટકા બનાવો ભારતમાં બન્યા છે. આ મોબાઈલ યુઝર્સ માટે મોટા ખતરાની ઘંટડી છે અને ટેલિકોમ કંપનીઓ અને મોબાઈલ ઉત્પાદકો માટે પણ ચેતવણી છે. સાઈબર જોખમો વચ્ચે હવે તેમણે સુરક્ષાના નવા પગલાં લેવા પડશે. ઈન્ટરનેટની દુનિયામાં કોઈના પર આંધળો વિશ્વાસ કરી શકાતો નથી. જરા જેટલી બેદરકારી મુશ્કેલી તરફ દોરી શકે છે. આ બાબતને ગંભીરતાથી લેવાની જરૂર છે કારણ કે આજના યુગમાં તમામ પ્રવૃતિઓ મોબાઈલ, લેપટોપ કે કોમ્પ્યુટર પર કેન્દ્રીત થઈ ગઈ છે. લોકો પોતાની સાથે જોડાયેલી ઘણી સંવેદનશીલ માહિતી પોતાના મોબાઈલમાં રાખે છે એક રિપોર્ટ અનુસાર, ગ્રાહકોને એવી વેબસાઈટ બનાવીને ગેરમાર્ગે દોરવામાં આવે છે જે વાસ્તવિક બેંકિંગ વેબસાઈટની આબેહૂબ નકલ હોય. કોઈ અજાણી લીંક પર પહોંચતા જ ષડયંત્રનો ઘેરો શરૂ થાય છે. મોબાઈલ 'સ્પાયવેર' વિશે પણ સાવધ રહેવાની જરૂર છે, કારણ કે તે ગ્રાહકોની અંગત માહિતીની ગુપ્ત રીતે ચોરી કરે છે. સૌથી મોટો ખતરો નાણાકીય છેતરપિંડી છે. આજે જ્યારે તમામ પ્રકારનું બેંકિંગ મોબાઈલમાં સમાઈ ગયું છે ત્યારે આ ચોરી કોઈપણ સમયે કોઈને પણ મુશ્કેલીમાં મુકી શકે છે. ઘણી વખત લોકો કોઈ એપ ડાઉનલોડ કરે છે એમાં છેતરપીંડીનો ભોગ બને છે. તાજા રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે સુરક્ષાના દૃષ્ટિકોણથી બસ્સોથી વધુ એપ્સ જોખમી છે. આવી સ્થિતિમાં લોકોની જાગૃતિ જ સુરક્ષાની દીવાલ સાબિત થઈ શકે છે, પરંતુ સરકારે પણ નક્કર વ્યવસ્થા ઉભી કરવાની જરૂર છે.

# બંગાળમાં દલિત મટુઆઓ ઉભરાઈ રહ્યા છે, CAA તેમને અને અન્યને બાંગ્લાદેશમાં તરછોડી રહ્યું છે

## મટુઆ સંપ્રદાયના દલિત સભ્યો કહે છે કે CAA નિયમોએ તેમની નાગરિકતાની આશાઓને કચડી નાખી છે, 'બાંગ્લાદેશમાં સાથી મટુઆઓને સનાતની હોવાના કારણે નિશાન બનાવવામાં આવી રહ્યા છે'

ભાગ-૧

૭૫ વર્ષની ઉંમરે, હાવડા નિવાસી અમૃતો ગાયન રાહ જોઈને થાકી ગયા છે. હાંસિયામાં ધકેલાઈ ગયેલા મટુઆ સમુદાયના સભ્ય એવા તેમણે નાગરિકતા સુધારા કાયદાની શરતો પૂરી કરવાની આશામાં વર્ષો વિતાવ્યા છે. હવે, તેના વતન, બાંગ્લાદેશમાં હિંદુઓ પર હુમલાના સમાચાર સાથે, ક્ષણિક આશા અને હતાશાનું પરિચિત ચક્ર રોષમાં ફેરવાઇ રહ્યું છે. ગાયને નહાવા અને કચરો નાખવા બંને માટે ઉપયોગમાં લેવાતા ગંદા તળાવોની આસપાસના ડઝનેક ક્લસ્ટરોમાંથી એક એવી તેની કૈજુરી કોલોનીમાં આવેલ ઝૂંપડપટ્ટી વિસ્તારમાં આવેલ તેના પતરાની ઝૂંપડીમાં કહ્યું કે, "શેખ હસીના બાંગ્લાદેશ છોડી ભાગી ગયા પછી બળાત્કાર, હત્યા અને બળજબરીથી ધર્માંતરણ કરવામાં આવી રહેલા લાખો મટુઆ બહેનો અને ભાઈઓ માટે અમારું હૃદય વલોવાઈ રહ્યું હતું. પરંતુ CAA પસાર થયા પછી પણ ભારતે આ બધા દાયકાઓથી અમને અસ્પૃશ્ય તરીકે રાખ્યા છે," – અહીંના અન્ય લોકોની જેમ, ગાયન દલિત નમસુદ્ર જાતિના હિંદુ સંપ્રદાયના છે, જેની સાથે બાંગ્લાદેશ અને ભારતમાં લાંબા સમયથી બહારના લોકો તરીકે વ્યવહાર કરવામાં આવે છે. બાંગ્લાદેશમાં હિંસાએ CAA વિશે ભારતના 'વચનભંગ' પર ગાયનનો ગુસ્સો ફરી વળ્યો છે. ૨૦૧૯માં પસાર થયેલો, આ કાયદો ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ અથવા તે પહેલાં ભારતમાં પ્રવેશેલા શરણાર્થીઓને નાગરિકતા આપવાનો હતો. પરંતુ લાગુ કરવામાં વિલંબ અને લાલ ટેપના કારણે ગાયન સહિત હજારો લોકો અવઢવમાં છે.

માટુઆ સમુદાય માટે, નાગરિકતા માત્ર દસ્તાવેજો વિશે જ નથી - તે ગૌરવ, સ્થિરતા અને "ઘૂસણખોરો" જેવા લેબલોને એકવાર અને હંમેશને માટે ઉતારવા માટેની તક છે.

સરહદની બંને બાજુએ તેઓએ જે હાંસિયાનો સામનો કર્યો છે તેનો આ પ્રતીકાત્મક અંત છે. પશ્ચિમ બંગાળમાં અંદાજિત ૩ કરોડ રહેવાસીઓ - અને તેમાંથી ૧.૫ કરોડ મતદારો - સાથે, મટુઆ એક શક્તિશાળી મતદાન જૂથ છે, જે ભાજપ અને ટીએમસી બંને દ્વારા સંચાલિત છે. પરંતુ રાજકીય વચનો પરનો વિશ્વાસ ઠગારો નિવડ્યો છે, ખાસ કરીને જ્યારે સરહદ પાર તેમના સંબંધીઓ કે જેમની સાથે તેઓ ગાઢ સંબંધો જાળવી રાખે છે તેમના માટે ખતરો વધી ગયો છે.

આજના બાંગ્લાદેશમાં આપણા સાથી મટુઆઓને સનાતની હોવાના કારણે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. જો માત્ર CAA નિયમો સરળ હોત અને કટ-ઓફ તારીખ ૨૦૨૪ સુધી આગળ વધારી શકાઈ હોત તો આ સ્થિતિ નિવારી શકાઈ હોત

**-મૃતુંજોય બિસ્વાસ, માતુઆ મંદિરના પૂજારી**

ગાયને પૂછ્યું, "જ્યારે સીએએ ૨૦૧૪થી આગળ પણ લંબાવવામાં આવેલ નથી, અને આપણામાંના જેઓ પહેલા આવ્યા હતા તેમને મદદ પણ કરી નથી ત્યારે (સરહદ પારના મટુઆઓને) ભારતમાં શું આશા છે?" તેના કાળા વાંકડિયા વાળ તેની ઉંમરને ઢાંકી દેતા, તે બાંગ્લાદેશના મુક્તિ યુદ્ધની હિંસાથી બચીને, ૧૯૭૧માં ભારત ભાગી જવા માટે મટુઆના ધાડાં પૈકી એક હતો. ૧૯મી સદીમાં સમાજ સુધારક હરિચંદ ઠાકુર દ્વારા સ્થપાયેલ મટુઆ સંપ્રદાયમાં મોટાભાગે નમસુદ્ર જાતિના લોકો, મુખ્યત્વે ખેડૂતો અને મજૂરોનો સમાવેશ થાય છે. તેના અનુયાયીઓ મૂળરૂપે એવા જિલ્લાઓમાં કેન્દ્રિત હતા જે ભાગલા પછી પૂર્વ પાકિસ્તાન બન્યા હતા. કૈજુરીમાં, જ્યાં ૯૦ ટકાથી વધુ રહેવાસીઓ નમશુદ્રો અને માતુઆ સંપ્રદાયના અનુયાયીઓ છે, ચૂંટણી દરમિયાન પાકાં મકાનો અને પીવાના શુદ્ધ પાણીની ખાતરીઓ નિષ્ફળ ગઈ છે. ગાયન, એક માતુઆ 'દલપતિ' અથવા સ્થાનિક નેતા, પડોશી વિસ્તારોમાં 'મિશ્રણ મસાલા' વેચીને નિર્વાહ કરે છે.

ધ ક્યુરિયસ ટ્રેજેક્ટરી ઑફ કાસ્ટ ઈન વેસ્ટ બંગાળ પોલિટિક્સના લેખક અયાન ગુહાએ જણાવ્યું હતું કે, પશ્ચિમ બંગાળમાં ઘણા મટુઆઓ "ડિ ફેક્ટો સિટિઝન" બની ગયા છે, તેઓ મતદાર આઈડી, આધાર કાર્ડ અને રેશન કાર્ડ ધરાવે છે, તેઓ હજુ પણ વ્યવહારિક અવરોધોનો સામનો કરે છે.

CAA નિયમોમાં ઓછામાં ઓછા એક દસ્તાવેજની મૂળ રાષ્ટ્રીયતા અથવા માતા-પિતા અથવા દાદા દાદી બાંગ્લાદેશી નાગરિક હતા તે સાબિત કરવાની જરૂર છે. આ માંગણીઓને કારણે કૈજુરી કોલોનીના ઘણા રહેવાસીઓ અરજી કરવામાં અસમર્થ છે.

બીજી પેઢીની કૈજુરી કોલોનીના રહેવાસી પોલી બર્મને વિચાર્યું કે CAA આખરે તેને "સંપૂર્ણ નાગરિક" તરીકે ઓળખ પ્રદાન કરશે. ૧૮ વર્ષ પહેલાં પરિણીત અને માતા, બર્મન પાસે પહેલેથી જ ભારત સરકાર દ્વારા જારી કરાયેલ મતદાર ID અને આધાર કાર્ડ હતું, પરંતુ તેને ખાતરી હતી કે આ કાયદો તેના જેવા લોકો માટે "કોઈક રીતે વધુ સારું" કરશે. એ આશા ઠગારી નીવડી હતી.

"જ્યારે CAAની જાહેરાત કરવામાં આવી ત્યારે અમને લાગ્યું કે જાણે અમે અહીંના છીએ. હિંદુ હોવાના કારણે બાંગ્લાદેશમાંથી અમે જે નરસંહારમાંથી બચી ભાગી ગયા હતા તેને આખરે માન્યતા આપવામાં આવી હતી," બર્મને મીડિયાને જણાવ્યું કે, "અમે વિચાર્યું હતું કે અમને નાગરિક તરીકેનું ગૌરવ આપવામાં આવશે, જે દાયકાઓ સુધી ભારતમાં આઉટકાસ્ટની જેમ રહેવામાંથી અમને મુક્તિ અપાવશે"

**હાવડામાં માટુઆ કોલોની**

પરંતુ આ માટુઆ પ્રભુત્વ ધરાવતી વસાહતમાં વાસ્તવિકતા વધુ જટિલ છે. અન્ય ઘણા લોકોની જેમ, બર્મનને આ પ્રક્રિયા અવરોધોથી ભરેલી જણાય છે જેને તે દૂર કરી શકી ન હતી. કારણ કે તેના માતાપિતાના દસ્તાવેજો વ્યવસ્થિત નથી, તેના પણ નથી.

બાંગ્લાદેશ મુક્તિ યુદ્ધ પછી, વિશાળ શરણાર્થીઓની કટોકટીથી ભરાઈ ગયેલી ભારત સરકારે ૨૪ માર્ચ ૧૯૭૧ પછી આવનાર કોઈપણને નાગરિકતા ન આપવાનો નિર્ણય કર્યો. ૨૦૦૩ના નાગરિકતા સુધારા કાયદાએ વસ્તુઓને વધુ કઠિન બનાવી દીધી.

ગુહાએ કહ્યું, "૨૦૦૩ના કાયદાએ માન્ય મુસાફરી દસ્તાવેજો વિનાના તમામ સ્થળાંતરીઓને 'ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ' તરીકે સ્પષ્ટપણે જાહેર કરીને સમસ્યાને પુનર્જીવિત કરી. ત્યારથી, કૈજુરી કોલોનીના રહેવાસીઓ જેવા શરણાર્થીઓને પાસપોર્ટ અને જાતિ પ્રમાણપત્ર જેવા દસ્તાવેજો મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે."

જ્યારે CAA ૨૦૧૯માં પસાર કરવામાં આવ્યું હતું, ત્યારે તેણે અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના અત્યાચાર ગુજારાયેલા ધાર્મિક લઘુમતીઓ માટે નાગરિકતાના ઝડપી માર્ગનું વચન આપતાં આશાને ફરી જીવંત કરી હતી.

પરંતુ જ્યારે આ વર્ષે માર્ચમાં નિયમોની સૂચના આપવામાં આવી હતી, ત્યારે તે ઘણા કૈજુરી રહેવાસીઓ માટે ફટકો બનીને આવ્યા હતા, જેઓ પહેલાથી જ જાતિ અને વર્ગના ગેરલાભોના બોજથી દબાયેલા હતા.

૨૦૨૧માં તેમની બાંગ્લાદેશ મુલાકાત દરમિયાન, પીએમ મોદી ઓરકાંડી ઠાકુર બારી ગયા હતા. તે હરિચંદ ઠાકુરનું જન્મસ્થળ છે અને અમારું સૌથી પવિત્ર સ્થળ છે. પરંતુ તે બધું બાંગ્લાદેશમાં કટ્ટરવાદના ઉદયને કારણે ગુમાવી શકે છે. મોદીએ અમને નાગરિક બનાવવા માટે CAA નિયમોમાં ફેરફાર કરવો જોઈએ.

**-અમૃતો ગાયેન, માતુંઆ દલપતિ**

CAA હેઠળ ભારતીય નાગરિકતા માટે અરજી કરવા માટે, બર્મને પહેલા પોતાને વિદેશી નાગરિક જાહેર કરવો પડશે અને બાંગ્લાદેશથી ઓળખ દસ્તાવેજો રજૂ કરવા પડશે જેથી તે સાબિત થાય કે તે અથવા તેનો પરિવાર ત્યાંના નાગરિક છે.

બર્મને કહ્યું, "અમારામાંથી મોટાભાગના લોકો કપડાના બંડલમાં છુપાયેલા થોડા રૂપિયા સિવાય કશું લઈને આવ્યા ન હતા." "વર્ષો અમારા માટે મુશ્કેલ રહ્યા છે, એક જગ્યાએથી બીજી જગ્યાએ ફરવું, વિચિત્ર નોકરીઓ શોધવી, પરિવારોનો ઉછેર કરવો અને આ વિસ્તૃત ડમ્પ યાર્ડને અમારું ઘર બનાવવાનો પ્રયાસ કરવો. અમારી પાસે બાંગ્લાદેશના કોઈ દસ્તાવેજ નથી તો પછી કમ્પ્યુટર પર એપ્લિકેશન ફાઈલ કરવાનો સવ્વલ જ પેદા ક્યાં થાય છે !

**માટુઆ કોલોની**

CAA નિયમો માટે પાસપોર્ટ, જન્મ પ્રમાણપત્ર, જમીન અથવા ભાડૂઆતના રેકોર્ડ અથવા માતાપિતા અથવા દાદાદાદી બાંગ્લાદેશી નાગરિક હોવાના પુરાવા જેવા મૂળ રાષ્ટ્રીયતા સાબિત કરતા ઓછામાં ઓછા એક દસ્તાવેજની જરૂર છે. આ માંગણીઓને કારણે કૈજુરી કોલોનીના ઘણા રહેવાસીઓ અરજી કરવામાં અસમર્થ છે.

ઘણા લોકો માટે, તેમનો સંઘર્ષ નાગરિકતાથી આગળ વધે છે. જમીન માલિકીના દસ્તાવેજો અથવા 'પટ્ટા' વિના, તેઓને ભારતમાં કોઈ સુરક્ષિત પગથિયું નથી અને સ્થાનિક મ્યુનિસિપલ સત્તાવાળાઓની ઉદાસીનતાનો પણ સામનો કરવો પડે છે. ઉચ્ચ અધિકારીઓ અથવા પોલીસ સાથે ફરિયાદો નોંધાવવી જોખમી લાગે છે-એવો ભય હંમેશા રહે છે કે મદદ માંગવાથી પણ તેમની નાગરિકતા વિશે પ્રશ્નો ઉભા થઈ શકે છે. આઠ વર્ષની રિતિકા દર ચોમાસામાં જ્યારે તેના પરિવારની ઝૂંપડીમાં ગંદા પાણી ભરાઈ જાય છે ત્યારે તે સહન કરે છે. તેના પિતા રિતેશ સિંઘે જણાવ્યું હતું કે નગરપાલિકાના અધિકારીઓને યોગ્ય ડ્રેનેજ માટે વારંવારની અરજીઓ અનુત્તર રહી છે. સિંઘે કહ્યું, "જો આપણે ખૂબ જ દબાન કરીએ તો આ મતદાર આઈડી કાર્ડ અને અન્ય દસ્તાવેજો હોવા છતાં તેઓ કહે છે કે તમે અહીંના પણ નથી.. CAA એ સમાજના હાંસિયામાં ધકેલાયેલા અમારા જેવા લોકોને યોગ્ય નાગરિકત્વ આપવાનું હતું, કારણ કે સત્તાવાળાઓ પણ જાણે છે કે અમે હજી પણ વાસ્તવિક નાગરિક છીએ." **(ક્રમશઃ)** **(સૌ.:જસ્ટિસ ન્યૂઝ)**

સુરત પાલિકા સંચાલિત

# લાઈબ્રેરી-વાંચનાલયના સંચાલન માટે એજન્સી જૂના ભાવે પણ કામ કરવા તૈયાર

(સંવાદદાતા દ્વારા)સુરત, તા.૮

સુરત મહાનગર પાલિકામાં આપવામાં આવતા વિવિધ કોન્ટ્રાક્ટમાંથી કેટલાક કોન્ટ્રાક્ટમાં માનીતી એજન્સીને કામ આપવા માટે દલાતરવાડી જેવો ઘાટ કરી દેવામા આવે છે. થોડા સમય પહેલા પાલિકામાં મેનપાવર સપ્લાય કરનારી એજન્સીને ટેન્ડર વિના જ ત્રણ વર્ષના કોન્ટ્રાક્ટ આપ્યા બાદ હવે યુ ટર્ન લેવાની પાલિકાને ફરજ પડી હતી. મેન પાવર સપ્લાય કરનારી એજન્સીનો કોન્ટ્રાક્ટ પૂરો થયા બાદ નવા ટેન્ડર વિના જ એક પત્રના આધારે દરખાસ્ત રજુ કરવામાં આવી હતી અને સ્થાયી સમિતિએ ૧ નવેમ્બર ૨૦૨૩થી ત્રણ વર્ષ સુધી, દર વર્ષે ૧૦ ટકા ભાવવધારો આપવાની શરતે ઈજારો સોંપી દીધો હતો. જોકે, પાલિકા કમિશનરે આ નિર્ણય પર બ્રેક લગાવી નવેસરથી ટેન્ડર મંગાવ્યા હતા. હાલ નવી દરખાસ્ત રજુ થઈ છે તેમાં પણ ૧૦ ટકા વધારાની શરત કાઢી નાંખી છે અને તેમ છતાં એજન્સી જુના ભાવે કામ કરવા તૈયાર થઈ ગઈ છે. સુરત પાલિકા વિસ્તારમાં પાલિકા સંચાલિત ૧૦૧ જેટલી લાયબ્રેરી અને ૧૪૮ રિડીંગ રૂમના વાર્ષિક ધોરણે સંચાલન કરવા માટે ટેન્ડર બહાર પાડ્યા હતા. ગત વખતે એક વર્ષનો કોન્ટ્રાક્ટ અને કામગીરી સારી હો તો વધારાના બે વર્ષ અને તે પણ ૧૦ ટકા વધારા સાથેની દરખાસ્ત હતી. જોકે, નવા ટેન્ડરમાં ૧૦ ટકા ભાવ વધારાની શરતો કાઢી નાખી છે. પાલિકાએ ૧૦ ટકા ભાવ વધારાની શરત કાઢી નાખી હોવા છતાં એજન્સીએ હાલના એટલે કે જૂના ભાવ પ્રમાણે જ કામગીરી કરવાની તૈયારી બતાવી દીધી છે. આ દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે તેના પર આજે શનિવારે નિર્ણય કરાશે. હાલ પાલિકાએ નવા ટેન્ડર બહાર પાડ્યા છે તેની સમય મર્યાદા એક વર્ષ અને સારી કામગીરી હોય તો વધારાના બે વર્ષ મળી ત્રણ વર્ષ માટે એક સરખા ભાવે કામ કરવા માટેની શરત છે. જો આ ભાવે હાલ એજન્સીઓ કામ કરવા તૈયાર હોય તો અગાઉ ટેન્ડરની કામગીરી કરનારા અધિકારીઓએ વધુ ભાવના ટેન્ડર કેવી રીતે બનાવ્યા તે તપાસ થાય તેવી માગણી થઈ રહી છે.

# મહેમદાવાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચૂંટણી યોજાઇ

## ચેરમેન તથા વાઈસ ચેરમેન બિનહરીફ ચૂંટાયા

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૮

મહેમદાવાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની આજે શનીવારે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ચેરમેન, વાઈસ ચેરમેન બિનહરીફ આવતા તેમના સમર્થકોમાં ખુશીની લહેર ઉઠી છે. ચેરમેન પદે ભગવતભાઈ પટેલ તથા વાઈસ ચેરમેન પદે મંગળભાઈ ગોહિલ બિનહરીફ ચૂંટાયા છે. ખેડા જિલ્લામાં વિવિધ તાલુકાઓમાં કાર્યરત ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં અઢી વર્ષની મુદત પુરી થતાં તેની ચૂંટણી યોજાઈ રહી છે. આજે શનિવારે મહેમદાવાદ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની ચેરમેન, વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૧૮ સભ્યો ઉપસ્થિત રહીને ચૂંટણી પ્રક્રિયા યોજી હતી અને સર્વસંમતિથી ચેરમેન પદે ભગવતભાઈ પટેલ અને વાઈસ ચેરમેન પદે મંગળભાઈ ગોહિલ બિનહરીફ ચૂંટાયા છે. ભાજપ તરફથી ચેરમેનને અને વાઈસ ચેરમેનને મેન્ડેટ આપવામાં આવ્યા હતા. સરકારી અધિકારીની હાજરીમાં આ ચૂંટણી યોજાઈ હતી. જેમાં સર્વાનુમતે ચૂંટણીમાં ચેરમેન અને વાઈસ ચેરમેનને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. આ APMCની ચૂંટણીમાં જિલ્લા ભાજપ પ્રમુખ અજયભાઈ બ્રહ્મભટ્ટ, મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને ખેડૂતોના હિત માટે કામગીરી કરવા આ બોડીના સભ્યોએ હાકલ કરી છે.

નડિયાદની કોલેજના વિદ્યાર્થીઓના સર્વેનું તારણ

# ૭૩.૭ ટકા સ્ત્રીઓ તથા ૨૬.૩ ટકા પુરૂષો બ્રેઈનવોશનો શિકાર

નડિયાદ, તા.૮

ભલે ને કહેવાતું હોય કે મહિલાઓની છઠ્ઠી ઈન્દ્રી ખૂબ જ તેજ હોય છે પરંતુ સંશોધનમાં એવું સાબિત થયું છે કે ૭૩.૭ ટકા સ્ત્રીઓ બ્રેઈનવોશનો શિકાર બને છે અને માત્ર ૨૬.૩ ટકા પુરૂષો જ બ્રેઈનવોશનો શિકાર બને છે. નડિયાદમાં આવેલ ધી નડિયાદ એજયુકેશન સોસાયટી સંચાલિત સી.બી.પટેલ આટ્ર્સ, કોલેજમાં મનોવિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા સમાજમાં અવનવા સર્વે કરવામાં આવી રહ્યા છે. ત્યારે તાજેતરમાં આ વિભાગમાં અભ્યાસ કરી રહેલ કરનભાઈ પરમારએ 'બ્રેઈનવોશ એક સામાજિક દૂષણ' સંદર્ભમાં મનોવૈજ્ઞાનિક સર્વે કર્યો છે. આ સર્વે ગુગલ સીટ મારફતે ઓનલાઈન કર્યો હતો. જેમાં કોલેજના આચાર્ય પ્રો.ડો. મહેન્દ્રકુમાર દવે, મનોવિજ્ઞાનના HOD ડો. પ્રકાશભાઈ વિંછીયા અને ડો. અર્પિતાબેન ચાવડાએ સતત માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીના આ સર્વેમાં સંશોધનનું પરિણામ જોઈએ તો, આ સંશોધનમાં સ્ત્રી પુરૂષ મળી કુલને ૧૧૮ વ્યક્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાંથી ૭૭.૧% લોકો નોકરી/વ્યવસાયમાં સંકળાયેલા હતાં જ્યારે અન્ય ૨૨.૯% શાળા/કોલેજમાં અભ્યાસ કરતાં હતાં. બ્રેઈનવોશ એ માનસિક દૂષણ છે તેવું ૮૯.૮% લોકોનું માનવું છે, જ્યારે ૧૦.૨% આ વિધાન સાથે અસહમતતા દર્શાવે છે. આ ઉપરાંત ૮૫.૬% લોકો એમ માને છે કે પૈસા પડાવવા માટે લોકો અન્યનું બ્રેઈનવોશ કરતાં હોય છે, જ્યારે, અન્ય ૧૪.૪% આ સાથે અસહમતી દર્શાવી છે. બ્રેઈનવોશનો સૌથી વધુ ૭૩.૭% સ્ત્રી અને ૨૬.૩% પુરૂષ આ દૂષણનો ભોગ બનતાં હોય છે. ૮૮.૧% લોકોનું માનવું છે કે, મનોવૈજ્ઞાનિક સારવાર (જેવીકે, CBT, ડીપ્રોગ્રામિંગ, PTSD)થી બ્રેઈનવોશિંગની પ્રક્રિયા નાબૂદ કરી શકાય છે જ્યારે, ૧૧.૯% લોકોનું માનવું છે કે મનોવૈજ્ઞાનિક સારવારથી બ્રેઈનવોશિંગની પ્રક્રિયા નાબૂદ કરી શકાતી નથી. બ્રેઈનવોશને કારણે મનુષ્યને માનસિક સમસ્યાની સાથે સાથે શારીરિક સમસ્યા ઉદ્ભવે છે તે સંદર્ભમાં સંશોધન કરવામાં આવ્યું ત્યારે તેના પરિણામ સ્વરૂપે ૮૮.૧% લોકો શારીરિક સમસ્યા સર્જાય છે તેમ માને છે જ્યારે, ૧૧.૯% લોકો આ વિધાનમાં અસહમતતા દર્શાવે છે.

# હિંમતનગર ખાતે વીજ બચત માસની ઉજવણી



ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વર્તુળ કચેરી, હિંમતનગર દ્વારા "વીજ બચત માસ" ની ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રના વિકાસમાં આપનું યોગદાન, વીજ બચત મહા-અભિયાન અંતર્ગત "વીજ બચત માસની" ઉજવણીના ભાગ રૂપે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીની શરૂઆત હિંમતનગર વર્તુળ કચેરીના પટાંગણમાંથી ટાવર રોડ થઈ અને જૂના બજારમાંથી પસાર થઈ અને પરત આવી હતી. રેલીની અંદર કર્મચારી મિત્રો દ્વારા વીજ બચતના બેનરો તથા વીજ બચતના સૂત્રો ઉચ્ચારી અને લોકોને વીજ બચત વિષે જાગૃત કરવામાં આવ્યા હતા અને વીજ બચત કરવા માટે લોકોને પ્રેરણા આપતા સૂત્રો ઉચ્ચારાવી વીજ બચત અંગેની પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી. **(તસવીર : ઈશ્હાક શેઠ, હિંમતનગર)**

# ભરૂચની વી.સી.ટી. કોલેજ ખાતે એમ્પ્લોયબિલિટી સ્કિલ ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાયો




વી.સી.ટી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ભરૂચ ખાતે "Mahindra Pride Classroom, Naandi Foundation તરફથી Employability Skill Training Program"નું આયોજન તાજેતરમાં કરાયું હતું. જેમાં કોલેજની ટી.વાય.બી.એ અને ટી.વાય.બી. કોમની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહક પૂર્વક ભાગ લીધો હતો. આ ટ્રેનિંગ નવ દિવસની હતી. જેમાં પટેલ અર્ચિતાએ વિદ્યાર્થિનીઓને Soft skill, Life skill, Communication skill, interview skill, Presentetaion skill જેવી અનેક સ્કિલ શીખવી હતી. ટ્રેનિંગના અંતિમ દિવસે દરેક વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. ટ્રેનિંગ દરમ્યાન શ્રેષ્ઠ યોગદાન આપનાર ચાર વિદ્યાર્થિનીઓને પસંદ કરી તેમને ટ્રોફી પણ આપવામાં આવી હતી જેમાં આયશા તાહિર પટેલ T.Y B.A, મુસ્કાન ઈબ્રાહીમ પટેલ T.Y.B.A, ગલિય હમેરા ઈમ્તિયાઝ T.Y.B.A, હબીબા T.Y.B.Comનો સમાવેશ થાય છે.

# ગીર સોમનાથ ખાતે તંત્ર દ્વારા ચિંતન શિબિરનું આયોજન

પ્રભાસપાટણ, તા.૮

ગીર સોમનાથમાં રાજયકક્ષાની ચિંતન શિબિરના સફળતાપૂર્વક આયોજન બાદ જિલ્લાકક્ષાની ચિંતન શિબિરનો પ્રારંભ આજે સાગરદર્શન ખાતે જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ થયો હતો.

ચિંતન શિબિરનો પ્રારંભ કરાવતા જિલ્લા કલેક્ટરે "લોકાભિમુખ વહીવટ" વિશે માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, જિલ્લાકક્ષાની ચિંતન શિબિર એ જિલ્લાની વાત રાજયકક્ષાએ પહોંચાડવાનું સક્ષમ માધ્યમ બને તે વિચાર સાથે જિલ્લાકક્ષાની ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. કલેક્ટરએ "લોકાભિમુખ વહીવટ"ની વિભાવના સ્પષ્ટ કરતા જણાવ્યું કે, લોકાભિમુખ વહીવટ એટલે લોકકલ્યાણની ભાવના સાથેનો પ્રજાકેન્દ્રી વિચાર. પ્રજા અને સરકાર વચ્ચેનો ગેપ ઓછામાં ઓછો કરી શકાય તેનું ચિંતન આ શિબિરમાં કરવામાં આવશે. આ ચિંતન શિબિરના પ્રારંભે જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જૈમિનિ ગઢિયા, પ્રાંત અધિકારી સર્વ વિનોદ જોશી, ચિરાગ હિરવાણિયા, નાયબ કલેક્ટર-૧ એફ.જે.માંકડા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી દુદકિયા સહિતના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**હદીસ બોધ**

જે વ્યક્તિ સંગ્રહખોરી કરે છે તે ગુનેગાર છે.

(હદીસ બોધ)

**બોધ વચન**

પ્રેમ કરનાર વ્યક્તિ સંપૂર્ણ હોય એ જરૂરી નથી, માનવ હોય તે પૂરતું છે.

-ઓસ્કાર વાઈલ્ડ

**આજની આરસી**

| | |
|---|---|
| ૯ ડિસેમ્બર સોમવાર ૨૦૨૪ | |
| ૬ જમાદિલ આખર હિજરી ૧૪૪૬ | |
| માગશર સુદ આઠમ સંવત ૨૦૮૧ | |
| સુબ્હ સાદિક | ૫-૪૪ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૨ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૭-૦૯ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૫-૫૪ |

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર **'અલ્લામા ઈકબાલ'** કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**અય જૂએ આબ બઢ કે હો દરિયા-એ-તુંદ-ઓ-તેઝ**
**સાહિલ તુઝે અતા હો તો સાહિલ ન કર કબૂલ**

કવિ દરિયાની નાની લહેર (જૂએ આબ)ને કહે છે કે તું આગળ વધ અને દરિયાને ઘમરોળતું પ્રચંડ મોજું બની જા, કિનારો મળે તો તેને પણ ત્યજી દેજે. યુવાન માટે પ્રેરણારૂપ સંદેશ છે કે જીવનરૂપી દરિયામાં તને વિશાળ તકો છે, એશઆરામની જિંદગીનો ત્યાગ કર અને તું તારી મહેનત અને કૌશલ્યથી મહત્તમ સિદ્ધિઓ પ્રાપ્ત કર. અલ્લાહ મહેનતનો બદલો અવશ્ય આપે છે. **-(ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)**

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. **- વ્યવસ્થાપક**

### પિંક બોલમાં કાંગારૂ સર્વે સર્વા

# બીજી ટેસ્ટમાં ભારતને ૧૦ વિકેટે સજ્જડ પરાજય આપતું ઓસ્ટ્રેલિયા

## એડિલેડ મેદાન પર ટેસ્ટમાં જોરદાર વાપસી કરીને ૫ મેચની શ્રેણી ૧-૧થી સરભર કરી

## ૨૦૨૦ની કડવી ગાથાઓનું પુનરાર્વતન; એ સમયે ભારત માત્ર ૩૬ રનમાં ઓલઆઉટ થયું અને ત્રણ દિવસમાં હારી ગયું હતું

અડિલેડ, તા.૮

અડિલેડ ઓવેલ મેદાન પર પિંક બોલ ક્રિકેટની કસોટીમાંથી ભારત પાર કરી શક્યું નથી. ઓવેલ મેદાન પર બીજી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ તેના ઝડપી બોલરોની મદદથી ભારતને ૧૦ વિકેટે સજ્જડ પરાજય આપ્યો હતો અને આ રીતે કાંગારૂંઓએ ૫ ટેસ્ટની શ્રેણીમાં પુનરાગમન કરીને શ્રેણી ૧-૧થી સરભર કરી છે.

યજમાન ટીમના બોલિંગ આક્રમણ અને ઝંઝાવાતને કારણે ભારતનો બીજો દાવ ૧૫૭ રનમાં જ સમેટાઈ ગયો હતો એટલે વિજય મેળવવા માટે ઓસ્ટ્રેલિયાને માત્ર ૧૯ રનનો મામૂલી ટાર્ગેટ મળ્યો હતો જે એમણે વિના વિકેટે ૨ન ફટકારીને શાનદાર જીત હાંસિલ કરી હતી. આ રીતે અડિલેડ ઓવેલ મેદાન ઉપર યજમાન ટીમે તેનો દબદબો જાળવી રાખ્યો હતો.

ભારત આજે સવારે તેનો બીજો દાવ ૫ વિકેટે ૧૨૮ રનથી આગળ જતો કર્યો હતો અને ત્યાં જ સ્ટાર્કની પહેલી ઓવરમાં ભારતને આંચકો લાગ્યો હતો. ડેંજરમેન રિષભ પંત તેના આગલા દિવસના રનના ઉમેરો કર્યા વિના પેવેલિયન પાછો ફર્યો હતો એ પછી કમિન્સે અશ્વિન(૭) અને હરશિત રાણાને (૦)રનમાં ઉડાળી દીધા હતા. એ પછી ઓલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડીએ થોડી ટક્કર લીધી પણ રેડ્ડી અંગત ૪૨ રને બોલેન્ડનો શિકાર થયો હતો. એ પછી તેણે સિરાજને પણ ઉપાડી લીધો હતો અને ભારત ૧૫૭માં ખખડી ગયું હતું. ઓસ્ટ્રેલિયાને માત્ર ૧૯ રન કરવાના હતા જે ઓપનરો ઉસ્માન ખ્વાજા અને મેકસ્વીનીએ આરામથી બનાવી લીધા હતા અને પિંક બોલ ટેસ્ટમાં ત્રીજા જ દિવસે ભારતે હાર ખમવી પડી હતી.

કમિન્સે ૫૭માં ૫ વિકેટ અને બોલેન્ડે ૩ વિકેટ લીધી હતી. સ્ટાર્કને ટેસ્ટમાં કુલ ૮ વિકેટ મળી હતી આ રીતે પર્થની પહેલી ટેસ્ટમાં સખ્ત રીતે હારી ગયા બાદ કાંગારૂંએ જોરદાર વળતી લડત આપી છે અને ટીકાકારોના મોઢાં બંધ કર્યા છે. ભારતને બીજા દાવમાં જયસ્વાલનું



સસ્તામાં આઉટ થવું નડી ગયું હતું. બીજી મોટી ખામી એ રહી હતી કે, ભારતની ઝડપી બોલિંગ બેટરી નવા પિંક બોલનો શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં નિષ્ફળ રહી. પિંક બોલથી ભારતના યુવા ઝડપી બોલરો સચોટ લાઈન અને લેન્થ જાળવી શક્યા ન હતા જેના કારણે સદીવીર, ટ્રેવિસ હેડ અને લાબુશેને ભારતીય બોલરોની ધોલાઈ કરી નાંખી હતી અને એમને કારણે કાંગારૂંને ૧૫૭ રનની જે લીડ પડી એ નિર્ણાયક પુરવાર થઈ.

# વિદ્યાર્થીઓની AMU કેમ્પસમાં દલિતો, આદિવાસીઓ માટે ક્વોટાની માગણી સાથે રેલી

(એજન્સી) અલીગઢ, તા.૮

આરક્ષણ સંઘર્ષ મોરચાએ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં પ્રવેશમાં દલિતો અને પછાત અને અન્ય પછાત વર્ગો માટે અનામતની માગણી સાથે માર્ચ યોજી હતી. યુનિવર્સિટી કેમ્પસમાં કડક સુરક્ષા વચ્ચે નવનિર્મિત વિદ્યાર્થીઓના સંગઠન દ્વારા માર્ચ કાઢવામાં આવી હતી. સત્તાવાળાઓ દ્વારા કેમ્પસ તરફ જતા રસ્તાઓ પર બેરિકેડ ઊભા કરવામાં આવ્યા હતા. રેલી દરમ્યાન દેખાવકાર વિદ્યાર્થીઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા અને મેમોરેન્ડમ સુપરત કર્યું હતું. વિરોધીઓ સિવિલ લાઈન્સ વિસ્તારના રાજા મહેન્દ્ર પ્રતાપ ચોક ખાતે એકઠા થયા હતા અને પછી AMU વિરોધી અને ધાર્મિક સૂત્રોચ્ચાર કરીને કેમ્પસના એન્ટ્રી પોઈન્ટ પરથી યુનિવર્સિટી સર્કલ સુધી કૂચ કરી હતી. કૂચના અંતે



કેટલાક વિરોધીઓએ બેરિકેડ્સમાંથી પસાર થવાનો પ્રયાસ કર્યો પરંતુ તેમના પ્રયાસો બળપૂર્વક નિષ્ફળ બનાવી દેવામાં આવ્યા. વિરોધીઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સંબોધિત એક મેમોરેન્ડમ એડિશનલ સિટી મેજિસ્ટ્રેટ સંજયકુમાર મિશ્રાને સોંપ્યું, જેમણે તેને જિલ્લા મેજિસ્ટ્રેટ વતી સ્વીકાર્યું હતું. મિશ્રાએ બાદમાં પત્રકારોને જણાવ્યું હતું કે, સરઘસ શાંતિપૂર્ણ રીતે કાઢવામાં આવ્યું હતું.

**સુપ્રીમ કોર્ટના ચુકાદા સુધી અનામતની માંગ :** વિદ્યાર્થીઓએ તેમના મેમોરેન્ડમમાં જ્યાં સુધી સુપ્રીમ કોર્ટ આ મુદ્દે ચુકાદો ન આપે ત્યાં સુધી AMUમાં હિન્દુ દલિતો, પછાત અને આદિવાસીઓ માટે અનામતની માંગ કરી હતી. AMUના અધિકારીઓએ ધર્મ આધારિત આરક્ષણના દાવાઓને નકારી કાઢ્યા હતા. યુનિવર્સિટીના એક અધિકારીએ જણાવ્યું હતું કે, વિરોધીઓએ AMU સર્કલ પાસે 'ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચાર' કર્યા હતા. AMUના પ્રવક્તા અને સભ્ય ઈન્ચાર્જ એવા પ્રો મોહમ્મદ અસીમ સિદ્દીકીએ જણાવ્યું હતું કે, કોઈપણ સમુદાયને અનામત આપવાનો મુદ્દો હવે સંપૂર્ણ રીતે ભારતના સર્વોચ્ચ અદાલત પર આધારિત છે જે દેશના બંધારણ અને યુનિવર્સિટીની કાનૂની સ્થિતિના પ્રકાશમાં સમગ્ર મામલાની તપાસ કરી રહી છે. તેમણે કહ્યું કે, ખોટી છાપ ઊભી કરવામાં આવી રહી છે અને યુનિવર્સિટીમાં કોઈપણ કોર્સમાં મુસ્લિમો માટે કોઈ અનામત નથી. સિદ્દીકીએ જણાવ્યું હતું કે, માત્ર આરક્ષણ જે અસ્તિત્વમાં છે તે આંતરિક વિદ્યાર્થીઓ માટે આરક્ષણ છે જેમાં તમામ સમુદાયોના સભ્યોનો સમાવેશ થાય છે. તેથી જ્યાં સુધી સર્વોચ્ચ અદાલત આ બાબતે નિર્ણય ન લે ત્યાં સુધી ધર્મ અથવા જાતિ-આધારિત આરક્ષણ આપવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

# બીજી ટેસ્ટમાં ટ્રેવીસ હેડ સાથે માથાકૂટ અંગે સિરાજે ચોખવટ કરી, હેડ મને ગાળો દઈ રહ્યો હતો

## સુકાની રોહિત શર્માએ સિરાજની આક્રમકતાનો બચાવ કર્યો પરંતુ સાથે-સાથે કહ્યું કે, લક્ષ્મણરેખા ક્યાં છે એ પણ હું જાણું છું

એડિલેડ, તા.૮

એડિલેડ ઓવેલ ગ્રાઉન્ડ પર બીજા ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલિયાના સદી ફટકારનાર બેટ્સમેન ટ્રેવીસ હેડ સાથે થયેલી માથાકૂટ અને પોતાના આક્રમક વલણ અંગે ભારતીય ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજે આજે ચોખવટ કરી હતી કે હેડ પાસેથી હું પસાર થયો ત્યારે એ મને ગાળો બોલી રહ્યો હતો એટલે મેં આક્રમકતા બતાવી હતી. સિરાજ અને હેડ વચ્ચેની આ માથાકૂટને સુકાની રોહિત શર્માએ બહુ ગંભીરતાથી લીધી નથી કે બહુ ચગાવી નથી બલ્કે સિરાજને સમર્થન આપ્યું છે અને સાથે-સાથે એવું પણ કહ્યું છે કે લક્ષ્મણરેખા ક્યાં છે એની પણ મને ખબર છે. શર્માએ સિરાજની આક્રમકતાને



સમર્થન આપ્યું હતું પણ સાથે-સાથે જણાવ્યું હતું કે જે સ્વીકાર્ય મર્યાદાઓ છે તેની અંદર રહેવાનું પણ મહત્ત્વનું છે અને આજે ટેસ્ટ મેચોમાં ખૂબ જ જોરદાર સ્પર્ધા થાય છે એટલે આવી આક્રમકતા એ હવે સામાન્ય બાબત છે અને તેને વધુ પડતું ચગાવી શકાય નહીં.

સુકાની રોહિત શર્માએ આગળ જણાવ્યું કે સિરાજ બરાબર લડી લેવાના મિજાજમાં હોય છે અને એ જ રીતે લડી લેવાનું પસંદ કરે છે અને સુકાની તરીકે એ મારૂં કામ છે કે તેની આક્રમકતાને ટેકો આપવો પણ એક મર્યાદા પણ હોય છે જે આપણે ઓળંગવાની રહેતી નથી. આક્રમક હોવું અને વધુ પડતું આક્રમક બનવું એ બે વચ્ચે ફેર છે. જ્યારે આ વિવાદ અંગે સિરાજે ખુદ સ્પષ્ટતા કરી હતી કે હેડ મને વેલ બોલ્ડ એવું બોલ્યો નહોતો પણ એ ગાળો બોલ્યો હતો. સિરાજે કહ્યું કે તે સારૂં રમી રહ્યો હતો અને એણે મને સારા દડા પર છગ્ગો પણ માર્યો એ પછી મેં તેને બોલ્ડ કર્યો અને હું રાબેતા મુજબ મારી વિકેટની ઉજવણી કરી રહ્યો હતો ત્યારે તેણે મને ગાળો આપી હતી અને તમે બધાએ ટીવી પર જોયું. મેં તેને કશું કહ્યું નહોતું. હું તો મારી વિકેટની ઉજવણી કરી રહ્યો હતો. બાદમાં તેણે પ્રેસ કોન્ફરન્સમાં જે કહ્યું એ ખોટું છે એ સાચું નથી તેણે મને વેલ બોલ્ડ એવું કહ્યું નહોતું.

# ચિક્કામગાલુરૂ નજીકના મંદિરમાં દલિત યુવકો પ્રવેશતા પૂજા અટકાવવામાં આવી

## તહસીલદાર સુમંત બે દલિત યુવકોને મંદિરની અંદર લઈ આવ્યા, જે ગામ લોકોએ મંદિરની ચાવી આપી હતી તેઓ તેને પાછી લેવામાં અચકાતા હતા, ત્યારથી દરરોજ સવાર-સાંજ થતી પૂજા-અર્ચના બંધ કરી દેવામાં આવી છે

(એજન્સી) ચિક્કામગાલુરૂ, તા.૮

નરસીપુરા ગામમાં આવેલા તિરૂમાલા મંદિરમાં કેટલાક દલિત યુવકો પરિસરમાં ઘૂસ્યા બાદ બે દિવસથી પૂજા રોકી દેવામાં આવી છે. અધિકારીઓ ગ્રામજનોને ધાર્મિક વિધિઓ ફરીથી શરૂ કરવા સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. બેલાવાડી નજીકના નરસીપુરામાં ૨૫૦થી વધુ કુરૂબા સમુદાયના પરિવારો અને ૧૩ અનુસૂચિત જાતિ (આદિ કર્ણાટક) પરિવારો છે. ગામમાં તિરૂમાલા, બીરપ્પા અને લક્ષ્મીદેવી સહિત નવ નાના મંદિરો છે. તિરૂમાલા મંદિર એ મુખ્ય મંદિર છે, જેનું સંચાલન દ્વારા નિયુક્ત પુજારીઓ દ્વારા કરવામાં આવે છે. દલિત યુવક હેમંતકુમારે જણાવ્યું, તમામ મંદિરોમાં મુઝરાઈ વિભાગ દ્વારા સ્થાપિત એક સૂચનામાં જણાવવામાં આવ્યું છે કે, અસ્પૃશ્યતાની પ્રથા ગેરકાયદેસર છે અને તમામ જાતિઓને મંદિરોમાં મફત પ્રવેશ છે, તેમણે કહ્યું કે, અમારા ગામના મંદિરમાં આવી સૂચના લગાવવા માટે અધિકારીઓ આવ્યા હતા, પરંતુ બે વર્ષથી તે લગાવવામાં આવ્યા નથી. આથી



અમે તહસીલદારને વિનંતી કરી. મંગળવારે સાંજે તહસીલદાર સુમંત બે દલિત યુવકોને મંદિરની અંદર લઈ આવ્યા. જે ગામ લોકોએ મંદિરની ચાવી આપી હતી તેઓ તેને પાછી લેવામાં અચકાતા હતા. ત્યારથી દરરોજ સવાર-સાંજ થતી પૂજા-અર્ચના બંધ કરી દેવામાં આવી છે. કુરૂબા સમુદાયના પૂજારીઓ તિરૂમાલા અને આસપાસના મંદિરોમાં ધાર્મિક વિધિઓ કરે છે, પરંતુ ત્યારથી કોઈ પણ આયોજન કરવામાં આવ્યું નથી. મુઝરાઈ, સમાજ કલ્યાણ અને મહેસૂલ વિભાગના અધિકારીઓએ બંને સમુદાયો સાથે બેઠક યોજી હતી. તેઓએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, મંદિરો બધા માટે ખુલ્લા છે અને ચેતવણી આપી હતી કે, પ્રવેશ નકારવાથી અસ્પૃશ્યતા નિવારણ કાયદાનું પાલન કરવામાં આવશે, કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. કુરૂબા સમુદાયે આગ્રહ કર્યો કે, જેઓ પહેલા મંદિરમાં પ્રવેશ્યા નથી તેઓ હવે પ્રવેશ કરવાનું કહી રહ્યા છે. તેમને તહેવારો અને ધાર્મિક વિધિઓ સહિત બધું જ મેનેજ કરવા દો. દલિત યુવાનોએ કહ્યું, અમે બધાની જેમ મંદિરની અંદર ઊભા રહેવાનું કહીએ છીએ. ધાર્મિક વિધિઓ આચરવી એ અમારી જવાબદારી નથી અને અમે અન્ય ફરજો પણ ઈચ્છતા નથી. અધિકારીઓએ ગ્રામજનોને એમ કહીને સમજાવવાનો પ્રયાસ કર્યો કે, અસ્પૃશ્યતા ગેરકાનૂની છે અને મંદિરો બધા માટે ખુલ્લા છે. ગામ લોકોએ સમજવું જોઈએ. જ્યારે સમાધાન નિષ્ફળ ગયું, ત્યારે તેઓએ ઉચ્ચ અધિકારીઓને જાણ કરી અને ચાલ્યા ગયા. સાંજ સુધીમાં આસિસ્ટન્ટ કમિશનર દલજીતકુમાર, તહસીલદાર સુમંત અને ડીવાયએસપી શૈલેન્દ્ર સહિત અન્ય લોકો આવી પહોંચ્યા હતા. તેઓએ પુનરોચ્ચાર કર્યો કે મંદિરો બધા માટે ખુલ્લા છે અને કોઈપણને બાકાત રાખવું શક્ય નથી. કાનૂની કાર્યવાહી દરેક માટે મુશ્કેલીનું કારણ બનશે. આખરે ગ્રામજનો સંમત થયા. ગામવાસીઓએ જણાવ્યું કે, પૂજા બે દિવસથી અટકાવવામાં આવી હોવાથી તે સીધી રીતે ફરી શરૂ થઈ શકશે નહીં. પૂજારીઓએ પહેલા શુદ્ધિકરણની વિધિ કરવી જોઈએ. આ ધાર્મિક વિધિઓ પછી જ દૈનિક પૂજા ફરી શરૂ થશે. હેમંત કુમારે કહ્યું, અમને અસ્થાયી ધોરણે પ્રવેશ આપવામાં આવ્યો છે. તહસીલદારે આંબેડકર ભવન માટે અલગ જગ્યાનું વચન આપ્યું છે. જો મંદિરમાં પ્રવેશ ફરીથી નકારવામાં આવશે તો અમે કાનૂની કાર્યવાહી કરીશું.

# પર્થમાં સદી અને એડિલેડમાં ફીર વહી રફતાર : કોહલીની કહાની

## કોહલીની બેટિંગ ટેક્નિકને આડે હાથ લેતો માંજરેકર



અડિલેડ, તા.૮

લાંબા સમયનો રનનો દુષ્કાળ પૂરો થયો અને પર્થ ટેસ્ટમાં વિરાટ કોહલીએ સદી ફટકારી ત્યારે ચાહકોમાં આશા જાગી હતી કે ઓસ્ટ્રેલિયાની ધરતી પર ફરી કોહલી યુગ જોવા મળશે પરંતુ ચાહકોની આશા ઠગારી નીવડી છે. બીજી ટેસ્ટમાં એડિલેડ ઓવેલના મેદાન પર કોહલી બન્ને દાવમાં સસ્તામાં આઉટ થયો અને બન્ને વખતે ઓફ સ્ટમ્પની બહાર જતા દડાને તેનું બેટ અડી જતું અને આ રીતે વિકેટો ગુમાવી બેસે છે. આ અંગે પૂર્વ ક્રિકેટર સંજય માંજરેકરે કોહલીની બેટિંગમાં મોટી ખામી ઊભી થઈ હોવાનું મંતવ્ય વ્યક્ત કર્યું છે. માંજરેકરે માછલાં ધોતા કહ્યું હતું કે, વિરાટ કોહલી તેની બટિંગની આ ખામીનો ઉકેલ શોધવામાં નિષ્ફળ ગયો છે.

માંજરેકરે કહ્યું કે, હું વિરાટની બિલકુલ ટીકા કરતો નથી પણ સત્ય બતાઉ છું. ઓફ સ્ટમ્પની સહેજ બહાર નીકળતા દડાને એ સમજતો નથી. આ રીતે સ્વિંગ થતાં બોલને સમજવામાં તેને તકલીફ પડી રહી છે. ટેકનિકની આ ખામી સુધારી શક્યો નથી. પર્થમાં સદી પછી એવું લાગતું હતું કે, હવે તેનાથી આવી ભૂલો નહીં થાય. આ ટેક્નિકલ ખામી એ સુધારી શક્યો નથી એ પણ દીવા જેવી ચોખ્ખી વાત છે.

# રોહિત શર્માના સુકાની પદની ટીકા

## પિંક બોલથી ફાસ્ટ બોલરોનો અસરકારક ઉપયોગ ન કરાયો હોવાનું કહેતા નિષ્ણાતો

અડિલેડ, તા.૮

બીજી ટેસ્ટમાં સુકાની પદે પુનરાગમન કરનાર ભારતીય સુકાની રોહિત શર્માના સુકાની પદ અને બીજી ટેસ્ટમાં તેના કેટલા નિર્ણયોને લઈને તેની ટીકાઓ થઈ રહી છે. ખાસ કરીને રમતવીરો વિવેચકો કહે છે કે, પિંક બોલથી ફાસ્ટ બોલરોનો ઉપયોગ કરવામાં અને અસરકારક ઉપયોગ કરવામાં શર્મા નિષ્ફળ રહ્યો છે. જો કે રોહિત શર્માએ પોતાના નિર્ણયનો બચાવ કર્યો છે અને એવો જવાબ આપ્યો છે કે, ટેસ્ટ મેચમાં વિજય મેળવવો એ સામુહિક પ્રયાસ હોય છે. કોઈ એક વ્યક્તિ ઉપર બોજો નાખી શકાય નહીં શર્માએ કહ્યું કે, એકલો બુમરાહ ટેસ્ટ જીતાડી શકે નહીં.

શર્માએ કહ્યું કે, દરેક કટોકટી વખતે માત્ર બુમરાહ પર આધાર રાખ્વો નહીં. આપણે આ ટેસ્ટમાં બુમરાહની સાથે-સાથે સિરાજે પણ ૪ વિકેટ લીધી અને બોલિંગની જવાબદારી વહેંચી દીધી છે એટલે અમે એ રીતે આગળ વધીશું. આખો દિવસ બુમરાહ બોલિંગ નાંખી શકે એમ નથી કયારેક તેને વિકેટ ન મળે ત્યારે બીજા બોલરોએ તેનું કામ કરવું પડે. આવું જ બેટિંગનું પણ છે. જો એક બેટ્સમેન નિષ્ફળ જાય તો અન્યએ જવાબદારી ખભા પર લેવી પડે. રોહિતે કહ્યું કે, યુવાન બોલરો પર આત્મવિશ્વાસ જગાડવો જરૂરી છે. સિરાજ હોય કે આકાશ દીપ કે હર્ષિત રાણા, પ્રસિદ્ધ કૃષ્ણા અને નીતિશ રેડ્ડી એ બધાં ટેસ્ટ ટીમમાં નવા છે એટલે એમનો આત્મવિશ્વાસની જરૂર હોય અને એ કામ મને કરવાનું હોય છે.

**જાહેર નોટિસ**

આથી અમારા અસીલ **નિસારઅહેમદ ગુલામઅહેમદ શેખ,** રહે.- **અમન સોસાયટી, રસુલાબાદ, શાહેઆલમ, અમદાવાદ** નાઓ આ નોટિસ આપી જાહેર કરીએ છીએ કે, અમારા અસીલના પુત્ર નામે **અબ્દુલકાદર ઉર્ફે પપ્પુ નિસારઅહેમદ શેખ, રહે.- ખતીજા રેસીડેન્સી, બેરલ માર્કેટ દાણીલીમડા, અમદાવાદ** નાઓ છેલ્લા કેટલાક સમયથી અમારા અસીલના કહ્યામાં નથી અને તેથી અમારા અસીલ તેમજ તેમના અન્ય સગા-સબંધીઓ **અબ્દુલકાદર ઉર્ફે પપ્પુ નિસારઅહેમદ શેખ** સાથે સામાજિક અને આર્થિક સબંધોને અંત આણેલ છે.

જેથી આ નોટિસથી જણાવવાનું કે, કોઈપણ વ્યક્તિ / સંસ્થા / પેઢી / બેંક / અન્ય સગા-સબંધીઓએ **અબ્દુલકાદર ઉર્ફે પપ્પુ નિસારઅહેમદ શેખ** નાઓ સાથે કોઈપણ આર્થિક કે સામાજિક સબંધો રાખશે અને તેના કારણે જે તે વ્યક્તિ / સંસ્થા / પેઢી/ બેંક / અન્ય સગા-સબંધીઓને કોઈપણ રીતે નુકસાન થશે તો તે અંગે અમારા અસીલની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહીં તેની તમામ લાગતા વળગતા લોકોએ નોંધ લેવી.

**નિસાર અહેમદ જી.શેખ**
(મારી સૂચના અને ફરમાઈશથી)

**એસ.બી.પટવા**
**એડવોકેટ એન્ડ નોટરી**
**૦૨, ભાવના પાર્ક સોસાયટી, બહુચર માતા મંદિરની સામે, ભુલાભાઈ પાર્ક ચાર રસ્તા પાસે, ગીતા મંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨.**
**Mobile :- 9426077550**

# મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી'૨૪ ચૂંટણીલક્ષી દલિત રાજકારણનો ખરાબ સમય

## મરાઠવાડામાં દલિતો પર થયેલા અત્યાચારની યાદો આજે પણ બીડના બાળાસાહેબ જવાલેને સતાવે છે

(એજન્સી) તા.૮

મરાઠવાડામાં દલિતો પર થયેલા અત્યાચારની યાદો આજે પણ બીડના બાળાસાહેબ જવાલેને સતાવે છે. પાંત્રીસ વર્ષના બાળાસાહેબ પીએચડી છે અને સ્થાનિક કોલેજમાં ભણાવે છે. તેમને બાળપણમાં જોયેલી જાતિ હિંસા યાદ છે, ખાસ કરીને ૨૦૦૩માં બૌદ્ધ દલિત દાદારાવ ડોંગરેની હત્યા, જે સોના ખોટા ગામમાં થઈ હતી. પોલીસે તે કેસમાં ઉચ્ચ જાતિના આરોપીઓ સામે SC/ST કલમો હેઠળ કેસ નોંધવાનો ઈન્કાર કર્યો હતો. સ્થાનિક અધિકારીઓ પણ આ મુદ્દાને ટાળી રહ્યા હતા. આવી સ્થિતિમાં રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (આઠવલે)એ ડોંગરે માટે ન્યાય માટેની લડતનું નેતૃત્વ કર્યું. દલિતો તે સમયે પાર્ટીના નેતા રામદાસ આઠવલે તરફ મોટી આશા સાથે જોતા હતા. જવાલે યાદ કરે છે, આંબેડકર ચળવળમાં આઠવલેનું સ્થાન ખૂબ ઊંચું હતું. અમે તેમને દલિતોના દર્દ અને આકાંક્ષાઓ સાથે જોડાયેલા એક તળિયાના નેતા તરીકે જોયા છે. વીસ વર્ષમાં સમય બદલાયો



છે. આઠવલે વિશે જવાલેનો અભિપ્રાય પણ બદલાઈ ગયો છે. તે કહે છે, તેમણે મંત્રીપદ માટે સમગ્ર RPI(A)ને ગીરવે મૂક્યું હતું. રાજકારણમાં હવે તેમની કોઈ ઓળખ નથી. આ જાણવા છતાં તે ખુરશીને વળગી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કેબિનેટમાં અઠાવલે એક દુર્લભ પ્રાણી છે. તેઓ ત્રણ વખત સામાજિક ન્યાય રાજ્યમંત્રી રહી ચૂક્યા છે. તેમને એનડીએમાં સ્ટાર દલિત નેતા માનવામાં આવે છે. આમ છતાં ચૂંટણી લડ્યા વિના તાજેતરના વર્ષોમાં આ બધું થયું છે. તેઓ ૨૦૧૨માં NDAનો ભાગ બન્યા હતા. ૨૦૧૪ અને ૨૦૧૯માં તેમની પાર્ટીને એક પણ સીટ ન મળી પરંતુ આઠવલેને રાજ્યસભાની સીટ મળતી રહી. મહારાષ્ટ્રમાં તેમની પાર્ટીએ સતત બીજી વખત ચૂંટણી નહીં લડવાનો નિર્ણય લીધો છે. બીજી તરફ દલિત નેતા જોગેન્દ્ર કવાડેની પીપલ્સ રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા પણ ઘટનાસ્થળેથી ગાયબ છે. તેઓએ ભાજપની આગેવાની હેઠળની મહાયુતિને સમર્થન પણ આપ્યું છે. પ્રકાશ આંબેડકરની વંચિત બહુજન અઘાડી ૨૦૮ બેઠકો પર ચૂંટણી લડી રહી છે, પરંતુ તેના પર ભાજપને મદદ કરવાનો આરોપ છે. આંબેડકર પોતે નાદુરસ્ત તબિયતના કારણે પ્રચાર કરી રહ્યા નથી. એટલે કે મહારાષ્ટ્રના રાજકારણનું ચૂંટણી મેદાન ૧૩ ટકા દલિતો માટે ખાલી છે. આંબેડકરી ચળવળનો વાદળી રંગ ફિક્કો પડી ગયો છે અથવા ભાજપના ભગવા સાથે ભળી ગયો છે. સામાજિક કાર્યકર અને વિવેચક બંધુરાજ લોન આ પરિસ્થિતિ પર કહે છે, છેલ્લા દસ વર્ષોમાં મુખ્ય આંબેડકરવાદી પક્ષોએ ચૂંટણી લડી નથી. તેઓ ભાજપની છાવણીમાં ખેંચાઈ ગયા છે. આ નેતાઓએ સત્તા માટે આંબેડકરના વિચારો અને દલિત સમુદાય સાથે દગો કર્યો છે. પરંપરાગત રીતે આરપીઆઈ દલિત વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે, જેની રચના ૧૯૫૬માં ભીમરાવ આંબેડકર દ્વારા કરવામાં આવી હતી. સિત્તેરના દાયકા પછી આંબેડકરની વિચારધારાના આધારે પક્ષને સિત્તેરથી વધુ ટુકડાઓમાં વિભાજિત કર્યો. ઘણા નેતાઓ કોંગ્રેસમાં કેટલાક ભાજપમાં અને બાકીના શિવસેનામાં જોડાયા. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પૂર્વ અધ્યક્ષ આયન, ડૉ.સુખદેવ થોરાટ આરપીઆઈમાં આ ઉગ્ર જૂથવાદને આંબેડકરની વિચારધારા અંગેની અસ્પષ્ટતાનું પરિણામ માને છે.

### વિકેટ ફેંકી દેનાર પંત તરફ ગાવસ્કરનો સૂચક ઈશારો

# જો ટેસ્ટમાંથી પડતા મૂકાય તો IPL તો છે જ

## બીજી ટેસ્ટમાં પંતના કારણે ભારત મેચમાં પરત ફરશે એવી આશા ઠગારી નિવડી

મુંબઈ, તા.૮

બીજી ટેસ્ટમાં ભારતનો કારમો પરાજય થયા બાદ પૂર્વ ટેસ્ટ મહારથી સુનીલ ગાવસ્કરે રિષભ પંતનો ઉલ્લેખ કરીને એવો સૂચક કટાક્ષ કર્યો હતો કે, ખેલાડીઓને એ ખબર છે કે ટેસ્ટ ટીમમાંથી પડતા મૂકાશું તો IPL તો છે જ. ગાવસ્કરે કહ્યું કે, પંત પર આશાઓ હતી પણ ટેસ્ટમાં એ હંમેશા કરે છે તેમ વિકેટ ફેંકી દેતો શોટ લગાવ્યો. આવી રીતે રમવું તેના માટે સરળ થઈ ગયું છે કેમ કે પંત જાણે છે કે, ટેસ્ટ સિવાય પણ IPL જેવા ફોરમેટ છે તેમાં પણ રમવાનું છે જ. અગાઉના જમાનામાં તો ટેસ્ટમાં સારૂં ન રમો તો રણજી ટ્રોફીમાં રમવું પડતું. ક્લબ ક્રિકેટમાં પાછા જવું પડતું પણ અત્યારે તો આ બધાં ખેલાડીઓ માટે IPL જેવી આરામદાયક સુવિધા છે એટલે તે લોકો ગમે તે રીતે રમે છે એટલે ટેસ્ટ ટીમમાંથી પડતા મૂકાય તો IPL તો છે જ તેમાં તો રમવા મળશે જ.

# ટીવી જોઈ રહેલી અને સંભલની ઘટનાઓ અંગે પોલીસની કામગીરીની પ્રશંસા કરતી પત્નીને ત્રણ તલાક આપી દીધા

**ન્યુઝ પોઈન્ટ** સત્તાધારી પક્ષને ખુશ કરી દુશ્મનનો ખાત્મો બોલાવવા લાલચુ લોકો ગમે તે હદ વટાવી શકે ! જે છૂટાછેડાને ફોજદારી ગુનો છે તો આવું કૃત્ય કોણ કરે પરંતુ પોલીસનો સપોર્ટ જોઈતો હોય તો કોઈ યુક્તિ અજમાવવી પડે

(એજન્સી) લખનૌ, તા.૮

ઉત્તરપ્રદેશની ફરીવાર મામૂલી વાતમાં તલાક આપી દેવાની ઘટનાથી ચર્ચા જાગી છે. એક મહિલા યુપીના સંભલ શહેરની હિંસા અંગેની ઘટનાઓ વીડિયો જોઈ રહી હતી જ્યાં શાહી જામા મસ્જિદ જે સદીઓ જૂની છે તેના સર્વેને પગલે તોફાની દેખાવો થયા હતા અને અથડામણો થઈ હતી અને ચાર યુવાનો માર્યા ગયા હતા. આ વીડિયો જોઈને મહિલાએ કહ્યા



ત્યારે મારા પતિએ પૂછ્યું હતું કે શું કામ વીડિયો જોઈ રહી છે ત્યારે મેં શું ખોટું થયું શું સાચું હતું એ વિશે વાત કરી હતી અને કહ્યું હતું કે દરેકને પોતાનો બચાવ કરવાનો અધિકાર છે. આ પછી અમારી વચ્ચે ઝઘડો શરૂ થયો હતો. મારો પતિ મને કહેવા લાગ્યો હતો કે તું મુસ્લિમ જ નથી. તું કાફીર થઈ ગઈ છે અને તું પોલીસને ટેકો આપી રહી છે. એવું કહીને મારા પતિએ મારી સાથે બેડ વર્તન શરૂ કર્યું હતું અને કહ્યું હતું કે હું હવે તને રાખવા માંગતો

## આવી રીતે તલાક આપી દેનાર પતિ ઈજાઝુલ સામે પોલીસ ફરિયાદ નોંધાવતી મહિલા

મુજબ તેણે પોલીસની કામગીરીની પ્રશંસા કરી એટલે મારા પતિએ મને ત્રણ વખત તલાક તલાક એવું બોલીને મને તલાક આપી દીધા હતા. નિદા નામની આ મહિલાએ પોલીસમાં ફરિયાદ કરી છે. આવી રીતે તલાક મળી ગયા પછી ખીજાયેલી નિદાએ પોલીસમાં ફરિયાદ કરી છે અને કહ્યું છે કે કોઈ વજહ હી તો નહીં થી. બિના વજહકે તલાક દિયા હૈ. ઈસ્લામી શરૂઆતમાં કોઈ પણ પુરૂષ ત્રણ વાર તલાક બોલીને પત્નીને છૂટાછેડા આપી શકે છે એવી જોગવાઈ છે જેના પર ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ મૂકી દીધો હતો અને અદાલતે આવી રીતે તલાક આપવાની પ્રક્રિયા ગેરબંધારણીય ગણાવી હતી. ૨૦૧૯માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારે પત્નીને તાત્કાલિક આ રીતે છૂટાછેડા એટલે કે તલાક આપી દેવાની પ્રક્રિયા પર પ્રતિબંધ મૂકતો ખરડો પણ સંસદમાં લાવીને પસાર કરાવ્યો હતો. મુરાદાબાદની રહેવાવાળી નિદા નામની આ મહિલાએ તેના પતિ ઈજાજુલ સામે પોલીસમાં ફરિયાદ દાખલ કરી છે અને તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે મારે એક લગ્ન પ્રસંગ માટે સંભલ જવાનું હોવાથી હું ત્યાંની ઘટનાઓનો વીડિયો જોઈ રહી હતી. મારે ત્યાં અંગત કામ પણ હતું એટલે હું જોઈ રહી હતી કે ત્યાં જવામાં સલામતી છે કે કેમ નથી તારે જે કરવું હોય તે કર અને એમ કહીને મને ત્રણ તલાક આપી દીધા હતા અને કહી દીધું હતું કે હવે મારે તારી સાથે કોઈ સંબંધ રહેતો નથી. આ દંપતીના લગ્નને હજુ માત્ર ત્રણ વર્ષ થયા છે. મુરાદાબાદના પોલીસ વડા રણવિજય સિંઘે જણાવ્યું હતું કે એક મહિલા વીડિયો જોઈ રહી છે અને તેના કારણે દંપતી વચ્ચે ઝઘડો થાય છે. આ પતિ તેને વીડિયો ન જોવાનું કહે છે અને તેણે ઈન્કાર કરી દે છે એટલે લગ્નનો અંત આવી જાય છે અને પતિ ત્રણ વાર તલાક બોલીને તેને છૂટછેડા આપી દે છે. મહિલા અહીં આવીને આવી ફરિયાદ કરી છે.

# સરકાર સામાન્ય વ્યક્તિઓ પરનો ટેક્સ વધારી રહી છે અને ધનિકોને રાહત આપી રહી છે : રાહુલ ગાંધી

(એજન્સી) તા.૮

કેન્દ્ર સરકાર જીએસટી સ્લેબ વધારવાની તૈયારી કરી રહી છે ? કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કંઈક એવા જ સંકેત આપતા કેન્દ્ર સરકાર પર પ્રહાર કર્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર રાહુલ ગાંધીએ પોસ્ટમાં લખ્યું કે, "મૂડીવાદીઓને છૂટ અને સામાન્ય લોકો પાસેથી લૂંટ કરવાનું વધુ એક ઉદાહરણ જુઓ.

એક તરફ કોર્પોરેટ ટેક્સના મુકાબલે ઈન્કમ ટેક્સ સતત વધી રહ્યો છે. બીજી તરફ મોદી સરકાર ગબ્બર સિંહ ટેક્સથી વધુ વસૂલાતની તૈયારી કરી રહી છે. સાંભળવા મળી રહ્યું છે કે, જીએસટીથી સતત વધતી વસૂલી વચ્ચે સરકાર એક નવો ટેક્સ સ્લેબ લાવવા જઈ રહી છે. તમારી જરૂરિયાતની ચીજવસ્તુઓ પર જીએસટી વધારવાની યોજના છે."

રાહુલ ગાંધીએ લખ્યું કે, "થોડું વિચારો. હજુ, લગ્નની સિઝન ચાલી રહી છે. લોકો પાઈ-પાઈ એકઠી કરીને પૈસા ભેગા કરી રહ્યા હશે અને સરકાર આ વચ્ચે રૂા.૧૫૦૦થી ઉપરના કપડાં પર જીએસટી ૧૨ ટકાથી વધારીને ૧૮ ટકા કરવા જઈ રહી છે. આ ઘોર અન્યાય છે.

અરબપતિઓને ટેક્સમાં છૂટ આપવા અને તેમના મોટા મોટા દેવા માફ કરવા માટે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોની મહેનતની કમાણીને ટેક્સ દ્વારા લૂંટવામાં આવી રહી છે. અમારી



લડાઈ આ અન્યાય વિરૂદ્ધ છે. સામાન્ય લોકો પર પડી રહેલા ટેક્સના માર વિરૂદ્ધ અમે મજબૂતીથી અવાજ ઉઠાવીશું અને આ લૂંટને રોકવા માટે સરકાર પર પ્રેશર બનાવીશું." રાહુલ ગાંધીની આ પોસ્ટ બાદ ફરી એકવાર જીએસટીને લઈને ચર્ચા શરૂ થઈ ચૂકી છે.

# કેન્દ્ર દ્વારા ઓમરની પસંદગીની વ્યક્તિને જમ્મુ-કાશ્મીરના એડવોકેટ જનરલ બનાવવાની ના પડાતા ફરી એકવાર તેમણે રાજ્યના દરજ્જાની માંગ ઊઠાવી

(એજન્સી) તા.૮

કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટી (BJP)ની આગેવાની હેઠળની સરકારે જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહની કેન્દ્રશાસિત પ્રદેશના એડવોકેટ જનરલને પદે જાળવી રાખવાની ભલામણને નકારી કાઢી છે. નેશનલ કોન્ફરન્સની આગેવાની હેઠળની સરકારના શપથ ગ્રહણ પછી કાર્યભાર સંભાળ્યો હતો.

અબ્દુલ્લાહે કહ્યું કે તેઓ મહારાષ્ટ્ર અને ઝારખંડની ચૂંટણીઓ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાનો મુદ્દો ઉઠાવવા જઈ રહ્યા છે. આ અઠવાડિયાની શરૂઆતમાં, અહેવાલો બહાર આવ્યા હતા કે જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા, જેમને ૨૦૨૦માં ભગવા પાર્ટી દ્વારા જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, તેમણે ભૂતપૂર્વ એડવોકેટ જનરલ ડી.સી. રૈનાને તેની ભૂમિકામાં ચાલુ રાખવા દેવાના અબ્દુલ્લાહના પગલાનો વિરોધ કરવામાં આવ્યો હતો. જમ્મુ-કાશ્મીરના સીએમ અને રાજભવન વચ્ચે એજીની પસંદગીને લઈને વિવાદ છંછેડાયો હતો.

રાજ્યપાલ સત્યપાલ મલિક હેઠળ જમ્મુ અને કાશ્મીરના એડવોકેટ જનરલ તરીકે નિયુક્ત કરાયેલા રૈનાએ જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશના પ્રથમ મુખ્યમંત્રી તરીકે અબ્દુલ્લાહે શપથ લીધાના દિવસો પછી ૧૯ ઓક્ટોબરે સરકારનો હવાલો સંભાળ્યો હતો.

જો કે, તેમનું રાજીનામું મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા નકારી કાઢવામાં આવ્યું હતું અને તેમને "ટોચની સક્ષમ સત્તા દ્વારા એડવોકેટ જનરલ (AG) તરીકે સેવા ચાલુ રાખવા માટે કહેવામાં આવ્યું હતું." ધ હિંદુના એક અહેવાલ મુજબ રાજભવને રૈનાને ચાલુ



રાખવાનો વિરોધ કર્યો હતો. આ વર્ષની શરૂઆતમાં, કેન્દ્ર સરકારે જમ્મુ-કાશ્મીર પુનઃગઠન અધિનિયમ ૨૦૧૯માં સ્પષ્ટ કરેલ વ્યવસાય નિયમોમાં વિવાદાસ્પદ સુધારાને મંજૂરી આપી હતી, જે હેઠળ લેફ્ટનન્ટ ગવર્નરને જમ્મુ-કાશ્મીરના AG અને અન્ય કાયદા અધિકારીઓની નિમણૂક કરવાની સત્તા આપવામાં આવી હતી. ૧૨ જુલાઈના રોજ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા 'કંડક્ટ ઑફ ગવર્નમેન્ટ ઑફ યુનિયન ટેરિટરી ઑફ જમ્મુ અને કાશ્મીર (બીજો સુધારો) નિયમો, ૨૦૨૪'ને મંજૂરી આપવામાં આવી હતી. કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીના બે મહિનાથી પણ ઓછા સમય પહેલા આ મંજૂરી આપવામાં આવી હતી. સુધારામાં કાયદો અને વ્યવસ્થા, ઉચ્ચ અમલદારશાહી, કાર્યવાહી અને અન્ય સુરક્ષા સંબંધિત વિભાગોનું નિયંત્રણ પણ એજી ઓફિસને સોંપવામાં આવ્યું હતું.

# બાંગ્લાદેશીઓ, રોહિંગ્યા ભારતમાં ડિલીવરી એજન્ટ તરીકે કામ કરી રહ્યા છે : ગિરિરાજ સિંહ

(એજન્સી) તા.૮

કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે શનિવારે દાવો કર્યો હતો કે બાંગ્લાદેશી નાગરિકો અને રોહિંગ્યાઓ ફૂડ ડિલિવરી કંપનીઓ અને ઓનલાઈન શોપિંગ પ્લેટફોર્મ માટે ડિલિવરી એજન્ટ તરીકે કામ કરી રહ્યા છે. ગિરિરાજ સિંહે કહ્યું કે તેની ઓળખ થવી જોઈએ. કેન્દ્રીય મંત્રીએ હૈદરાબાદમાં આ ટિપ્પણી કરી, જ્યાં તેઓ NIFT-હૈદરાબાદના દીક્ષાંત સમારોહમાં હાજરી આપવા આવ્યા હતા.

તેમણે ઈવેન્ટની અલગ એક ન્યૂઝ એજન્સીને કહ્યું કે, 'સર્વિસ સેક્ટર, ઝોમેટો, સ્વિગી અથવા ફ્લિપકાર્ટ હોય બધે ડિલિવરી બોય બાંગ્લાદેશી અને રોહિંગ્યા છે. તેમની ઓળખ કરી પોલીસને સોંપવાના પ્રયાસો કરવા જોઈએ.

કેન્દ્રીય મંત્રીએ યોગી આદિત્યનાથની સંભલ અને બાંગ્લાદેશની તુલના કરતી



ટિપ્પણીઓને પણ સમર્થન આપ્યું હતું અને કહ્યું હતું કે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ કંઈ ખોટું નથી કહ્યું. આદિત્યનાથે ગુરૂવારે કહ્યું હતું કે ૫૦૦ વર્ષ પહેલાં અયોધ્યા અને સંભલમાં મુઘલ સમ્રાટ બાબરના કમાન્ડરની ક્રિયાઓ અને હાલમાં બાંગ્લાદેશમાં જે ઘટનાઓ બની રહી છે તે સમાન પ્રકૃતિ અને ઉદ્દેશ્યની હતી. તેમણે કહ્યું હતું કે, 'જુઓ આપણા પાડોશી દેશોમાં દુશ્મનો કેવા પ્રકારની ગતિવિધિઓ કરી રહ્યા છે. જો કોઈ મૂંઝવણમાં હોય, તો આ યાદ રાખો. પાંચસો વર્ષ પહેલાં બાબરના એક સેનાપતિએ અયોધ્યામાં કંઈક કામ કર્યું હતું, સંભલમાં પણ કંઈક એવું જ કામ કર્યું હતું અને આજે બાંગ્લાદેશમાં જે થઈ રહ્યું છે, ત્રણેયની પ્રકૃતિ અને ડીએનએ એક જ છે. આદિત્યનાથની ટિપ્પણી પર એક પ્રશ્નનો જવાબ આપતા, ગિરિરાજ સિંહે ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસલમીન (AIMIM)ના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી પર પણ કટાક્ષ કર્યો. સિંહે કહ્યું, 'ભારત પાકિસ્તાનમાં વહેંચાઈ ગયું. પાકિસ્તાનમાં હિન્દુઓનો નાશ થયો. આજે બાંગ્લાદેશમાં પણ એવું જ થઈ રહ્યું છે. ઝીણાનો ડીએનએ પાકિસ્તાનમાં હતો અને ઝીણાનો ડીએનએ બાંગ્લાદેશમાં છે. ઝીણાના ડીએનએ પણ સંભલમાં છે.

# મુરાદાબાદમાં વિરોધ બાદ મુસ્લિમ દંપતીએ હાઉસિંગ સોસાયટીમાં તેમનું નવું મકાન વેચી નાખવું પડ્યું

(એજન્સી) તા.૮

ઉત્તરપ્રદેશના મુરાદાબાદ જિલ્લામાં મુસ્લિમ સમુદાયના એક ડૉક્ટર દંપતીને તેમના પડોશીઓના ઈસ્લામોફોબિક વિરોધ વચ્ચે તેમનું નવું બનેલું મકાન ફરીથી વેચવાની ફરજ પડી હતી. આ ઘટના ૩ ડિસેમ્બરે બની હતી, જ્યારે ઉત્તર મુરાદાબાદની રહેણાંક સોસાયટી TDI સિટીના હિન્દુ રહેવાસીઓએ તાજેતરમાં વસાહતમાં એક મકાનના વેચાણ સામે વિરોધ કરવાનું શરૂ કર્યું હતું, જે મુસ્લિમ સમુદાયના વ્યક્તિને હિંદુ ડૉક્ટર ડૉ. બજાજ દ્વારા વેચવામાં આવ્યું હતું.

ડૉ. યુસુફ મલિક અને ડૉ. ઈકરા ચૌધરીએ આ મકાન ખરીદ્યું હતું. જેના વિરોધમાં રહેવાસીઓએ દાવો કર્યો હતો કે તેઓ વસ્તી વિષયક ફેરફારોથી ડરી રહ્યા છે અને તેમને ડર છે કે મુસ્લિમ સમુદાયની વસતી અહીં પણ વધી જશે અને પછી અનેક પ્રકારના રીત રિવાજો બદલાઈ જશે.

મોટાભાગના દેખાવકારોએ ડૉ.બજાજને ચેતવણી પણ આપી હતી કે તેઓ કોલોનીના ગેટ પર તેમનો વિરોધ કરશે અને અશોક બજાજ 'તમારા ઘર પાછું લો'ના બેનર સાથે વિરોધ કરશે. ઈસ્લામોફોબિક પડોશીઓના વીડિયો અને તેમના વિરોધના વાયરલ થયા બાદ આ ઘટનાને વેગ મળ્યો હતો. ઘણા હિન્દુ




રહેવાસીઓ વેચાણ અંગે ફરિયાદ કરવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટની ઑફિસમાં પણ ગયા હતા, જ્યાં તેઓએ પરસ્પર સંમતિથી વેચાણ કરનાર બંને પક્ષો વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. તેમ છતાં ભારતનું બંધારણ જણાવે છે કે કાયદા સિવાય કોઈને પણ તેની અંગત મિલકતથી વંચિત કરી શકાતું નથી, તેમ છતાં મુસ્લિમ દંપતીને તેમનું નવું ખરીદેલું મકાન અન્ય હિન્દુ પરિવારને વેચવાની ફરજ પાડવામાં આવી હતી. ઘરના જૂના માલિક ડૉ. બજાજે જણાવ્યું કે શહેરના ચૂંટાયેલા પ્રતિનિધિ દ્વારા મધ્યસ્થી કરાયેલી ઠરાવની બેઠકમાં મુસ્લિમ દંપતી હાઉસિંગ સોસાયટીના રહેવાસી એક હિન્દુ પરિવારને મકાન વેચવા સંમત થયા હતા. ડૉ. બજાજ, જેઓ આંખની હોસ્પિટલ ચલાવે છે અને મુસ્લિમ ડૉક્ટર દંપતીને ૪૦ વર્ષથી વધુ સમયથી ઓળખે છે. તેમણે કહ્યું કે અમારી આ ડીલનો ખોટો જ વિરોધ કરવામાં આવ્યો. તે બિનજરૂરી હતો.

# ધર્મેન્દ્રએ સની દેઓલ-બોબી દેઓલ સાથે ૮૯મો જન્મદિવસ ઉજવ્યો તેમના હાથને ચુંબન કર્યું; હેમા માલિનીએ પોસ્ટ સાથે શુભેચ્છા પાઠવી

(એજન્સી) તા.૮

પીઢ અભિનેતા ધર્મેન્દ્રએ રવિવારે પોતાનો ૮૯મો જન્મદિવસ ઉજવ્યો. તેણે પોતાના પુત્રો સની દેઓલ અને બોબી દેઓલ સાથે આ ખાસ પ્રસંગની ઉજવણી કરી હતી. જ્યારે પીઢ અભિનેતાએ વિશાળ કેક કાપી ત્યારે તેના ચાહકો અને પાપારાઝી પણ હાજર હતા. ધર્મેન્દ્રની પત્ની-અભિનેત્રી હેમા માલિની અને પુત્રી એશા દેઓલે તેમના માટે જન્મદિવસની પોસ્ટ શેર કરી હતી. ધર્મેન્દ્રના જન્મદિવસ નિમિત્તે તેમના ચાહકોએ તેમના ઘરની બહાર તેમની ફિલ્મોના પોસ્ટરોથી સજાવટ કરી હતી. બર્થ ડે સેલિબ્રેશનનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં ધર્મેન્દ્ર સાથે સની દેઓલ પણ જોવા મળી રહ્યો છે, આ વીડિયોમાં ધર્મેન્દ્ર ચાહકો દ્વારા લાવેલી કેક કાપતા જોવા મળી રહ્યા છે. અભિનેતાએ તેના ચાહકોને કેક ખવડાવીને તેનો જન્મદિવસ ઉજવ્યો. અને ચાહકોનો આભાર માન્યો હતો. ધર્મેન્દ્રના પુત્ર સની દેઓલ અને પુત્રી ઈશા દેઓલે પણ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને તેમને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. સનીએ તેના પિતા સાથેની તસવીરોથી બનેલી એક રીલ સોશિયલ મીડિયા પર શેર કરી છે, જ્યારે ઈશાએ ધર્મેન્દ્રના પોસ્ટર સાથેનો એક વીડિયો શેર કર્યો છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરતી વખતે સની દેઓલે લખ્યું, 'હેપ્પી બર્થ ડે પાપા, હું તમને ખૂબ પ્રેમ કરૂં છું.' આ પોસ્ટમાં સનીની કેટલીક તસવીરો તે સમયની છે જ્યારે સની દેઓલ બોલિવૂડમાં ડેબ્યૂ કરવાનો હતો. તે જ સમયે ઈશા એશા દેઓલે પણ સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં તે તેના ઘરની બહાર ઉભી જોવા મળી રહી છે. ઘરની બહાર દિવાલો પર અભિનેતા ધર્મેન્દ્રના ઘણા બેનરો અને પોસ્ટર છે. ઈશાની આ પોસ્ટમાં બેકગ્રાઉન્ડમાં



ફિલ્મ યમલા પગલા દીવાનાનું ટાઈટલ ટ્રેક ચાલી રહ્યું છે. પોસ્ટ શેર કરતી વખતે ઈશાએ કેપ્શનમાં લખ્યું, 'હેપ્પી બર્થ ડે પાપા, અમે તમને ખૂબ પ્રેમ કરીએ છીએ. તમે હંમેશા ખુશ અને સ્વસ્થ રહો. તેણે આ પોસ્ટમાં ધર્મેન્દ્રના ચાહકોનો પણ આભાર માન્યો હતો. તેણે ચાહકો માટે લખ્યું, પાપાના તમામ ચાહકોનો આભાર, જેમણે તેમના આવા સુંદર પોસ્ટર અને ફોટા અહીં મૂક્યા છે.

# પીએમ મોદી ૯ ડિસેમ્બરે હરિયાણામાં મહિલાઓના સશક્તિકરણ માટે બીમા સખી યોજના શરૂ કરશે

(એજન્સી) તા. ૮

ભારત સરકાર દ્વારા દેશના નાગરિકો માટે ઘણી બધી યોજનાઓ ચલાવવામાં આવે છે. અલગ અલગ વર્ગોના લોકો માટે સરકારની અલગ-અલગ યોજનાઓ હોય છે. સરકાર મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા માટે પણ ઘણા પ્રયાસ કરતી રહે છે. મહિલાઓના હિત માટે પણ સરકારની ઘણી યોજનાઓ હોય છે.

હાલ જ મહિલાઓ માટે સરકાર તરફથી એક નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે. આ યોજનાનું નામ છે બીમા સખી યોજના. તેના હેઠળ ગ્રામીણ વિસ્તારની મહિલાઓને લાભ આપવામાં આવશે. ચાલો તમને કહી બતાવીએ આ યોજના શું છે અને કેવી રીતે મહિલાઓને તેમાંથી ફાયદો મળશે. આ યોજનાનું નામ બીમા સખી યોજના છે. એટલે કે આમાં મહિલાઓને વીમા સંબંધિત કામ માટે સક્ષમ બનાવવામાં આવશે. આ યોજના દ્વારા, મહિલાઓને ભારતીય જીવન વીમા નિગમની બીમા સખી તરીકે નિયુક્ત કરવામાં આવશે એટલે કે તેમને LICના એજન્ટ બનાવવામાં આવશે. આ યોજનામાં જોડાયા બાદ મહિલાઓ લોકોનો વીમો કરાવી શકશે. સરકારની આ યોજનાથી



ગ્રામીણ વિસ્તારોમાં રહેતી મહિલાઓને ઘણો ફાયદો થશે. ગ્રામીણ વિસ્તારોમાં મહિલાઓ માટે નોકરી અને રોજગારીની તકો સામાન્ય રીતે ઘણી ઓછી હોય છે. આવી સ્થિતિમાં સરકારની આ યોજના આ મહિલાઓને આત્મનિર્ભર બનવાની તક આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૯ ડિસેમ્બરે હરિયાણાના પાણીપતથી આ યોજનાની શરૂઆત કરશે. બીમા સખી યોજના હેઠળ મહિલાઓને ૭,૦૦૦થી ૨૧,૦૦૦ રૂપિયા સુધી દર મહિને આપવામાં આવશે. યોજનાની શરૂઆતમાં મહિલાઓને દર મહિને ૭,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. બીજા વર્ષે આ રકમ ૧,૦૦૦ રૂપિયા ઓછી કરીને ૬,૦૦૦ રૂપિયા કરવામાં આવશે. ત્રીજા વર્ષે ૫,૦૦૦ રૂપિયા દર મહિને આપવામાં આવશે. સાથે જ મહિલાઓને ૨૧,૦૦૦ રૂપિયાનું અલગ યોગદાન પણ આપવામાં આવશે. જે મહિલાઓ પોતાના વીમાનો લક્ષ્યાંક પૂરો કરશે, તેઓને અલગ કમિશન પણ આપવામાં આવશે.

સરકાર દ્વારા શરૂ કરાયેલ બીમા સખી યોજનાના પ્રથમ તબક્કામાં ૩૫,૦૦૦ મહિલાઓને બીમા એજન્ટ તરીકે રોજગાર આપવામાં આવશે. પાછળથી ૫૦,૦૦૦ મહિલાઓને યોજનામાં લાભ આપવામાં આવશે. યોજનામાં નોંધણી માટે મહિલાઓની ઉંમર ૧૮થી ૫૦ વર્ષ સુધીની હોવી જરૂરી છે. સાથે ૧૦મી કક્ષા સુધીનું ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત પણ જરૂરી છે.

### પારડીની યુવતી પર દુષ્કર્મ-હત્યાના આરોપી સિરિયલ કિલરને ઝડપી પાડ્યો હતો

# ગુજરાતમાં શહેર-જિલ્લામાં થતાં મહત્ત્વના ગુના ઉકેલવામાં રેલવે પોલીસની મહત્ત્વની ભૂમિકા : ડો. રાજકુમાર પાંડિયન

## રાજ્યમાં વડોદરા અને અમદાવાદ ડિવિઝનના એસ.પી. બલરામ મીના અને સરોજકુમારીનો રેલવેની ખરડાયેલી છબી સુધારવામાં મહત્ત્વનો રોલ

સુરત, તા.૮

ગુજરાતમાં રેલવેમાં પોલીસમાં નોકરી કરવી એક સજારૂપ હતી. પરંતુ નિષ્ઠા અને કર્તવ્યને પોતાનો ધર્મ બનાવ્યો હોય છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં મહત્ત્વના ગુના ઉકેલવામાં રેલવે પોલીસનો મુખ્ય રોલ રહ્યો છે. જેની પાછળ એડીશનલ ડીજીપી અને એસપી લેવલના અધિકારીઓએ રેલવેને અન્ય પોલીસ સ્ટેશનને અને જિલ્લા કરતા શકિતશાળી બનાવ્યા છે. જેની પાછળ અલગ અલગ જિલ્લાઓમાં ગુનાઓને અંજામ આપીને ફરાર થતા ગુનેગારોને માત્ર ફોટાઓ લઈને આજે મહત્ત્વના ગુનાઓ પૈકી હત્યા, બળાત્કાર, તેમજ લુંટના આરોપીઓને ગણતરીના કલાકોમાં જ રેલવેમાંથી ઝડપી પાડીને જે તે જિલ્લા અને શહેરની પોલીસને સોપી દેવાનો ગુજરાતમાં રેલવે પોલીસે એક કિર્તીમાન બનાવ્યો છે. જેમાં હાલમાં જ વલસાડ જિલ્લાના પારડીમાં એક યુવતી પર બળાત્કાર કરી હત્યા પ્રકરણમાં દેશની અંદર હાહાકર મચાવી નાખનાર સિરિયલ કિલર દિવ્યાંક યુવકને ઝડપી પાડવામાં પોલીસ સફળ થઈ હતી. છેલ્લા વર્ષોથી રેલવે પોલીસ પાસે રેલવેમાં થતી લૂંટચોરી બાબતે ફરિયાદ આપતા મુસાફરો પણ ખચકાતા હતા. પરંતુ હવે એવું નથી રહ્યું જેની પાછળ રાજયના



એડીશનલ ડીજીપી અને રેલ્વેના ડીજીપી તરીકે ઓળખાતા ડૉ. રાજકુમાર પાંડીયન અને રેલ્વેના રેન્જ આઈજી રાઠોડ સાથે બે એસીપી બલરામ મીના અને સરોજકુમારીએ રેલવેને એક નવી ઓળખાણ આપી છે. આજે ગુજરાતમાં ગુના આચરીને ગુનેગાર મોટે ભાગે ભારતીય રેલમાં ભાગતા હોય છે. સાથે સાથે મુસાફરોના માલસામાન અને જરૂરી ચીજવસ્તુની ચોરી તેમજ લૂંટના બનાવ સાથે અન્ય ગુના અટકવામાં માટે પણ આ અધિકારીઓ પોતાની કાર્યશૈલીના લીધે રેલવે પોલીસનું ગુજરાત પોલીસમાં એક અલગ નામ ઉભુ થયું છે. આજે ગુજરાતના કોઈ પણ જિલ્લામાં હોય કે પછી કોઈ પણ શહેરમાં હોય ઘટના બની હોય ત્યાર પછી માત્ર સોશિયલ મીડિયાના માધ્યમથી જાણકારી મળતા જ રેલ્વે પોલીસ સ્ટેશન પર હોય કે રેલવેમાં પેટ્રોલીંગ કરતી હોય તાત્કાલિક એકશનમાં આવી જતી હોય છે. ગુજરાત રેલ્વે પોલીસમાં બે અધિકારીઓ બલરામ મીના અને સરોજકુમારીએ અલગ અલગ બનાવમાં ગુનેગારોને પકડી પાડીને જિલ્લાઓમાં અને શહેરમાં સફળ કાર્ય કર્યુ છે. સાથે સાથે રેલવે પોલીસે મોબાઈલ ચોરીમાં આખા ગુજરાતમાં સૌથી વધારે ડીટેક્શન કરીને એક કિર્તીમાન સ્થાપિત કર્યો છે. સાથે સાથે રેલવેમાં એવા ગુના પણ ઉકેલવામાં આવ્યા છે. જેની ગુચ અન્ય શહેર અને જિલ્લાની પોલીસ પણ ઉકેલી શકી નથી જેની ગુંચ રેલ્વે પોલીસે ઉકેલી નાંખી છે. દરમિયાન પશ્ચિમ રેલ્વેમાં અમદાવાદ અને બરોડા ડિવિઝનના બંન્ને એસપી દ્વારા રેલ્વેમાં ડિટેક્શનની ટકાવારી જોવામાં આવે તો શહેર અને જિલ્લા કરતા ઉચ્ચ કક્ષાની મહત્ત્વની સાબિત થઈ રહી હોવાનું જાણવા મળે છે. ગુજરાતના અન્ય જિલ્લા અને શહેર કરતા વધુ દેખાવ રેલવે પોલીસનું હોવાનુ ચિત્ર સ્પષ્ટ ઉપસી આવ્યું છે. જેમ કે, હાલમાં પોલીસે ભારતમાં ચકચાર મચાવી દેતી ઘટનાને ઉકેલવામાં મહત્ત્વનો ફાળો રેલવે પોલીસનો રહ્યો હતો. જેમાં વલસાડના પારડી ખાતે એક યુવતીની રેપ વીથ હત્યા પ્રકરણમાં વલસાડ જિલ્લા પોલીસ દોડતી થઈ ગઈ હતી અને પોલીસને કોઈ દિશા મળી ન હતી. જયારે રેન્જ આઈજીનો ચાર્જ સંભાળતા સીબીઆઈમાંથી સુરત ખાતે આવેલા ક્રાઈમના સંયુક્ત કમિશનર રાઘેન્દ્ર વત્શ દ્વારા વલસાડ એસપી ડૉ. વાઘેલાને કેટલીક જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. જેના આધારે જે ફોટો વાપી સ્ટેશનથી મળ્યો હતો તે ફોટોના આધારે આજે દેશમાં હાહાકાર મચાવી દેનાર સિરિયલ કિલર વિકલાંગ યુવકને વાપી રેલ્વે પોલીસે પકડી પાડ્યો હતો અને જેની પૂછપરછમાં છથી વધુ રેપ વીથ મર્ડરના ગુના આચર્યાની કબુલાત કરી હતી તેમજ સુરત જિલ્લામાં એક તરૂણીને તેના મિત્ર સાથે ગરબા રમી પરત ફરતા ત્યારે ત્રણ યુવકોએ પાશ્વી બળાત્કાર કરી ફરાર થઈ ગયા હતા. જેમાં પણ આરોપીને રેલ્વે પોલીસે ચાલુ ટ્રેનમાં ઝડપી પાડ્યો હતો. સાથે સાથે હત્યાના ગુનાઓમાં ભાગતા ફરતાં ઈસમે ટ્રેનમાં મુસાફરી દરિમયાન પેટ્રોલીંગ કરતી રેલવે પોલીસે ઝડપી પાડ્યો હતો. આ બાબતે રેલવેમાં એસલીબી અને એસઓજી પી.આઈ.ઓ.ની મહેનત રંગ લાવી રહી છે. રેલવે પોલીસે રેલવેમાં સ્ટેશન ટુ સ્ટેશન ફેરિયાઓ અને રેલવેના પેન્ટ્રીકારના વેઈટર અને મેનેજરો રેલવે નેટવર્કમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે જેને કારણે આજે ઘણા ગંભીર ગુનાઓ ઉકેલવામાં મહત્ત્વની સફળતા પ્રાપ્ત થઈ છે. જેની પાછળ ગુજરાત રાજયના ડીજીપી ડો.રાજકુમાર પાંડીયનની કુનેહ પૂર્વકની કાર્યશૈલી ગણાઈ રહી છે.

### નગરમાં ખુલ્લેઆમ દારૂનું વેચાણ, અથડામણનું કારણ દારૂ

# મેઘરજમાં નજીવી બાબતે બે જૂથ વચ્ચે અથડામણ

## દરગાહ પર પથ્થરમારો કરાતા કાચ તૂટી ગયા, પ્રાંગણમાં પથ્થરો અને ઈંટોનો ઢગલો, હોમગાર્ડ સહિત છ શખ્સોને પથ્થરમારામાં ઈજા, ૮ નામજોગ સહિત ૨૦૦નાં ટોળા સામે ફરિયાદ

મેઘરજ, તા.૮

મેઘરજ નગરમાં ગત રાત્રે બે જૂથ વચ્ચે સામાન્ય બોલાચાલી બાદ જૂથ અથડામણ થઇ હતી બે જુથ સામસામે આવી જતાં પથ્થરમારો કરતા જેમાં વાહનોના કાચ તૂટ્યા હતા એક હોમ ગાર્ડ સહિત છ શખ્સોને ઈજાઓ પહોચી હતી ઘટનાની જાણ પોલીસને થતાં જિલ્લા પોલીસનો કાફલો મેઘરજ ખાતે દોડી આવ્યો હતો. મેઘરજ નગરમાં શુક્રવાર મોડી રાત્રે બે જૂથના શખ્સોને સામાન્ય બોલાચાલી થઇ હતી. જે બાદ બે જૂથ સામ સામે આવી ગયા હતા અને જુથ અથડામણ થતાં સામ સામે પથ્થરમારામાં એક હોમગાર્ડ અને બંન્ને જૂથના પાંચ વ્યક્તીઓને ઈજાઓ પહોચી હતી પથ્થરમારાને લઈને વાહનોના કાચ તુટ્યા હતા ઘટનાએ ઉગ્રસ્વરૂપ ધારણ કરતાં પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. બન્ને જુથનાં ટોળાં અને પોલીસ વચ્ચે બોલાચાલી થઇ હતી પોલીસે બંન્ને જૂથોને સમજાવી મામલો થાળે પાડ્યો હતો. નગરમાં જૂથ અથડામણ બાદ એક જુથ પોલીસ મથકે પહોચ્યું હતું પરંતુ પોલીસ કર્મીએ જુથને સમજાવતાં જુથ દ્વારા ફરીયાદ કરવાનુ ટાળ્યુ હતુ સામે બીજા જૂથે પણ પોલીસ ફરીયાદ કરવાનું ટાળ્યું હતું. મેઘરજ નગરમાં બંન્ને જૂથ વચ્ચેની અથડામણનું કારણ માત્ર ૧૦૦ રૂપિયાના કારણે મોટી બબાલ ઉભી થઇ હતી.

### દારૂની બદીને લઈને તાલુકામાં બબાલો તેમજ મોટા ગુના બની રહ્યા છે

ઈસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત શુક્રવારે લાલપુર ગામે ૨૫ વર્ષીય યુવકની હત્યાના પ્રકરણમાં પણ યુવક અને તેના મિત્રોએ બીટી છાપરા ગામેથી ઈંગ્લીશ દારૂ પીધા બાદ અંદરો અંદર બોલા ચાલી થઇ હતી. જેમાં નશાની હાલતમાં મિત્રોએ યુવકને ચપ્પુના ઘા ઝિંકી હત્યા કરી દેવાઇ હતી આ સમગ્ર મામલો બુટલેગર અને એક શખ્સ વચ્ચેનો મામલો હતો જેમાં આ મામલાને ઉગ્ર સ્વરૂપ આપવા માટે બુટલેગરે તેનું કૃત્ય બહાર ન આવે તે માટે પ્રયાસો કરાયા હતા. જો કે અંતે પોલીસે બુટલેગર સહિત કુલ ૯ લોકો વિરૂદ્ધ નામજોગ અને ૨૦૦ના ટોળા વિરૂદ્ધ ફરિયાદ નોંધી છે. અહીયા એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે બજારના વચોવચ દારૂનો વેપલો કરતો બુટલેગર પોલીસના નાક નીચે કેવી રીતે વેપાર કરે છે ? અને બુટલેગર સમીરની માતા છેલ્લા ૪૦ વર્ષથી એજ જગ્યાએ દેશી વિદેશી દારૂનો વેપલો કરી અનૈતિક સંપત્તિની માલિક બની છે જેના ઉપર પણ ભૂતકાળમાં દારૂના અનેક કેસ નોંધાય ચૂક્યા છે હવે તેના પુત્ર સમીર દ્વારા માતાના વેપલાને આગળ ધપાવવાની જવાબદારી આવી પડી હોય શામ દામ દંડ ભેદની નીતિ અપનાવી બજારમાં ખુલ્લે આમ દારૂનો વેપલો કરે છે જે જગ જાહેર છે, આવા લિસ્ટેડ બૂટલેગરોને નાથવા અને ભવિષ્યમાં આ વિસ્તારમાં આવું ઘર્ષણ ફરી ના થાય તે માટે નક્કર પગલાં પોલીસ ભરે તેવી માંગ ઉઠવા પામી છે. પાંડોરવાસમાંથી પથ્થર મારો કરતા ઈસમોના વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે અને એ પથ્થરો દરગાહ પર મારવામાં આવ્યા હતા જેના કારણે દરગાહના પણ કાચ ફૂટી ગયા હતા અને દરગાહના પ્રાંગણમાં પથ્થરો અને ઈંટોનો ઢગલો થઈ જવા પામ્યો હતો જેનો વીડિયો પણ વાયરલ થયો હતો તેમ છતાં ફરિયાદ ગઈકાલે મોડે મોડે દાખલ કરી ૮વ્યક્તિ અને ૨૦૦ના ટોળા સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે પણ દારૂના ચાલતા અડ્ડાઓ બાબતે ગુજરાત સરકાર સખત છે તો અથાગ રજૂઆતો સમયાંતરે હોવા છતાં આ અડ્ડો કેમ કોઈ અમલદાર કે અધિકારી આજદિન સુધી બંધ કરાવી શક્યા નથી અને આ બુટલેગર ઉપર સંખ્યાબંધ કેસ હોવા છતા બિન્દાસ વેપલો ચાલુ રાખેલ જેના લીધે આવા બનાવો બને છે.

એક શખ્સ દારૂના અડ્ડા પર ઈંગ્લીશ દારૂની બોટલ લેવા ગયો હતો બુટલેગરે ૧,૩૦૦ રૂપિયા બોટલના માગ્યા અને શખ્સે ૧,૨૦૦ રૂપિયામાં માગી હતી બુટલેગરે શખ્સને ૧,૨૦૦ રૂપિયામાં દારૂની બોટલ ન આપતાં મામલો બીચક્યો હતો અને જે જૂથો સામ સામે આવી ગયા હતા. મેઘરજ નગરમાં બે સ્થળોએ ખુલ્લેઆમ ઈંગ્લીશ દારૂનુ વેચાણ થઇ રહ્યું છે બીજી બાજુ તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં પણ ઈંગ્લીશ અને દેશી દારૂના સ્ટેન્ડ ચાલી રહ્યા છે ત્યારે સ્થાનીક પોલીસ અને જિલ્લા પોલીસ મહિનામાં એકવાર આ દારૂના સ્ટેન્ડો પર પોલીસ લખેલી નેપ્લેટ લગાવી લગઝુરીયર્સ કાર લઇ તેમના ખબર અંતર પૂછવા જતી હોય તેવું ઘણીવાર જોવા મળી રહ્યું છે.

# પાટડીના પીપળી ગામે બે શખ્સો દ્વારા કરાયેલ ફાયરિંગમાં એકને ઈજા

સુરેન્દ્રનગર, તા.૮

પાટડી તાલુકાના પીપળી ગામે બે શખ્સો દ્વારા એક વ્યક્તિ ઉપર ફાયરિંગ કરાતા ચકચાર મચી જવા પામી છે. પીપળી ગામની પાણીની ટાંકી પાસે અંદાજે બે શખ્સે કારમાં આવી ફાયરિંગ કર્યું હોવાની ચર્ચાના પગલે બજાણા પીઆઇ સહિતનો પોલીસ કાફલો તાકીદે પીપળી ગામે દોડી જઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પાટડી તાલુકાના પીપળી ગામની પાણીની ટાંકી પાસે બે શખ્સોએ કારમાં આવી ફાયરિંગ કરતા એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. જેમાં એક વ્યક્તિને લોહીલુહાણ હાલતમાં તાકીદે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યારે સી.યુ.શાહ મેડિકલ કોલેજમાં સારવાર અર્થે લવાતા ડો.પાર્થરાજસિંહ વાઢેર અને ટીમે સારવાર હાથ ધરી હતી. આ ફાયરિંગની ઘટનામાં મહેમુદખાન મલેક નામનો શખ્સ ઈજાગ્રસ્ત થયો હોવાનું સામે આવ્યું છે. અજાણ્યા શખ્સો ફાયરિંગ કરી નાસી છૂટ્યા હતા. અંગત અદાવતમાં ફાયરિંગ થયું હોવાની



ચર્ચાએ જોર પકડ્યું છે. ફાયરિંગની ઘટનાના પગલે બજાણા પીઆઇ એ.કે. વાઘેલા સહિતનો પોલીસ કાફલો તાકીદે પીપળી ગામે દોડી જઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યોછે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. બજાણા પોલીસે ફાયરિંગ અંગેનો ગુનો દાખલ કરવાની તજવીજ સાથે ફરાર આરોપીઓને ઝબ્બે કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# કેનેડાના સ્ટુડન્ટ વિઝાના બહાને મહિલા એજન્ટ સહિત બે ઠગોએ રૂા. ૧૬.૨૪ લાખ પડાવ્યા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૮

મહેસાણાના બસ કંડકટર અને અન્ય વ્યક્તિને કેનેડાના સ્ટુડન્ટ વિઝા બનાવી આપવાનું કહીને વડોદરાની મહિલા એજન્ટ અને આણંદના શખ્સ દ્વારા રૂા.૧૬.૨૪ લાખ પડાવી લેવામાં આવ્યા હતા. વારંવાર કહેવા છતાં વિઝા ન બનાવી આપી તથા રૂપિયા પરત નહીં આપીને તેમની સાથે છેતરપિંડી હાજરી હતી. જેથી બસ કંડક્ટરે બંને ઠગ વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. મૂળ મહેસાણા જિલ્લામાં રહેતા કનુજી રાજાજી પરમાર કડી બસ સ્ટેશન ખાતે કંડક્ટર તરીકે નોકરી કરે છે. તેમના પુત્ર દિરપાલસિંહને વધુ અભ્યાસ માટે કેનેડા જવું હતું. જેથી તેઓ પુત્રના સ્ટુડન્ટ વિઝા કઢાવવા માટે એજન્ટની શોધ કરી રહ્યા હતા. જેના માટે તેઓએ પોતાના ભત્રીજા ધવલભાઇને સ્ટુડંટ વિઝા કઢાવવા બાબતે વાત કરી હતી. ત્યારે તેણે મિત્ર દિલીપ શંકર પટેલના ઓળખીતા વિઝાનુ કામ કરતા હોવાનું કહેતા પુત્ર દીરપાલસિંહ અને ભત્રીજા ધવલને આણંદ ખાતે દિલીપભાઈના ઘરે મળવા માટે મોકલ્યા હતા. તેમની સાથે વાત થતા તેઓએ વડોદરાના સમા વિસ્તારમાં અભિલાષા ચોકડી પાસે ગુણાતીત રેસીડેન્સીમાં રહેતા તેમની માનેલા બેન સંગીતાબેન વિઝા કાઢી આપવાનું કામ કરે છે. તેમની સાથે ઓળખાણ કરાવ્યા બાદ તેઓ વિઝાનું કામ ૧૦૦ ટકા કરાવી આપશે તેમ કહ્યું હતું. જેથી બસ ડ્રાઈવર પોતાની પત્ની સાથે સંગીતાબેનને મળવા વડોદરા ખાતે તેમના ઘરે ગયા હતા. જ્યાં સંગીતાબેન સાથે સ્ટુન્ડ વિઝાની તમામ વાતચીત કરી પુત્રના તમામ ડોક્યુમેન્ટની ખરાઈ કરાવ્યા બાદ કેનેડા સ્ટુડન્ટ વિઝા કાઢવાનો ખર્ચ રૂા.૧૫ લાખ થશે. કેનેડાના સ્ટુડન્ટ વિઝા માત્ર છ મહિનામાં આવી જશે તેમ જણાવ્યુ હતું. જેથી તેમને સંગીતાબેન ઉપર વિશ્વાસ આવી જતા તેમના તથા તેમના પુત્રના બેંક ખાતામાથી ઓનલાઇન મારફતે રૂા.૧૦.૨૪ લાખ તથા રોકડા ૫ લાખ મળી રૂા.૧૫.૨૪ લાખ મહિલાને આપ્યા હતા. પરંતુ સંગીતાએ પુત્રના સ્ટુડન્ટ વિઝા માટેની કોઈ પ્રોસેસ કરી ન હતી. જેથી મહિલાને વારંવાર વિઝા બાબતે કહેવા છતાં તેણે ખોટા વાયદા આપતી હતી અને રૂપિયા પણ પરત કરતી ન હતી. જેથી કનુજી પરમાર દિલીપભાઈને વિઝા નહીં કાઢી આપવા બાબતે વાત કરી હતી ત્યારે તેઓએ જો સંગીતાબેન રૂપિયા નહીં આપે તો હું તમને રૂપિયા ચૂકવી દઈશ તેઓ વાયદો આપ્યો હતો. સંગીતાના સમા વિસ્તારમાં આવેલા મકાનમાં તપાસ કરતા તેણી મકાનને લોક મારીને ફરાર થઈ ગઈ હોવાનું માલુમ પડ્યું છે. આમ કેનેડાના સ્ટુડન્ટ વિઝા કઢાવી આપવાના બહાને દિલીપ તથા સંગીતાએ ભેગા મળી બસ કંડક્ટર ના રૂપિયા ૧૫.૨૪ લાખ તેમજ સદનામલિંગ જસબીરસિંહ ગાવરીયાના રૂા.૧ લાખ મળી ૧૬.૨૪ લાખ પડાવી લીધા હતા. જેથી સંગીતા અને દિલીપ વિરૂદ્ધ બસ કંડક્ટરે ઠગાઈની ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# જૂના ડીસાના જનક ફીડરના ખેડૂતોને માત્ર રાત્રે વીજ પુરવઠો અપાતા રોષ

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૮

રાજ્ય સરકાર ખેડૂતોને પડતી હાલાકી નિવારવા કટિબદ્ધ છે. તેથી રાત્રીના સમયે ખેતી વિષયક અપાતો થ્રિ ફેજ વીજ પુરવઠો હવે દિવસે બે પાળીમાં અપાશે તેવું જાણવા મળી રહ્યું છે. પણ આ બાબતે હજુ સુધી અમલીકરણ થયેલ ન હોવાથી વીજ કંપની દ્વારા રાત્રીની શેડ્યુલમાં જ વીજ પુરવઠો અપાઈ રહ્યો છે. જેથી ખેડૂતો હાલાકી ભોગવી રહ્યા છે. જેમાં જૂના ડીસાના ખેડૂતોની વાત કરીએ તો જનક ફીડરમાં આવતા ખેડૂતોને છેલ્લા ઘણા સમયથી રાત્રીના સમયે ૮.૩૦થી ૪.૩૦ના શેડ્યુલ મુજબ વીજ પુરવઠો આપતા ખેડૂતો હાલાકીમાં મુકાયેલ છે. ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને સરકાર દ્વારા ૮ કલાક વીજળી આપવામાં આવે છે. જેમાં રાત્રીના ૮. ૩૦થી ૪.૩૦ સુધીનો વીજ પુરવઠો છેલ્લા કેટલાક સમયથી જનક ફીડરના ખેડૂતોને અપાય છે. જયારે અમુક સ્થળોએ સવારના ૪.૩૦થી બપોરે.૧૨.૩૦ સુધી અને બપોરે ૧૨.૩૦થી મોડી સાંજના ૮.૩૦ સુધીના શેડ્યુલ મુજબ વીજ પુરવઠો અપાઇ રહ્યો છે. ત્યારે જનક ફીડરના ખેડુતોને માત્ર રાત્રીના સમયે જ વીજ પુરવઠો મળતો હોઇ ખેડૂતો ઠંડીની સીઝનમાં ભારે હાલાકી ભોગવી રહ્યા છે. જેને લઈ ખેડૂત આલમમાં અવનવા તર્ક વિતર્ક થઈ રહ્યા છે.

# ભરૂચમાં પાંચ વર્ષ સુધીના બાળકોને પોલિયોની રસીના ટીપા પીવડાયા

ભરૂચ, તા.૮

ભરૂચ જિલ્લામાં પોલિયો રવિવાર અંતર્ગત ૦થી ૫ વર્ષસુધીના તમામ બાળકોને પોલિયો પીવડાવવામાં આવ્યો હતો. જેમાં પોલિયો સેન્ટરો પર મોટી સંખ્યામાં બાળકોને પોલિયો પીવડાવ્યો હતો. ભરૂચ જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા પોલિયો રવિવારના દિવસે તમામ તૈયારીઓ કરી ડૉકટર, CHO, ANM, આશા, આંગણવાડી વર્કર તેમજ સ્ટાફે હાજર રહી પોતાની કામગીરી નિભાવી હતી. આરોગ્ય વિભાગ દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો સિવિલ હોસ્પિટલ સહિત અનેક સ્થળે પોલિયો બૂથ રાખવામાં આવ્યા હતા. ઉપરાંત બસસ્ટેન્ડ, રેલવે સ્ટેશનો ઉપર પણ ટ્રાંઝીટ બૂથ ગોઠવવામાં આવ્યા હતા. જ્યાં આવતા બાળકોને પણ પોલિયો પીવડાવ્યો હતો.

### ભરૂચ જિલ્લાના વાસિયા ઝઘડિયા અને નેત્રંગ તાલુકામાં

# મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનામાં ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાનો કોંગી અગ્રણીનો આક્ષેપ

ભરૂચ, તા.૮

સરકારની મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત બની રહેલા રસ્તાઓમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે. કોંગો અગ્રણી શેરખાન પઠાણે આ મામલે આંદોલનની ચીમકી ઉચ્ચારી છે. ભરૂચ જિલ્લાના ટ્રાયબલ બેલ્ટ પર આવેલ વાલિયા – ઝઘડિયા અને નેત્રંગ તાલુકામાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવાતા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત અનેક રસ્તાઓનું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે. જિલ્લા પંચાયત દ્વારા નિર્માણ થઇ રહેલા રસ્તાઓના કામમાં ભ્રષ્ટાચારના આક્ષેપ થઇ રહ્યા છે. કોંગી અગ્રણી શેરખાન પઠાણે જણાવ્યું હતું કે વાલિયા તાલુકાના ભમાડિયા નજીક રસ્તામાં મેટલીંગ વગર રસ્તો બનાવી દેવાયો છે આ ઉપરાંત સ્લેપડ્રેનના કામમાં પણ ખાયકી થઇ હોવાના આરોપ મૂકાયા છે. ટ્રાયબલ બેલ્ટના અંતરિયાળ રસ્તાઓના કામમાં ભ્રષ્ટાચાર ન અટકે તો આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામા આવી છે બીજી તરફ આ આક્ષેપો સામે હજુ જિલ્લા પંચાયતના સાશકો તરફથી કોઈ નિવેદન સામે આવ્યું નથી.

# ખડોલ ગામેથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના જથ્થા સાથે બે ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૮

આંકલાવ પોલીસની ટીમે મળેલ માહિતીને આધારે ખડોલ(હ) નજીક વોચ ગોઠવી, પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની ૯૬ ફિરકી સાથે બે યુવકોને ઝડપ્યાં છે. પોલીસે ચાઈનીઝ દોરીનો જથ્થો, મોબાઈલ, મોટરસાયકલ તેમજ રોકડ મળી કુલ રૂપિયા ૩૯,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઉત્તરાયણ પર્વને આડે હવે માત્ર એક મહિના જેટલો જ સમય બાકી રહ્યો હોવાથી વેપારીઓએ દોરી-પંતગના વેચાણ માટેની તૈયારીઓ આરંભી દીધી છે. બીજી બાજુ કેટલાક લોકોએ અત્યારથી જ પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો સ્ટોક કરવાનો શરૂ કરી દીધો છે. જેને પગલે પોલીસ તંત્ર પણ આવા પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની હેરાફેરી, વેચાણ કે સંગ્રહ કરનારાઓ પર બાજનજર રાખી રહ્યું છે. તે દરમિયાન બે ઈસમો મોટરસાયકલ ઉપર ચાઈનીઝ દોરીના બે કાર્ટુન મૂકી અંધારીયા ચોકડી તરફથી આસોદર તરફ આવનાર હોવાની ચોક્કસ માહિતી આંકલાવ પોલીસને મળી હતી. જેથી પોલીસની ટીમે ખડોલ (હ) પાસે નવા બનતા રેલવે નાળા પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન માહિતી મુજબના વર્ણનવાળું બાઈક આવતા પોલીસે તેને રોક્યું હતું અને બાઈક પર સવાર મહેશ ગણપતભાઈ વાઘેલા અને શૈલેષ શનાભાઈ ચાવડા



( તસવીર : બુરહાન પઠાણ, આણંદ )

(બંને રહે. ઝાખરીયા, ચાવડાપુરા, તા. આણંદ)ની અટકાયત કરી હતી. જે બાદ પોલીસે તેમની પાસેના બન્ને કાર્ટુનની તલાશી લેતાં તેમાંથી ચાઈનીઝ દોરીની ૯૬ નંગ ફિરકીઓ મળી આવી હતી. પોલીસે આ ચાઈનીઝ દોરીના જથ્થા બાબતે પકડાયેલા બંને ઈસમોની પૂછપરછ કરતાં, તેઓ મકરસંક્રાંતિના તહેવાર અંતર્ગત વેચાણ કરવા માટે આ ચાઈનીઝ દોરીની ફિરકીઓ લાવેલ હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આ ચાઈનીઝ દોરીનો જથ્થો કિંમત રૂપિયા ૧૪,૪૦૦, બે મોબાઈલ કિંમત રૂપિયા ૧૦ હજાર, રોકડા રૂપિયા ૫૦૦ તેમજ મોટરસાયકલ ૧૫ હજાર મળીને કુલ રૂપિયા ૩૯,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પકડાયેલા બંને યુવકો વિરૂદ્ધ બી.એન.એસ એક્ટની કલમ ૨૨૩ મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### રેન્જ આઈ.જી. સાયકલ પર ફિટ ઈન્ડિયાના નારા સાથે પહોંચ્યા

# જિલ્લા પોલીસ દ્વારા બારડોલી ખાતે મીની મેરેથોન દોડનું આયોજન

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮

સુરતના બારડોલીમાં સુરત જિલ્લા પોલીસ દ્વારા મીની મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. દસ કિ.મી, પાંચ કિ.મી અને ત્રણ કિ.મીની દોડનું આયોજન કરાયું હતું જેમાં સુરત જિલ્લાના અલગ અલગ વિસ્તારોમાંથી પંદર હજારથી વધુ યુવાનો જોડાયા હતા. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ફિટ ઈન્ડિયાનું સૂત્ર આપ્યું હતું. દેશના યુવાનો વ્યશન મુક્ત રહી ફિટ રહે તો દેશ ફિટ રહેશે. ત્યારે સુરત જિલ્લા પોલીસ દ્વારા બારડોલી ખાતેના ડ્રગ્સનો વ્યસનના નારા સાથે મીની મેરાથોન દોડનું આયોજન કરાયું હતું. જેમાં સુરત જિલ્લા કલેક્ટર ડૉ. સૌરભ પારઘી, સુરત એસપી હિતેશ જોઈસર સહિત મોટી સંખ્યામાં યુવાનો, મહિલાઓ, પોલીસ અને રાજનેતાઓ જોડાયા હતા

### ૧૫ હજારથી વધુ યુવાનો તથા પોલીસ જવાનો જોડાયા



બારડોલી ખાતેની આ મીની મેરેથોન દોડમાં યુવાનો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. પોલીસ કર્મીઓ પણ મેરેથોન દોડમાં દોડ્યા હતા. ઠંડીના ચમકારાની અવગણના કરી યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ૩ દિવ્યાંગ લોકો પણ જોડાયા હતા. બારડોલી ધારાસભ્ય ઈશ્વર પરમાર, ભાજપ સંગઠન પ્રમુખ ભરત રાઠોડ, જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિની પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જોકે મેરાથોન દોડ બાદ સંગીતના સૂરો વચ્ચે યુવાનો મનમૂકી ઝૂમી ઉઠ્યા હતા.

જયારે સીતેર વર્ષીય એન. આર. આઈ અતુલકુમારે પણ ઉત્સાહભેર દોડમાં ભાગ લીધો હતો. યુવાનોને વ્યશન મુક્ત રહી ફિટ રહેવા અપીલ પણ કરી હતી. જોકે સૌથી વધુ ધ્યાન રેન્જ આઈ. જી પ્રેમવીર સિંહે ખેચ્યું હતું. કેમકે તેઓએ સુરતથી ફિટ ઈન્ડિયા અને નો ડ્રગ્સના સૂત્રો સાથે બારડોલી પહોંચી ફ્લેગ બતાવી દોડની શરૂઆત કરાવી હતી


## જાહેર નોટિસ

આથી લાગતા વળગતાઓને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, આ કામના ઉપર લખેલા અરજદારે અત્રેની કોર્ટમાં જન્મ/મરણ નોંધણી અધિનિયમ-કલમ-૧૩ (૩) હેઠળ અરજી લાવી અરજદારશ્રીની પુત્રી સુમરા સુહાના કાલુભાઈનો જન્મ મું.ડારી, તા.વેરાવળ, મુકામે **તા.૦૧/૦૬/૨૦૦૧**ના રોજ થયેલ છે. જેની જન્મ નોંધણી રજિસ્ટરમાં તેમના જન્મની ગ્રામ પંચાયત કચેરી, કાજલીમાં જન્મ-મરણ રજિસ્ટરે શરતચુકથી લખવાની રહી ગયેલ છે. જે નામ રજિસ્ટરે નોંધ કરવા અરજદારશ્રી કાલુભાઈ હુસેનભાઈ સુમરા, મુ.કાજલી તા.વેરાવળ મારફત અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ અંગેની નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફતે અત્રેની કોર્ટમાં મુદત **તા.૦૯/૧૨/૨૦૨૪ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે** વાંધા તકરાર તથા આધાર પુરાવા સાથે હાજર રહેવું અને જો આપે અરજી સાથે (SUPPORTIVE AFFIDAVIT) રજૂ કરેલ ન હોય તો આપની આજુબાજુના પડોશીનું સહાયક સોગંદનામું (SUPPORTIVE AFFIDAVIT) રજૂ કરવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૫/૧૧/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**વેરાવળ (ગ્રામ્ય)**



## GUJARAT STATE WAQF BOARD
## ગુજરાત રાજ્ય વકફ બોર્ડ

Established under the Wakf Act, 1995
Constituted by the Government of Gujarat
Under Wakf Act, 1995 (Central Act - 43 )

ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ભોયતળિયે, જૂના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર

Dr.jivraj bhai Mehta Bhavan, Block No.8, Ground Floor, Old Secretariat, Sector- 10, Gandhinagar.

વકફઅધિનિયમ-૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ-૩૬
વિષય :- "અલ-ઉમરે ફારૂક મુઆવીન વકફ કમિટી"
ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી **ઠાકોર અબ્દુલરજાક ઝહીરમીયાં મુ.પો.ભાલેજ,** જિ. આણંદનાઓએ મજકુર વકફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે પોતાની અંગત માલિકીની મિલકત **ઠાકોર અબ્દુલરજાક ઝહીરમીયાં,** ભાલેજનાઓએ તેમની પોતાની જમીન વકફ (દાન) કરેલ છે. જે નીચે જણાવ્યા મુજબની વિગતો સ્થાવર મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલકતની વિગત નીચે મુજબ છે.

| પોતાની અંગત મિલકત વકફ (દાન) કરનારનું નામ | ગામ/ મુ.પો./ ઠે. | જિલ્લો અને તાલુકો | મિલકતનો પ્રકાર | સર્વે નં./મિલકત નં. | ચો.મી. |
|---|---|---|---|---|---|
| ઠાકોર અબ્દુલરજાક ઝહીરમીયાં | મુ.પો. ભાલેજ | તા.ઉમરેઠ, જિ. આણંદ. | રહેણાંક બિન ખેતીલાયક જમીનમાં પ્લોટ | બ્લોક નં.૫૩૯વાળી જમીન જેનું કુલ ક્ષેત્રફળ ૦-૪૩-૫૧ પૈકી પ્લોટ નં.૪૬ | ૧૬૭.૨૮ |

ઉક્ત જણાવેલ વાકિફે વકફ કરેલ સ્થાવર મિલકત વકફ અધિનિયમ- ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એ.શેખ)
કચેરી અધિક્ષક,
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.

# મુખ્યપ્રધાન મમતા બેનરજીએ કોલકાતા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલની શરૂઆત કરી : વૈશ્વિક ફિલ્મ નિર્માતાઓને રાજ્યમાં શૂટિંગ કરવા માટે આમંત્રણ આપ્યું

## બંગાળનો ફિલ્મ ઉદ્યોગ અસ્તિત્વની કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે, યુનિયનના ખર્ચમાં વધારો થયો છે, તે પ્રતિભાને અવરોધે છે, ફિલ્મ પ્રોજેક્ટ્સ ૨૦૨૩માં ૧૩૪થી ઘટીને આ વર્ષે માત્ર ૩૭ થઈ ગયા છે

(એજન્સી) કોલકાતા, તા.૮



મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ આ અઠવાડિયે કોલકાતા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલની શરૂઆત કરી હતી અને તેઓએ આ દરમિયાન બંગાળના દિવંગત મહાન કલાકારોની પ્રશંસા કરતાં વૈશ્વિક ફિલ્મ નિર્માતાઓને રાજ્યમાં શૂટિંગ કરવા માટે આમંત્રણ આપ્યું હતું. પરંતુ પડદા પાછળ, બંગાળનો ફિલ્મ ઉદ્યોગ તૂટી રહ્યો છે. ટોલીવુડ ટ્રેડ યુનિયનના નિયમોએ પ્રોડક્શન્સને લકવાગ્રસ્ત કરી દીધું છે, ખર્ચમાં વધારો કર્યો છે. ૨૦૨૩માં ૧૩૪ બંગાળી ફિલ્મો બની હતી અને આ વર્ષે તે સંખ્યા ઘટીને માત્ર ૩૭ છે. ફિલ્મ નિર્માતાઓ દાવો કરે છે કે, ટીવી સીરીયલનું નિર્માણ લગભગ અડધું થઈ ગયું છે. ગયા વર્ષે ૪૦થી વધુ ઘટીને આ વર્ષે ૨૩ થઈ ગયું છે. મમતાએ આંતરરાષ્ટ્રીય દિગ્દર્શકોને આકર્ષ્યા હતા અને ટોલીવુડના ફિલ્મ નિર્માતાઓ કહે છે કે બંગાળ ફિલ્મો બનાવવા માટે ભારતમાં સૌથી મુશ્કેલ સ્થાનોમાંથી એક બની ગયું છે. એક સમયે વિશ્વને સત્યજિત રે, ઋત્વિક ઘટક અને મૃણાલ સેન જેવા મહાન કલાકારો આપનારી આ ઈન્ડસ્ટ્રી અસ્તિત્વની કટોકટીનો સામનો કરી રહી છે. આ ઉદ્યોગ લાંબા સમયથી મંદીમાંથી પસાર થઈ રહ્યો છે. પરંતુ હવે અભિનેતાઓ અને દિગ્દર્શકોથી લઈને ટેકનિશિયન અને ફ્લોર આસિસ્ટન્ટ્સ સુધીના ૨૬ ગિલ્ડનું પ્રતિનિધિત્વ કરતું યુનિયન, ફેડરેશન ઑફ સિને ટેકનિશિયન એન્ડ વર્કર્સ ઑફ ઈસ્ટર્ન ઈન્ડિયા (FCTWEI) ટોલીવૂડના ખૂબ જ મૂશ્કેલ સમયમાથી પસાર થઈ રહ્યું છે. તેઓ આક્ષેપ કરે છે કે તેના નિયમો અયોગ્ય છેઃ ક્રૂને બિનજરૂરી ગિલ્ડ સભ્યોને ભાડે રાખવાની ફરજ પાડવામાં આવે છે. ફેડરેશનની રણનીતિઓ અયોગ્ય છે અને યુનિયનોએ કલ્યાણના નામે ઉદ્યોગ ભાગી પડ્યો છે. આ ઉત્સવના એક દિવસ પહેલા, ડિરેક્ટર્સ એસોસિએશન ઑફ ઈસ્ટર્ન ઈન્ડિયા (DAEI)એ FCTWEI વિરૂદ્ધ કોમ્પિટિશન કમિશન ઑફ ઈન્ડિયા (CCI)માં કેસ દાખલ કરવાની યોજના જાહેર કરી હતી. ફિલ્મ ફેસ્ટિવલના એક દિવસ પહેલા, પશ્ચિમ બંગાળના ઘણા કલાકારો અને દિગ્દર્શકોએ એક પ્રેસ કોન્ફરન્સ યોજી, FCTWEI પર રાજ્યમાં કામ કરવાનું અશક્ય બનાવવાનો આરોપ લગાવ્યો હતો. FCTWEIનું નેતૃત્વ રાજ્યના ઉર્જા મંત્રી અરૂપ બિસ્વાસના નાના ભાઈ સ્વરૂપ બિસ્વાસ કરે છે, જે મુખ્યમંત્રી મમતા બેનરજીના નજીકના સાથી છે. જ્યારથી મમતાએ પશ્ચિમ બંગાળમાં સીએમ બન્યા છે, ત્યારથી બિસ્વાસ બંધુઓએ રાજ્યના ફિલ્મ ઉદ્યોગ પર તેમની પકડ મજબૂત કરી છે. દેવ અધિકારીથી લઈને નુસરતજહાં સુધીના ઘણા કલાકારો પણ તૃણમૂલ કોંગ્રેસમાં જોડાયા છે, જેમાં કેટલાકે સંસદ અને રાજ્ય વિધાનસભામાં પણ બેઠકો મેળવી છે. અભિનેતા અનિર્બાન ભટ્ટાચાર્યએ ૩ ડિસેમ્બરના રોજ એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, તેઓ રોજગાર પેદા કરવા માટે વિભાગોમાં અકુશળ શ્રમિકો માટે દબાણ કરી રહ્યા છે. હવે બોલવું મહત્ત્વપૂર્ણ છે કારણ કે બંગાળી ફિલ્મ ઉદ્યોગ મુશ્કેલીમાં છે, જો આપણે આ મુદ્દાઓને ઉકેલી ન શકીએ તો ઉદ્યોગને બચાવી શકાશે નહીં. ભટ્ટાચાર્ય સાથે ફિલ્મ નિર્માતાઓ કૌશિક ગાંગુલી, ઈન્દ્રનીલ રોયચૌધરી, સુબ્રત સેન અને શિબોપ્રસાદ મુખરજી સાથે અભિનેતા પરમબ્રત ચેટરજી અને સુદેષ્ણા રોય જોડાયા હતા. FCTWEIના નિયમોએ ફિલ્મ નિર્માણ ખર્ચાળ બનાવ્યું છે. ફિલ્મ નિર્માતા ઈન્દ્રનીલ રોયચૌધરીએ દાવો કર્યો હતો કે સંસ્થાએ ૧૯ ગિલ્ડ સભ્યોના એકમ માટે વિદેશી સ્થાન પર સતત બે કરતાં વધુ પ્રોજેક્ટ શૂટ કરવાનું ફરજિયાત બનાવ્યું છે. તે જ જગ્યાએ ત્રીજા પ્રોજેક્ટ માટે ફિલ્મ નિર્માતાએ ૧૯ ગિલ્ડ સભ્યોનો નવો સેટ ભાડે રાખવો પડશે. અમને તેમની ટિકિટ, વિઝા, રોકાણ, ભોજન અને પગાર માટે ચૂકવણી કરવી પડશે ભલે અમને સેટ પર આ લોકોની જરૂર ન હોય. આ ખર્ચમાં વધારો કરે છે, પરિણામે વિદેશી શૂટ લગભગ બંધ થઈ ગયા છે. અગાઉ, એક દિવસના શૂટ માટે અંદાજે રૂા.૧.૫ લાખનો ખર્ચ થતો હતો, જે હવે લઘુત્તમ રૂા.૫ લાખ સુધી પહોંચી ગયો છે. આ નીતિઓને કારણે પડોશી રાજ્યો ઝારખંડ અને ઓડિશા હવે બંગાળ કરતાં શૂટ કરવાનો સારો વિકલ્પ છે. ઓછા બજેટની ફિલ્મોને ૧૯ ગિલ્ડ સભ્યોની ભરતીમાંથી મુક્તિ આપવામાં આવે છે પરંતુ ફિલ્મનું શૂટિંગ રૂા.૩૦ લાખની અંદર થવું જોઈએ જે FCTEI દ્વારા નિર્ધારિત મર્યાદા છે. તેઓને હાઈ-ટેક કેમેરાનો ઉપયોગ કરવા પર પણ પ્રતિબંધ છે. OTT પ્રોડક્શન્સ પણ મૂંઝવણ અનુભવી રહ્યા છે. રોયચૌધરીએ ધ્યાન દોર્યું હતું કે શૂટ માટે ફેડરેશનની ૧૪-કલાકની દૈનિક કેપ OTT શ્રેણીના શૂટિંગને નાણાકીય રીતે અસંભવિત બનાવે છે. સિરિયલો આખા વર્ષ દરમિયાન શૂટ કરવામાં આવે છે, પરંતુ OTT સામાન્ય રીતે વેબ રિલીઝ માટે એક મહિના કરતાં ઓછા સમયમાં શૂટ કરવામાં આવે છે. ૧૪-કલાકની સમય મર્યાદા સાથે તમે શૂટનો સમયગાળો વધારશો તો પ્રોજેક્ટની કાર્યક્ષમતા નષ્ટ થઈ જશે. ફિલ્મ નિર્માતા રાહૂલ મુખરજીને FCTWEI દ્વારા ત્રણ મહિનાનો પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તેમનો 'ગુનો' એ હતો કે બંગાળના કામદારોને નોકરી પર રાખવાને બદલે તેમણે બાંગ્લાદેશમાં તેની શ્રેણી લાહુના ભાગોનું શૂટિંગ ત્યાંના ટેકનિશિયનો સાથે કર્યું હતું. મુખ્યમંત્રી મમતા બેનરજી આ તણાવ ઓછો કરવા માટે આગળ આવ્યા પણ ત્યાં સુધી અઠવાડિયા સુધી મડાગાંઠ ચાલુ રહી હતી. તેણીએ રાજ્ય સચિવાલયમાં ફિલ્મ નિર્માતાઓ અને ટેકનિશિયન સાથે મુલાકાત કરી અને ઉદ્યોગ માટે નવા એસઓપીનો મુસદ્દો તૈયાર કરવા માટે એક સમિતિની રચનાની જાહેરાત કરી. આ સમિતિમાં દિગ્ગજ ફિલ્મ નિર્માતા ગૌતમ ઘોષ, અભિનેતા પ્રોસેનજીત ચેટરજી, ટીએમસી સાંસદ અને અભિનેતા દેવ અને ટીએમસીના મંત્રીઓ ઈન્દ્રનીલ સેન અને અરૂપ બિસ્વાસનો સમાવેશ થાય છે. ફિલ્મ નિર્માતાઓને આશા હતી કે અમારી કટોકટી દૂર થઈ જશે. ડાયરેક્ટર્સ ગિલ્ડના સેક્રેટરી સુદેષ્ણા રોયે ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે, આ સમિતિને ત્રણ વખત પત્ર લખવા છતાં મુદ્દો ઉકેલાયો નથી. ૪ ડિસેમ્બરે આ વર્ષના ફ્રાન્સ-થીમ આધારિત કોલકાતા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં ઉદ્યોગમાં વધતા જતાં વિવાદો સામે આવ્યા હતા. ફેડરેશનની વિરૂદ્ધ બોલનાર ઘણા પ્રખ્યાત ફિલ્મ નિર્માતાઓ અને કલાકારો ગેરહાજર હતા, જોકે તેઓએ આ ઈવેન્ટ સાથે ઔપચારિક રીતે સંબંધો તોડ્યા નથી. ૨૦૨૨માં અમિતાભ બચ્ચન, જયા બચ્ચન, શાહરૂખ ખાન, રાની મુખરજી, અરિજિત સિંહ અને કુમાર સાનુની પસંદગી સાથે આ ઉસ્તવ થયો હતો. પરંતુ આ વર્ષે તે વધુ શાંત લાગતું હતું. ઉદ્‌ઘાટન સમારોહમાં TMC સાંસદ શત્રુઘ્ન સિંહા અને ક્રિકેટર સૌરવ ગાંગુલી મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા. મમતાએ આ કાર્યક્રમમાં વિદેશી ફિલ્મ નિર્માતાઓને કહ્યું કે, હું ઈચ્છું છું કે તમે બધા તમારા સિનેમા તમારા કલાકારોને અહીં લાવો અને અહીંના લોકોને તમારા નિર્માણમાં કામ કરવા દો. વ્યંગાત્મક રીતે ઘણા આંતરરાષ્ટ્રીય મહેમાનોને વિઝાની તકલીફ હતી અને તેઓ આવી શક્યા ન હતા. ફિલ્મ નિર્માતા અનિક દત્તાએ કહ્યું કે, હવે રાજકારણ અને ફિલ્મ નિર્માણ હવે અવિભાજ્ય બની ગયું છે અને તેનું પતન નિકટવર્તી છે.

# લાતુરના ખેડૂતોને જમીન પચાવી પાડવા અંગે મહારાષ્ટ્ર વકફ બોર્ડ તરફથી નોટિસ ફટકારાઈ

**ન્યુઝ પોઈન્ટ** દરેક રાજ્યમાં વકફ બોર્ડ જે તે રાજ્યની સરકારની સૂચના મુજબ જ કામ કરતું હોય છે કારણ કે તમામ સભ્ય રાજ્ય સરકારની નિમણૂક હોય છે અને વળી મહારાષ્ટ્રમાં તો રાજ્ય સરકાર પણ કોના ઈશારે કામ કરે છે એ તો સૌ સમજી શકે છે અને આમ કરવાથી ખેડૂતોને પણ વકફના કાયદાથી નફરત જાગે એવું હાલના સંજોગોમાં કોઈ તો ઈચ્છતું હશે ?

(એજન્સી) તા.૮

મહારાષ્ટ્રના લાતુર જિલ્લાના ૧૦૦થી વધુ ખેડૂતોએ શનિવારે દાવો કર્યો કે વકફ બોર્ડ દ્વારા જમીન હડપ કરી જવાનો આરોપ મૂકતાં તેમને નોટિસ મોકલવામાં આવી રહી છે. ખેડૂતો એવો દાવો કરી રહ્યા છે કે અમે ઘણી પેઢીઓથી આ જમીનો પર ખેતી કરતા આવ્યા છીએ. ખેડૂતોમાંના એક તુકારામ કનવટેએ જણાવ્યું હતું કે, આ દાવો છત્રપતિ સંભાજીનગર સ્થિત મહારાષ્ટ્ર સ્ટેટ વકફ ટ્રિબ્યુનલમાં દાખલ કરવામાં આવ્યો છે અને કુલ ૩૦૦ એકર જમીન ધરાવતા ૧૦૩ ખેડૂતોને નોટિસ આપવામાં આવી છે.

ખેડૂતોમાંના એક તુકારામ કનવટેએ કહ્યું કે, આ જમીનો અમને પેઢીઓથી વારસામાં મળી છે. આ વકફની મિલકતો નથી. અમે ઈચ્છીએ છીએ કે મહારાષ્ટ્ર સરકાર અમને ન્યાય આપે. આ મામલે કોર્ટમાં બે સુનાવણી થઈ છે અને આગામી સુનાવણી ૨૦ ડિસેમ્બરે છે.”

કેન્દ્ર સરકારે વકફ બોર્ડની કામગીરીને સુવ્યવસ્થિત કરવા અને તેની મિલકતોનું કાર્યક્ષમ સંચાલન સુનિશ્ચિત કરવા માટે આ વર્ષે ૮ ઓગસ્ટના રોજ લોકસભામાં વકફ (સુધારા) બિલ રજૂ કર્યું હતું. આ બિલ સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ને મોકલવામાં આવ્યું છે.

વકફ એ ઈસ્લામિક કાયદા હેઠળ ધાર્મિક અથવા સખાવતી હેતુઓ માટે સમર્પિત મિલકતોનો ઉલ્લેખ કરે છે. વકફ અરબી શબ્દ વકફા પરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ થાય છે કાયમી રહેઠાણ. વકફનો અર્થ થાય છે લોક કલ્યાણ માટે ટ્રસ્ટ કે મિલકતને સમર્પિત કરવી. ઈસ્લામમાં આ એક પ્રકારની સખાવતી વ્યવસ્થા છે. વકફ એ મિલકતને કહે છે જે ઈસ્લામના અનુયાયીઓ દ્વારા દાનમાં આપવામાં આવે છે. તે જંગમ અને સ્થાવર બંને હોઈ શકે છે. આ સંપત્તિ વકફ બોર્ડ હેઠળ આવે છે.

વકફ પાસે ઘણી બધી મિલકતો છે, જેની યોગ્ય રીતે જાળવણી અને સખાવતી હેતુઓ માટે ઉપયોગ કરી શકાય છે, આ માટે સ્થાનિકથી લઈને મોટા સ્તર સુધી ઘણી સંસ્થાઓ છે, જેને વકફ બોર્ડ કહેવામાં આવે છે. લગભગ દરેક રાજ્યમાં સુન્ની અને શિયા વકફ છે.

તેમનું કામ તે મિલકતની કાળજી લેવાનું અને તેની આવકનો યોગ્ય ઉપયોગ કરવાનું છે. આ મિલકતમાં ગરીબ અને જરૂરિયાતમંદોને મદદ કરવી, મસ્જિદ અથવા અન્ય ધાર્મિક સંસ્થાની જાળવણી કરવી, શિક્ષણની વ્યવસ્થા કરવી અને અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓ માટે નાણાં આપવા જેવી બાબતોનો સમાવેશ થાય છે.

કેન્દ્રએ વકફ બોર્ડ સાથે સંકલન કરવા માટે સેન્ટ્રલ વકફ કાઉન્સિલની રચના કરી છે. લઘુમતી બાબતોના મંત્રાલય હેઠળની સેન્ટ્રલ વકફ કાઉન્સિલની વેબસાઈટ પર કહેવામાં આવ્યું છે કે, હાલમાં દેશમાં કુલ ૩૨ વકફ બોર્ડ છે. જ્યારે બિહાર અને ઉત્તર પ્રદેશ જેવા કેટલાક રાજ્યોમાં સુન્ની અને શિયા બંને માટે અલગ-અલગ બોર્ડ છે. તેનાથી વિપરીત, હાલમાં ઘણા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વકફ બોર્ડ નથી.

# સંસ્થાકીય સેવામાં સમાજ અને દેશની સમસ્યાઓ હલ કરવાની ક્ષમતા રહેલી છે : મોદી

(એજન્સી) તા.૮



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કહ્યું હતું કે, જનસેવા એ લોકોની સેવા સમાન છે. આ સેવામાં માત્ર સ્વભાવ નથી અને તે વ્યક્તિની આધ્યાત્મિક યાત્રાને દિશા આપે છે અને સમય જતાં તેને મજબૂત બનાવે છે. અમદાવાદમાં કાર્યકર્તા સુવર્ણ મહોત્સવને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધતા તેમણે જણાવ્યું હતું કે જ્યારે આ સેવા સંસ્થા તરીકે લાખો કાર્યકરો સાથે સંગઠિત સ્વરૂપે સેવા કરવામાં આવે છે ત્યારે આશ્ચર્યજનક પરિણામો પ્રાપ્ત થાય છે. તેમણે કહ્યું હતું કે આ પ્રકારની સંસ્થાકીય સેવામાં મોટી સમસ્યાઓનું નિરાકરણ લાવવાની અને સમાજ અને દેશની અનેક બુરાઈઓને નાબૂદ કરવાની ક્ષમતા છે. મોદીએ કહ્યું કે જ્યારે લાખો કાર્યકરો એક સામાન્ય ઉદ્દેશ્ય સાથે જોડાયેલા હશે, ત્યારે તે દેશ અને સમાજની મોટી તાકાત તરીકે પરિવર્તિત થશે. કાર્યકર સુવર્ણ મહોત્સવ એ ૫૦ વર્ષની સેવાની સફરમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે તેના પર ભાર મૂકતા તેમણે ટિપ્પણી કરી કે ૫૦ વર્ષ પહેલાં, સ્વયંસેવકોની નોંધણી અને તેમને સેવા કાર્ય સાથે જોડવાની પ્રક્રિયા શરૂ થઈ હતી. તેમણે કહ્યું કે બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS)ના લાખો કાર્યકરો અત્યંત નિષ્ઠા અને સમર્પણ સાથે સેવામાં છે તે જોઈને આનંદ થયો છે. સંસ્થા માટે તેને એક મોટી સિદ્ધિ ગણાવતા, તેમણે BAPSને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. સંસ્કૃત કહેવત, 'સેવા પરમ ધર્મ', જેનો અર્થ સેવાને સૌથી મહાન ધર્મ માનવામાં આવે છે, તેવું કહેતા વડાપ્રધાને ટિપ્પણી કરી હતી કે આ માત્ર શબ્દો નથી, પરંતુ આપણા જીવન મૂલ્યો અને સેવાને ભક્તિ, શ્રદ્ધા અને ઉપાસના કરતાં ઘણી મહાન માનવામાં આવે છે. અમારી સંસ્કૃતિમાં સેવાને સૌથી મોટો ધર્મ માનવામાં આવે છે. મોદીએ કહ્યું કે, કાર્યકર સુવર્ણ મહોત્સવ એ ભગવાન સ્વામી નારાયણના માનવતાવાદી ઉપદેશોની ઉજવણી છે. તે દાયકાઓની સેવાનો મહિમા છે, જેણે લાખો લોકોના જીવનને બદલી નાખ્યું છે. BAPSના સેવા અભિયાનો સાથે જોડાવાને તેમનું સૌભાગ્ય ગણાવતા ખુશી વ્યક્ત કરતાં મોદીએ જણાવ્યું હતું કે ભુજમાં ભૂકંપના કારણે સર્જાયેલ વિનાશ, નરનારાયણ નગર ગામનું પુનઃનિર્માણ, કેરળમાં પૂર, ઉત્તરાખંડમાં ભૂસ્ખલનની પીડા અને વૈશ્વિક મહામારી કોરોનાની તાજેતરની આફત દરમિયાન જેવા મુદ્દાઓ સાથે તેમની સાથે જોડાવાની તક મળી છે. મોદીએ કહ્યું કે કોવિડ સમયગાળા દરમિયાન BAPS મંદિરો કેવી રીતે સેવા કેન્દ્રોમાં પરિવર્તિત થયા હતા તે સૌએ જોયું છે. મોદીએ કહ્યું કે, BAPS કાર્યકરોએ યુક્રેનમાં યુદ્ધ અને દુશ્મનાવટ વધી ત્યારે સરકાર અને યુક્રેનથી પોલેન્ડ આવેલા લોકોને મદદ કરી. તેમણે સમગ્ર યુરોપમાંથી હજારો BAPS કાર્યકર્તાઓને એકત્ર કરવા અને પોલેન્ડ પહોંચતા મોટી સંખ્યામાં ભારતીયોને મદદ કરવાના તેમના ઝડપી સંગઠન માટે તેમની પ્રશંસા કરી હતી. BAPSના સંગઠનની આ શક્તિને ઉજાગર કરતા મોદીએ કહ્યું કે વૈશ્વિક સ્તરે માનવતાના હિતમાં તેમનું યોગદાન પ્રશંસનીય છે. કાર્યકર સુવર્ણ મહોત્સવના અવસરે BAPSના તમામ કાર્યકરોનો આભાર વ્યક્ત કરતાં મોદીએ કહ્યું કે આજે BAPS કાર્યકર્તાઓ વિશ્વભરમાં તેમની અથાક સેવા દ્વારા કરોડો લોકોના જીવનમાં પરિવર્તન લાવી રહ્યા છે. તેમણે તમામ કાર્યકર્તાઓને સંકલ્પ લેવા અને સમર્પણ સાથે કામ કરવા વિનંતી કરી. તેમણે તેમને પ્રાકૃતિક ખેતી, વિવિધતામાં એકતાની લાગણી, યુવાનોને બચાવવા માટે ડ્રગ્સના દુરૂપયોગ સામે લડવા, નદીઓને પુનર્જીવિત કરવા અથવા પૃથ્વીના ભાવિને બચાવવા માટે ટકાઉ જીવનશૈલી જેવા વિકલ્પો પર કામ કરવા વિનંતી કરી. મોદીએ તેમને મિશન લાઈફના વિઝનની પ્રામાણિકતા અને અસર સાબિત કરવા કહ્યું. તેમણે કહ્યું કે તેઓ 'એક પેડ મા કે નામ', ફિટ ઈન્ડિયા, વોકલ ફોર લોકલ, જેવી ઝુંબેશને સક્રિયપણે પ્રોત્સાહન આપી શકે છે જે ભારતના વિકાસને વેગ આપે છે. મોદીએ કહ્યું કે, જાન્યુઆરી ૨૦૨૫માં આયોજિત થનારા 'વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ' દરમિયાન ભારતના યુવાનો તેમના વિચારો રજૂ કરશે અને વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવા માટે તેમના યોગદાનની રૂપરેખા તૈયાર કરશે. તેમણે તમામ યુવા કાર્યકર્તાઓને તેમાં ભાગ લેવા વિનંતી કરી હતી.

# ભારત અને ચીનના સંબંધોના સર્વગ્રાહી સંપૂર્ણ માળખા પર સંસદમાં ચર્ચા માંગતી કોંગ્રેસ

## સરહદ પર ડેપસંગ અને ડેમચોક વિસ્તારમાંથી પાછા હટી ગયા અંગેની વિગતો ચીનની સરકારે હજુ સુધી કેમ આપી નથી કે જાહેર કરી નથી એવો સવાલ પૂછતા જયરામ રમેશ

(એજન્સી) નવી દિલ્હી, તા.૮



ભારત અને ચીન વચ્ચેના સંબંધોના સંપૂર્ણ કક્ષાના સર્વગ્રાહી માળખા વિશે અને સંબંધોના તમામ મુદ્દાઓ ઉપર સરકારે સંસદમાં ચર્ચા આપવી જોઈએ એવી કોંગ્રેસે માગણી કરી છે. ચીન સાથેના સંબંધો અંગે સંસદમાં સરકારે આપેલા નિવેદન અંગે સરકાર પર માછલાં ધોતા કોંગ્રેસે એવો સવાલ કર્યો છે કે એપ્રિલ ૨૦૨૦ પ્રવર્તી રહેલી જૂની રાબેતા મુજબની સ્થિતિ ઉપર નવી રાબેતા મુજબની સ્થિતિ સાથે મોદી સરકાર સહમત થઈ શકે કેમ એ વિશે સરકારે જણાવવું જોઈએ. ચીન સાથેના સંબંધોના સમગ્ર માળખા વિશે ચર્ચા થવી જોઈએ એવી કોંગ્રેસની માગણી છે.

કોંગ્રેસના સંદેશા વ્યવહાર મહામંત્રી જયરામ રમેશે જણાવ્યું હતું કે સંસદમાં ચર્ચા થાય ત્યારે ચીન સાથેના માત્ર વ્યૂહાત્મક નહીં પણ આર્થિક નીતિના સંબંધો અને મુદ્દાઓ ઉપર પણ ચર્ચા થવી જોઈએ. ખાસ કરીને જ્યારે ચીન પરનો આપણો આર્થિક આધાર વધી રહ્યો છે ત્યારે અને ચાર વર્ષ પહેલાં ચીને એક તરફી રીતે જશે તેની સ્થિતિમાં ફેરફાર કર્યા છે એ જોઈને ચર્ચા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. કમભાગ્યે મોદી સરકારની એ આદત રહી છે કે સાંસદોને કોઈ પણ ખુલાસો પૂછે તો એ પૂછવા દેવાતો નથી. મોદી સરકારે આપેલા નિવેદન અંગે કોંગ્રેસને ચાર પ્રશ્નો પૂછવાના છે. જૂન ૨૦૨૦માં ગલવાન ખીણમાં ચીનના લશ્કર સાથે લોહિયાળ અથડામણ થઈ હતી અને કમનસીબે એ પછી ૧૯ જૂન ૨૦૨૦માં જે સૌ પ્રથમ સત્તાવાર નિવેદન સરકાર તરફથી આવ્યું તેમાં વડાપ્રધાને જાહેરમાં ચીનને ક્લીનચિટ આપી દીધી અને એવું જુઠ્ઠાણું ચલાવ્યું કે ના કોઈ હમારી સીમા મેં ઘૂસ આયા હૈ નાહી કોઈ ઘૂસા હુઆ હૈ.

રમેશે સવાલ કર્યો હતો કે આ તો આપણા શહીદ થયેલા જવાનોનું જ અપમાન હતું અને એટલું જ નહીં એ પછીની જે વાટાઘાટો થઈ તેમાં ભારતની સ્થિતિ પણ નબળી પડી હતી વડાપ્રધાનને આવું નિવેદન કરવા માટે કોણે પ્રેરણા આપી હતી ? તેમણે કહ્યું કે ૨૨ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ ભારતીય સેનાપતિ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ભારતના લાંબા સમયના અભિગમનો ઉચ્ચાર કર્યો હતો અને કહ્યું હતું કે અમે એપ્રિલ ૨૦૨૦ની જે સ્થિતિ હતી તેના તરફ પાછા ફરવા માંગીએ છીએ એટલે એ રીતે લશ્કરી દળોને બંને તરફથી હટાવવાના રહેશે જેથી કરીને તણાવ ઓછો થાય અને એલએસી પર રાબેતા મુજબનું સંચાલન થતું રહે.

આમ છતાં ભારત તથા ચીનના સંબંધો અંગેની કન્સલ્ટેશન અને કોઓર્ડીનેશન કમિટીની ૩૨ બેઠકમાં પાંચમી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ વિદેશ મંત્રાલય દ્વારા એવું નિવેદન કરવામાં આવ્યું હતું કે બંને પક્ષોએ તાજેતરમાં જ લશ્કરોના કાફલા પાછા લેવા માટેની જે સમજૂતી કરી છે તેના વિશે વિધેયક સંમતિ વ્યક્ત કરી છે. ૨૦૨૦માં જે મુદ્દા ઊભા થયા હતા તેના નિરાકરણ માટે તાજેતરમાં સમજૂતી થઈ હતી. આ અંગે રમેશે સીધો સવાલ કર્યો હતો કે શું એ આપણી સત્તાવાર પરિસ્થિતિથી ઉલટું નિવેદન નહોતું ? વિદેશ ખાતાએ સંસદમાં નિવેદન કર્યું હતું કે ૨૦૨૦માં જ્યાં થોડી ઘણી અથડામણો થઈ હતી એવા જે થોડાક સ્થળો હતા ત્યાં કામચલાઉ અને મર્યાદિત પ્રકારના પગલાં નક્કી કરવામાં આવ્યા છે અને સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અને વધુ સંઘર્ષ ન થાય તેની શક્યતા નિવારવા માટે મર્યાદિત અને કામચલાઉ પગલાં લેવામાં આવ્યા છે. આ અંગે જયરામ રમેશે દાવો કર્યો હતો કે આ નિવેદન બતાવે છે કે બફર ઝોન તરફ ઈશારો કરવામાં આવ્યો છે જ્યાં આપણા લશ્કરી દળો અને આપણા પશુપાલકોને જવાની તક આપવામાં આવી નથી અને ત્યાં સુધી એમની પહોંચ રહી નથી એ જગ્યાએ અગાઉ જઈ શકતા હતા પણ હવે ત્યાં જઈ શકતા નથી. એટલે એનો મતલબ સાફ થયો કે એલએસી પર એપ્રિલ ૨૦૨૦ પહેલાની પરિસ્થિતિ તરફ પાછા નહીં ફરવાની જે સમજૂતી થઈ છે તેને વિદેશ મંત્રાલય દ્વારા સ્વીકારી લેવામાં આવી છે પણ આપણા સૈન્ય અને રાષ્ટ્ર દ્વારા જે પરિસ્થિતિની માગણી થઈ છે એ મુજબ થયું નથી એટલે મોદી સરકારે જૈશે થે તે પરિસ્થિતિ સ્વીકારી લીધી છે અને જૂના રાબેતા મુજબના સરહદ પરના મામલાને સ્વીકારવાની બદલે નવી રાબેતા મુજબની પરિસ્થિતિ સ્વીકારી લીધી છે. આ નવી પરિસ્થિતિ ચીને જાણી જોઈને ઊભી કરી છે અને નવાઈની વાત એ છે ક ડેપસાંગ અને ડેમચોક વિસ્તારમાંથી ચીનના લશ્કરી દળો હટી ગયા છે કે કેમ એ અંગે ચીનની સરકારે તો હજુ સુધી સત્તાવાર જાહેરાત કરી નથી પણ ભારતના પશુપાલકોને એમના ઢોર ચરાવવાના જે અધિકારો અગાઉ હતા એ ક્યાં પુનઃસ્થાપિત કરાય છે ? શું આપણે આપણા લશ્કરી દળોને પરંપરાગત પેટ્રોલિંગ પોઈન્ટ તરફ જવાની છૂટ મળી છે ? શું અગાઉ આપી દેવાયેલા બફર ઝોન ભારતને પાછા મળી ગયા છે ? તેમણે કહ્યું હતું કે કોંગ્રેસે એટલે જ ચીન સાથેના સમગ્ર સંબંધ માળખાની સંસદમાં ચર્ચા કરવા માગણી કરે છે જેથી કરીને વ્યૂહાત્મક અને આર્થિક નીતિઓ અને સંબંધો ઉપર પણ ચર્ચામાં ધ્યાન કેન્દ્રિત કરી શકાય.

# શરદ પવારે કહ્યું, લોકો મહાયુતિની જીતથી ઉત્સાહિત નથી, દેવેન્દ્ર ફડણવીસે જવાબ આપ્યો

(એજન્સી) તા.૮



NCP (શરદ જૂથ)ના વડા શરદ પવારે મહારાષ્ટ્ર ચૂંટણીને લઈને મહાવિકાસ અઘાડીને સંદેશ આપ્યો છે. તેમણે કહ્યું કે, 'વિપક્ષે હાર પર નિરાશ ન થવું જોઈએ પરંતુ મહારાષ્ટ્ર ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળની મહાયુતિની જંગી જીતથી ઉત્સાહિત ન હોય તેવા લોકો સુધી પહોંચવું જોઈએ.' નોંધનીય છે કે, શરદ પવારે હાર બાદ પોતાના સાથી નેતાઓને પ્રોત્સાહિત કર્યા છે.

મહાવિકાસ અઘાડીને સંદેશ આપતા શરદ પવારે જણાવ્યું હતું કે, 'વિપક્ષની પ્રાથમિકતા એ સુનિશ્ચિત કરવાની રહેશે કે શાસક ગઠબંધન દ્વારા કરવામાં આવેલા તમામ ચૂંટણી વચનો શક્ય તેટલી વહેલી તકે લાગુ કરવામાં આવે. જેમાં મહિલાઓને લાડલી બહેન યોજના હેઠળ આપવામાં આવતી નાણાકીય સહાય ૧૫૦૦ રૂપિયાથી વધારીને ૨૧૦૦ રૂપિયા કરવામાં આવે.

NCP (શરદ જૂથ)ના વડા શરદ પવારે જણાવ્યું હતું કે, 'મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં રાજકીય પક્ષોને મળેલા મત અને જીતેલી બેઠકો વચ્ચેની સરખામણી આશ્ચર્યજનક છે. અમે હારી ગયા એ વાત સાચી છે. આપણે આની ચિંતા ન કરવી જોઈએ પરંતુ લોકોમાં જવું જોઈએ કારણ કે ચૂંટણી પરિણામોને લઈને લોકોમાં કોઈ ઉત્સાહ નથી ભારે રોષ છે.'

૨૦મી નવેમ્બરે યોજાયેલી ચૂંટણીમાં સત્તાધારી ભાજપ-એનસીપી (અજિત પવાર)-શિવસેના (શિંદે જૂથ) ગઠબંધને ૨૮૮ બેઠકોમાંથી ૨૩૦ બેઠકો જીતી હતી. આ અંગે શરદ પવારે જણાવ્યું હતું કે, 'વિધાનસભામાં વિપક્ષની તાકાત ઓછી છે, પરંતુ ઘણાં યુવા વિપક્ષના ધારાસભ્યો એક અથવા બે સત્રો પછી પોતાની તાકાત બતાવશે.' મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જવાબમાં કહ્યું કે વરિષ્ઠ નેતા હોવાના કારણે શરદ પવારે દેશને ગેરમાર્ગે દોરવો જોઈએ નહીં. તેમણે X પર કહ્યું, "જો તમે હાર સ્વીકારશો, તો તમે આમાંથી બહાર આવી શકશો. હું અપેક્ષા રાખું છું કે તમે તમારા સાથીઓને આત્મનિરીક્ષણ કરવાની સલાહ આપો." ફડણવીસે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીમાં ભાજપે ૧,૪૯,૧૩,૯૧૪ મત મેળવ્યા હતા અને ૯ બેઠકો જીતી હતી, જ્યારે કોંગ્રેસને ૯૬,૪૧,૮૫૬ મત મળ્યા હતા અને ૧૩ બેઠકો જીતી હતી.

### નડિયાદની આર્ટ્સ કોલેજની વિદ્યાર્થિનીનો સર્વે

# છોકરીઓને કુટુંબના નિર્ણયો પર મત આપવા અને પોતાના વિચારો વ્યક્ત કરવાની તક આપવી જોઈએ



નડિયાદ, તા.૮

મનોવિજ્ઞાનનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ સમાજમાંથી અમુક માન્યતા દૂર કરવાના ઉમદા હેતુથી અભ્યાસના ભાગરૂપે સર્વે કરતા હોય છે નડિયાદની સી.બી.પટેલ આર્ટ્સ, કોલેજની મનોવિજ્ઞાન વિષયમાં અભ્યાસ કરતી કુ.નેન્સી પટેલએ 'શિક્ષણ મેળવતી દીકરીઓના કૌટુંબિક સમાયોજનનો અભ્યાસ'ના સંદર્ભમાં ખાસ સર્વે કર્યો છે. આ સર્વેમાં શાળા, કોલેજમાં અભ્યાસ કરતી દીકરીઓને આવરી લેવામાં આવી હતી. જેમાં ખેડા જિલ્લામાં અભ્યાસ કરતી ૧૧૩ દીકરીઓને ગુગલ ફોર્મ દ્વારા ૫ સૂચક પ્રશ્નો આ નેન્સીએ પુછ્યા હતા. તેણીએ આ સમગ્ર સર્વે કોલેજના આચાર્ય પ્રો.ડો. મહેન્દ્રકુમાર દવેની પ્રેરણાથી કર્યો હતો. આ સર્વેમાં કોલેજના મનોવૈજ્ઞાનિક વિભાગના એચઓડી ડો.પ્રકાશભાઈ વિંછીયા અને ડો.અર્પિતાબેન ચાવડાએ પણ માર્ગદર્શન આપ્યું હતું.

આ સંશોધનમાં કુલ મળીને ૧૧૩ દીકરીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાંથી કેટલીક શાળામાં તથા કેટલીક કોલેજમાં અભ્યાસ કરતી છોકરીઓની પસંદગી કરવામાં આવી હતી. સૌપ્રથમ પ્રશ્ન સંશોધનમાંએ પૂછવામાં આવ્યો હતો કે, કૌટુંબિક સમાયોજન કઈ ઉંમરમાં સૌથી વધુ સમસ્યા રૂપ બને છે તેના પરિણામ સ્વરૂપમાં એ જાણવા મળ્યું હતું કે ૧૮ વર્ષની ઉંમરમાં (૨૩ ટકા) કૌટુંબિક સમાયોજનમાં સમસ્યા ઉદ્ભવે છે.૪૮.૭ ટકા દીકરીઓ ઘરની આર્થિક સ્થિતિને કારણે કેટલીક સમસ્યાનો સામનો કરે છે

દીકરીઓની તમામ પ્રવૃત્તિ પર કુટુંબના કોઈ સભ્યની છાની નજર રાખવામાં આવે છે કે નહીં તે પ્રશ્ન સાથે ૫૮.૪ ટકા સહમતતા દર્શાવે છે જ્યારે ૪૧.૬ ટકા છોકરીઓ અસહમતતા દર્શાવે છે, માતા-પિતા છોકરીઓ પ્રત્યે યોગ્ય વર્તન રાખે છે કે નહીં તે બાબત સાથે જ્યારે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેના પરિણામ સ્વરૂપે કુલ આ સમસ્યા સાથે ૮૫.૨ ટકા આ વિધાન સાથે સહમતતા દર્શાવતા હતા. શિક્ષણનું સ્થળ જેવા કે, શાળા,મહાવિદ્યાલય વગેરે જેવી જગ્યા પર લાગણી અને હૂંફ મળી રહે છે કે નહીં તે વિધાન સાથે ૮૮.૫ ટકા છોકરીઓ આ વિધાન સાથે સહમતતા દર્શાવે છે. ઘરની આર્થિક સ્થિતિને કારણે છોકરીઓએ કેટલીક સમસ્યાનો સામનો કરવો પડે છે તે વિધાન સાથે ૪૮.૭ ટકા પીડાઈ રહ્યા છે તેમ પરિણામ જોઈને સાબિત કરી શકાય છે.સર્વેનો હેતુ જોઈએ તો, પરિવારના સદસ્યોની ભલાઈ માટે આ સંશોધન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, શિક્ષણ અને વિકાસ માટે, સામાજિક નીતિઓ અને કાર્યક્રમ દ્વારા સમાજમાં જાગૃતતા ફેલાવવા માટે, લિંગ સમાનતા જળવાઈ રહે તે માટે તથા સમાજમાં પરિવર્તન તથા નવા વલણો કેળવવા માટે, આર્થિક રીતે તથા ભાવનાત્મક રીતે સ્થિરતા માટે, તથા સમાજમાં નવું સામાજિક જ્ઞાન ફેલાવવા માટે આ સંશોધન કરવામાં આવ્યું હતું.

જ્યારે સંશોધનના સૂચનો જોઈએ તો, છોકરીઓને સંતાનોએ વિવેકબુદ્ધિથી અને લિંગભેદ વિના શિક્ષણ અપાવવું જોઈએ, કૌટુંબિક માળખામાં તેઓને સમજણ અને આત્મવિશ્વાસ માટે સજ્જ કરવું, પરિવારના બધા સભ્યોએ છોકરીઓની લાગણીઓ અને વિચારોને સમજવા માટે સહાનુભૂતિપૂર્વક વર્તવું, છોકરીઓને કુટુંબમાં પોતાનું સ્થાન સમજાવવા માટે અને તેમનાં વિચારને મટાડ્યા વિના તેમની સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર કરવો, છોકરીઓ માટે આ યોગ્ય નથી પેલું યોગ્ય છે વગેરે જેવી પરંપરાગત ધારણાઓને દૂર કરીને, છોકરીઓને તેમની પસંદગી માટે સન્માન આપવું, ટૂંકમાં નકારાત્મક ધારણાઓનો નાશ કરવો, આમ ઉપર દર્શાવેલ સૂચનો કૌટુંબિક સમાજમાં દીકરીઓને માનસિક, શારીરિક, અને આર્થિક રીતે મજબૂત બનાવવામાં મદદરૂપ થાય છે.

# વાંકાનેરમાં મદ્રેસાના તેજસ્વી બાળકોને ઈનામો આપી સન્માનિત કરાયા



વાંકાનેર, તા.૮

વાંકાનેર ખાતે આવેલ મોમિન શેરી પાસે ના સુન્ની મોમીન મુસ્લિમ સમાજના મદ્રસામોં વાર્ષિક તેજસ્વી તારલા મહોત્સવ અંતર્ગત કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં દીની દુનિયવી અરબી ઉર્દુ મદ્રસામાં ઈસ્લામી જ્ઞાન પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના ભાગરૂપે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું સાથોસાથ શૈક્ષણિક ક્ષેત્રો વિદ્યાર્થીઓ જ્ઞાન પ્રાપ્ત કરે તે માટે મોબાઈલથી દૂર રહેવા વાંકાનેર સીટી પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.વી. કાનાણી એ ધાર્મિક કાર્યક્રમની સાથે સાથે શિક્ષણ તરફ વિદ્યાર્થીઓ જ્ઞાન પ્રાપ્ત કરી આજના આધુનિક યુગમાં બાળકોને સાઈબર ક્રાઈમ સાથે મહિલા બાળ સુરક્ષા અંગે વિશેષ માહિતગાર કર્યા હતા આજના આધુનિક યુગમાં વિવિધ ફ્રોડ ચીટીંગ મોબાઈલના ઓનલાઈન ગેમમાં પણ ફ્રોડનો ભોગ બનવાની સાથે સાથે instagram whatsapp facebookના માધ્યમથી થતા ફ્રોડમાં સાઈબર ક્રાઈમ અંગે કાયદાકીય માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું આ કાર્યક્રમની સફળ બનાવવા માટે સુન્ની મોમીન મુસ્લિમ જમાતના મદ્રસાના સંચાલકો સ્થાનિક અગ્રણીઓ આગેવાનો અને વિદ્યાર્થીઓ સાથે વાલી સહિતના મહાનુભાવો મહેમાનો મોટી સંખ્યા હાજર રહ્યા હતા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ફારૂકભાઈ બિલી, જાકીરભાઈ ભોરણીયા, ઈસ્માઈલભાઈ શેરસીયા, અને ઈસ્માઈલભાઈ પટેલ વગેરે તેજસ્વી તારલા વિદ્યાર્થીઓને સન્માનિત કરવા વાર્ષિક તેજસ્વી તારલા મહોત્સવમાં હાજર રહ્યા હતા.

### ચેકની રકમ બે માસમાં ચૂકવવાનો હુકમ

# રાજપીપળામાં લોનનાં હપ્તા ન ભરનાર આરોપીને એક વર્ષની કેદની સજા

રાજપીપળા, તા.૮

ફાઈનાન્સ કંપનીમાંથી વાહન ખરીદવા માટે લોન લેનાર ગ્રાહકે લોનના હપ્તા ન ભરતા રાજપીપળાના બીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ લોન ના ભરનાર આરોપીને એક વર્ષની સજા ફટકારી ચેકની રકમ બે માસમાં ચૂકવવાનો હુકમ કરવામાં આવતા લોન બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે. રાજપીપળા ખાતે શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લીમીટેડ તે તેના જવાબદાર અધિકારી હેમંતકુમાર બાબુભાઈ તડવી મારફતે સ્થાનિક જરૂરિયાત મંદોને નાણાકીય સહાય ધંધા માટે વાહન ખરીદવા માટે સહાય પૂરી પાડે છે. ત્યારે સાગબારાના સેલંબા ગામના જમાદાર ફળિયામાં રહેતા દાદ મહંમદખાન અહમદ બોલચીએ વાહન ખરીદવા માટે રૂા.૧,૦૦,૦૦૦ની લોન લીધી હતી. આ વાહનની આર.સી. બુકમાં હાયપોથીકેશનની નોંધ ફરિયાદી શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફયનાન્સ કંપની લીમીટેડના નામે છે. તેમજ ફરિયાદીએ આરોપી સાથે કરેલ હાયપોથીકેશન કમ લોન એગ્રિમેન્ટમાં જો ગ્રાહકે આપેલ લોનના હપ્તા ભરવામાં નિયમિત ન હોવાથી ગ્રાહકને ફરિયાદીએ લોનના હપ્તા ભરવા માટે વારંવાર મૌખિક અને લેખિત નોટિસ પાઠવીને જાણ કરતા આરોપીને ફરિયાદીની બ્રાંચ ઓફીસે આવેલા અને ફરિયાદીની રૂબરૂમાં સહી કરીને પોતાના કાયદેસરની નાણાં ચુકવવાની જવાબદારી સ્વીકારીને ફરીયાદીને લોનના બાકી લેણા પેટે ૫ લાખનો ચેક લખી આપ્યો હતો. જેથી ફરિયાદીએ ચેક ચૂકવણા માટે બેંકમાં રજૂ કરતા અપૂરતા નાણાં અભાવે ચેક બીજે દિવસે બાઉન્સ થયો હતો. જેથી આ બાબતે શ્રીરામ ફઈનસન ફરિયાદી તરફે એડવોકેટ એ રાજપીપળાના બીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટેટની કોર્ટમાં દાદ મહંમદખાન અહમદ બોલચી સામે ફોજદારી કાર્યરીત સંહીતાની કલમ અન્વયે ધી નેગોશીયએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં દોષીત ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા અને ચેકની રકમ બે માસમાં ચૂકવવાનો હુકમ કરાયો હતો. જેથી લોન લેનારા ગ્રાહકોમાં ફફડાટ ફેલાયો છે.

### મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ

# સાવરકુંડલા શહેરના રસ્તાઓના નવીનીકરણ માટે ૧૦૦૪.૯૦ લાખ ગ્રાન્ટ મંજૂર

અમરેલી, તા.૮

ગુજરાત સરકારના મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા ધારાસભ્ય મહેશ કસવાલાના સાવરકુંડલા શહેરમાં ૧થી ૯ વોર્ડના રસ્તાઓના નવીનીકરણ માટે રૂા.૧૦૦૪.૯૦ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આ યોજનાથી શહેરના ૧થી ૯ વોર્ડના રસ્તાઓ નવા બનાવવામાં આવશે, જેનાથી વાહન વ્યવહાર સરળ બનશે અને નાગરિકોને સુવિધા મળશે, આ યોજના સાથે સાવરકુંડલા શહેરનો સર્વાંગી વિકાસ થશે અને શહેરનું મુખ્ય ચિત્ર બદલાશે, સારા રસ્તાઓના કારણે શહેરના નાગરિકોને સુરક્ષિત અને આરામદાયક વાહનવ્યવહારની સુવિધા મળશે. મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ દ્વારા ૧૦૦૪.૯૦ લાખ મંજૂર કરવા બદલ ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાહેબ, સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાલાનો નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી તેમજ ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી તેમજ તમામ સદસ્ય દ્વારા આ ગ્રાન્ટ મંજૂર કરાવવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

### વાંકાનેર ખાતે રવિ કૃષિ મહોત્સવનો પ્રારંભ

વાંકાનેર, તા.૮

મોરબી જિલ્લાના વાંકાનેરમાં અમરસિંહજી હાઈસ્કૂલ ખાતે વાંકાનેર તાલુકા કક્ષાના રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રવિ કૃષિ મહોત્સવ ધારાસભ્ય ઉપરાંત ઉપસ્થિત મહાનુભાવોએ વિવિધ વિભાગ દ્વારા ઊભા કરવામાં આવેલા ખેડૂતલક્ષી સ્ટોલ અને પ્રદર્શનની મુલાકાત લેવામાં આવી હતી. વાંકાનેર તાલુકાના અંદાજિત ૭૦૦ જેટલા ખેડૂતોએ આ કૃષિ મહોત્સવમાં સહભાગી બની આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# કાંકરેજ તાલુકાની ગ્રાન્ટ એક વર્ષથી અટવાઈ જતાં રૂંધાતા વિકાસના કામો

ડીસા, તા.૮

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં વર્ષ ૨૦૨૪- ૨૫ની ૯ કરોડ ૨૫ લાખ રૂપિયાની ગ્રાન્ટ રાજકીય ખેંચતાણમાં એક વર્ષથી ટલ્લે ચઢતા સમગ્ર તાલુકાનો વિકાસ રૂંધાઈ રહ્યો છે. ગુજરાત સરકાર દ્વારા વિકાસ કામો માટે દરેક તાલુકાની જેમ વિવિધ આયોજનની ગ્રાન્ટ કાંકરેજ તાલુકામાં પણ ફાળવવામાં આવેલ. જેમાં વર્ષ ૨૪ -૨૫ માં નવ કરોડ પચીસ લાખની ગ્રાન્ટ ૧૫ ટકા વિવેકાધીન ગ્રાન્ટ, દોઢ કરોડ ૫૦ વિકાસસીલ ગ્રાન્ટ, બે કરોડ એટીવીટી કાર્યવાહક, દોઢ કરોડ એટીવીટી વિકાસશીલ, એક કરોડ પંદરમુ નાણાંપંચ, તાલુકા કક્ષાની ત્રણ કરોડ તેમજ પ્રાંત કક્ષાની પચીસ લાખ મળીને કુલ નવ કરોડ પચીસ લાખની ગ્રાન્ટ ફાળવી છે. પરંતુ ગ્રાન્ટનુ આયોજન ન થતા ગ્રાન્ટ જમા પડી રહી છે. જેના કારણે કાંકરેજ તાલુકાની ૧૦૦ જેટલી ગ્રામ પંચાયતોનો વિકાસ રુંધાઈ રહ્યો છે.જેથી ગામલોકોમાં ભારે રોષની લાગણી છવાઈ છે. ત્યારે ગામલોકોએ ચુંટણી આવે ત્યારે નેતાઓને પ્રજા યાદ આવે છે તેવા આક્ષેપો કરી કાંકરેજ તાલુકાની પ્રજાના હિતમાં નેતાઓ સત્વરે ગ્રાન્ટનું આયોજન કરી ગામોના વિકાસ કામોમાં સહભાગી થાય તેવી માંગ પણ કરી હતી.

### સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણી નિમિત્તે

# શહીદ થયેલ જવાનોના કુટુંબીજનોને યથાશક્તિ યોગદાન આપી સહભાગી થવા અનુરોધ



હિંમતનગર, તા.૮

સાબરકાંઠા જિલ્લામાં અધિક નિવાસી કલેક્ટર ક્રિષ્ના વાઘેલાએ સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણીના ભાગરૂપે સશસ્ત્ર સેના ધ્વજ દિવસના ભંડોળમાં ફાળો આપીને પ્રારંભ કરાવ્યો હતો. સેનાના જવાનોના સાહસ, શોર્ય, અનન્ય બલિદાનનું સ્મરણ કરવા અને તેમનું સન્માન કરવા સમગ્ર દેશમાં સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણી કરવામાં આવે છે. શહીદ થયેલા જવાનોના કુટુંબીજનો, સૈનિકો અને પૂર્વ સૈનિકોના કલ્યાણ અર્થે અને તેઓને સંકટ/માંદગીના સમયે નાણાંકીય સહાય આપવા યથાશક્તિ યોગદાન આપી સહભાગી થવા અધિક નિવાસી કલેક્ટરએ અપીલ કરી હતી. ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રની રક્ષા માટે બલિદાન આપનાર સૈનિકોના પરિવારજનો સન્માનભેર પોતાના જીવન જીવી શકે તેમજ યુદ્ધની સૈનિક કાર્યવાહીમાં શારીરિક ક્ષતિ ગ્રસ્ત થવાના કારણે સેવા નિવૃત્ત સૈનિકોના પુનઃ વસવાટ અને તેઓના પરિવારજનો માટે વિવિધ કલ્યાણકારી કાર્યોમાં સશસ્ત્ર સેના ધ્વજ દિન ભંડોળનો ઉપયોગ કરવામાં આવે છે.

# વડોદરા : પાર્ક કરેલ કારમાંથી ધુમાડા નીકળતા અફરાતફરી

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૮

ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પાસે પાર્ક કરેલી એક ઈકો કારમાંથી ધુમાડા નીકળતા અફરાતફરી મચી હતી. જોકે સત્વરે ફાયર બ્રિગેડના જવાનોએ ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિ સંભાળી લીધી હતી.

વડોદરા શહેરમાં આગ લાગવાના બનાવો યથાવત છે. તેવામાં વધુ એક આગ લાગવાની ઘટના ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા વિસ્તારમાં બની હતી. રવિવારે ખંડેરાવ માર્કેટ ચાર રસ્તા પાસે પાર્ક કરેલી ઈકો કારમાં ધુમાડા નીકળતા સ્થાનિક લોકો દ્વારા તુરંત આ બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી. જેથી બનાવની જાણ થતા જ ફાયરબ્રિગેડના જવાનો ઘટના થળે દોડી આવ્યા હતા. જો કે આ કાર બંધ ફાયર બ્રિગેડના જવાનો દ્વારા કારનો આગળનો કાચ તોડી આગને કંટ્રોલમાં કરી લીધી હતી. સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી. જો કે કારના આગળના ભાગે ફાયરિંગમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું હતું.

### કંડારી ખાતે યોજાયેલ

# ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં સાંસરોદ હાઈસ્કૂલે શ્રેષ્ઠ દેખાવ કર્યો

પાલેજ, તા.૮

સ્વામિનારાયણ ગુરૂકુળ, કંડારી ખાતે ૨૮/૧૧/ને ગુરૂવારના રોજ એસ.વી.એસ ૦૩નું ૨૧મું ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાયેલ હતું જેમાં ધી સાંસરોદ હાઈસ્કૂલમાંથી વિભાગ ૩માં' વિવિધ સેન્સરના ઉપયોગથી પાક ઉત્પાદન સુધારણા' નામની કૃતિ ઉચ્ચતર માધ્યમિકમાંથી પટેલ હેત્વી મિતેશ ભાઈ તેમજ હોલા ફરહિન અશરફભાઈએ શેખ મહેજબીનબેનના માર્ગદર્શન હેઠળ અને વિભાગ ૫માં માધ્યમિક વિભાગમાંથી 'ફાયર ફાઈટર રોબોટ' કૃતિ ચૌહાણ પ્રિયાંશી ધર્મેન્દ્રસિંહ અને વસાવા મહેક કિશોરભાઈએ મલેક મહમ્મદ ઈલિયાસ સાહેબના માર્ગદશન હેઠળ મુકવામાં આવી હતી. જેમાં બંને વિભાગની કૃતિને પ્રથમ નંબર પ્રાપ્ત થયેલ છે. જે હવે પછી જિલ્લા કક્ષાએ એસ.વી.એસ.૦૩નું પ્રતિનિધિત્વ કરશે. આ સફળતા બદલ શાળા સંચાલક મંડળનાં પ્રમુખ મીઠા ઐયુબભાઈ (બાવલા), કમિટીના સભ્યો તેમજ આચાર્ય કડીવાલા શબ્બીર તથા સમગ્ર શાળા પરિવાર વતી વિજેતા વિદ્યાર્થીઓ તેમજ માર્ગદર્શક શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# આણંદ : ઉછીના નાણાં આપી ઊંચું વ્યાજ વસુલ કરનાર બે વ્યાજખોર સામે ગુનો દાખલ

(સંવાદદાતા દ્વારા) આણંદ તા. ૮

આણંદ શહેરમાં ભગીરથ સોસાયટી નાની ખોડીયારમાં રહેતાં એક યુવકને ઉછીના નાણાં આપી યુવક પાસે ખૂબ જ વધુ વ્યાજ વસુલ કરનાર બે વ્યાજખોરો વિરૂદ્ધ આણંદ શહેર પોલીસે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે મળતી માહિતી મુજબ આણંદ શહેરમાં આવેલ નાની ખોડીયારમાં ૧૫, ભગીરથ સોસાયટીમાં રહેતા ગોવિંદભાઈ રામસિંગભાઈ પ્રજાપતિ ઉંમર વર્ષ ૪૩ બાઈક રીપેરીંગનું કામકાજ કરે છે. તેમને સને ડિસેમ્બર ૨૦૨૨ના સમયગાળા દરમિયાન નાણાંની જરૂરિયાત ઊભી થતાં તેઓએ આણંદ મહેન્દ્ર શાહ ચોકડી પાસે આવેલ ચંદ્રલોક સોસાયટીમાં રહેતાં સુરેશભાઈ પરમાર તથા સુરેન્દ્રનગરના મૂળ અને હાલ રહે કંજરીમાં રહેતા દિનેશભાઈ ધુળાભાઈ મેટલીયા પાસેથી ઉછીના નાણાં લીધા હતા.

વ્યાજખોરો સુરેશભાઈ પરમાર અને દિનેશભાઈ ધુળાભાઈ મેટલીયાએ ગોવિંદભાઈ પ્રજાપતિને ગેરકાયદેસર રીતે કોઈપણ જાતના નાણાં ધીરધારના લાયસન્સ કે પરવાના વગર નાણાં આપ્યાં હતા. તેમજ ખૂબ જ વધુ વ્યાજ વસુલ કરી અવાર-નવાર કડક ઉઘરાવી કરતા હતા. આખરે અસહ્ય ત્રાસથી કંટાળી ગયેલા ગોવિંદભાઈ પ્રજાપતિએ આણંદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે સુરેશભાઈ પરમાર અને દિનેશભાઈ ધુળાભાઈ મેટલીયા વિરૂદ્ધ ગુજરાત નાણાં ધીરધાર કાયદાની કલમ ૪૦, ૪૨(એ) તથા ૪૨(ડી) મુજબ ગુનો નોંધીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલી શહેરમાં ચાલતા પાઈપ લાઈનના કામમાં ગેરરીતિ અંગે પ્રાદેશિક કમિશનરને રજૂઆત

### અમરેલી નગરપાલિકાના વોર્ડ નં.૯ના સદસ્ય સેજલબેન સોલંકી દ્વારા કરાયેલી રજૂઆત

અમરેલી,તા.૮

અમરેલી શહેરના ચક્કરગઢ રોડ ઉપર ચાલતા વરસાદી પાણીના નિકાલ માટે નાખવામાં આવતી પાઈપલાઈન જે જૂની બોક્ષ ગટરમાં નાખવામાં આવે છે અને જૂની ગટરમાં ત્યાંના સ્થાનિક રહીશો પાસેથી ઘર દીઠ બેથી ત્રણ હજાર રૂપિયા ઉઘરાવવામાં આવે છે અને પાઈપ લાઈનના કામમાં કોઈપણ જાતના લેવલ તેમજ ફીનીશીંગ લેવામાં આવતા નથી તેમજ બોક્ષ ગટરમાંથી નીકળેલ કાદવ- કિચડ પાછું ત્યાને ત્યાં જ ઉપર નાખવામાં આવે છે. આ કામમાં ચોકસાઈપૂર્વક સુધારા કરવામાં નહીં આવે તો આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની જવાબદારી નગર સેવા સદન અને જવાબદાર એન્જિનિયર સુપરવાઈઝરની રહેશે એમ વોર્ડ નં.૯મા સદસ્ય સેજલબેન સોલંકીએ પ્રાદેશિક કમિશનર નગરપાલિકા ભાવનગરને રજૂઆત કરી છે. એજન્સી દ્વારા કરવામાં આવતા પાઈપ ફીટીંગમાં પણ ગેરરીતિ જણાય છે. સ્થળની મુલાકાન દરમ્યાન ચાલુ કામ જોતા પાઈપ ફીટીંગ દરમ્યાન બે પાઈપ વચ્ચે જોઈન્ટ કરવામાં આવવો જોઈએ. એ થતો નથી. તે બે પાઈપ વચ્ચે સીમેન્ટના વાટા અથવા કોન્ટ્રાકટ માલથી જોઈન્ટ કરવામાં આવેલ નથી. જો એ જોઈન્ટનું બીલ ચુકવવામાં આવશે તો આ રકમની જવાબદારી તમારી રહેશે તે અન્વયે અમે તા.૨૧/૯/૨૦૨૪ના રોજ એક લેખિતમાં અરજ પણ આપેલી પરંતુ આજે તેને બે માસ ઉપરાંતનો સમય થવા છતાં કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નથી અને કચેરીના અધિકારીઓ દ્વારા પણ સ્થળ તપાસ કરવામાં આવેલ નથી. બાબતે તાત્કાલિકના ધોરણે યોગ્ય કરવા વિનંતી છે. જો આ બાબતે યોગ્ય કરવામાં નહી આવે તો આગામી દિવસોમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે.

# પેટલાદના દંતાલી રોડથી નકલી રબર સ્ટેમ્પ બનાવનાર ઝડપાયો

### ગ્રામ્ય વિસ્તારના ગ્રાહકોને અલગ-અલગ બેન્કોમાંથી લોન મંજૂર કરાવવા સ્ટેમ્પનો ઉપયોગ કરતો હોવાનું ખુલ્યું

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૮

આણંદ જિલ્લાની પેટલાદ શહેર પોલીસે અલગ-અલગ ગ્રામ્ય વિસ્તારોની ગ્રામ પંચાયતના, તલાટી કમ મંત્રીના નામના બનાવટી રબ્બર સ્ટેમ્પ તથા ગોળ રાઉન્ડ શીલ સિક્કાઓ બનાવી લોન મેળવવા માટે સક્ષમ ન હોય તેવા ગ્રાહકોના આકારણી પત્રકો તથા વેરા પાવતીમા છેડછાડ કરી તે બનાવટી સ્ટેમ્પ (સિક્કા)નો ખરા તરીકે ઉપયોગ કરી અલગ અલગ ફાઈનાન્સ કંપનીમાથી ૩૪થી વધુ ગ્રાહકોને લોન મંજૂર કરાવી ગ્રાહકો પાસેથી ઉંચી રકમનુ વળતર મેળવતા ભેજાબાજ ઈસમને ઝડપી પાડીને વધુ તપાસ અર્થે કોર્ટમાં રજૂ કરી રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.પેટલાદ શહેરમાં દંતાલી રોડ ઉપર આવેલ સચ્ચિદાનંદ ટાઉનશીપના મકાન નંબર ૬૭મા ભાડુઆત તરીકે રહેતો રૂષિલ મહેન્દ્રભાઈ પટેલ પોતાના ઘરે રબ્બર સ્ટેમ્પ (સિક્કા) બનાવવાનુ મશીન રાખી કોઈપણ અધિકૃત પ્રમાણિત પરવાનગી વગર ગેરકાયદેસર રીતે રબર સ્ટેમ્પ (સિક્કા) બનાવી તેનો ગેરકાયદેસર ઉપયોગ કરતો હોવાની ચોક્કસ માહિતી પેટલાદ શહેર પોલીસને મળી હતી. જેથી પોલીસે તુરંત જ માહિતીના આધારે મકાનમાં દરોડો પાડ્યો હતો અને મકાનમાં હાજર રૂષિલ મહેન્દ્રભાઈ પટેલ (મુળ રહે. પુનિતચોક, વસો, જિ.ખેડા)ની અટકાયત કરી હતી. જેબાદ પોલીસે મકાનની તલાશી લેતાં, રૂમમાં મુકેલ ટેબલ પરથી એક લેપટોપ, પ્રિન્ટર તેમજ રબર સ્ટેમ્પ (સિક્કા) બનાવવાનુ પોલીમર સ્ટેમ્પ યુનિટ મશીન મળી આવ્યું હતું. તેમજ ટેબલના ડ્રોઅરોમાંથી અલગ-અલગ ગ્રામપંચાયત અને તલાટી કમ મંત્રીઓના નામના ૨૫ નંગ બનાવટી રબર સ્ટેમ્પ (સિક્કા) તથા રબર સ્ટેમ્પ (સિક્કા) બનાવવાની સામગ્રી મળી આવી હતી. રૂષિલ મહેન્દ્રભાઈ પટેલ આ બનાવટી સ્ટેમ્પ (સિક્કા)નો ઉપયોગ લોન મેળવવા માટે કાયદેસર સક્ષમ ન હોય તેવા ગ્રામ્ય વિસ્તારના ગ્રાહકોને અલગ-અલગ બેંકોમાથી લોન મંજૂર કરાવવા માટે કરતો હોવાનું બહાર આવ્યું છે.

# વાંકાનેરના લિંબાળા ગામે મુસ્લિમ સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાશે

વાંકાનેર, તા.૮

વાંકાનેર ખાતે મુસ્લિમ દિવાન ફકીર યુવા ગ્રુપ દ્વારા ૧૮માં સર્વે મુસ્લિમ સમાજ સમૂહ લગ્ન મહોત્સવ તારીખ ૨૯-૧૨-૨૦૨૪ના રોજ વાંકાનેરના લિંબાળા ગામના સીમાડે યોજાશે જેમાં દુલ્હા-દુલ્હન ૧૦ જોડાના એક જ મંડપ નીચે એકતાના પ્રતિક સમૂહ લગ્ન અંતર્ગ તાજેજરમાં વાંકાનેરના કેરાળાના રાણીમાં રૂડીમાં મંદિરના મહંત મુકેશ ભગતના વરદ હસ્તે દીકરી-દીકરાઓને નિકાહના કપડા વિતરણ કરવામાં આવ્યા હતા આ કાર્યક્રમમાં કોમી એકતાના પ્રતિક મુસ્લિમ દિવાન ફકીર યુવા ગ્રુપ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દાતાર પીર ટેકરી વાંકાનેરના ખાદીમ અબ્દુલ બાપુ તેમજ ૨૫ વારીયા ગેબનશાહ પીરના ખાદીમ સિકંદર બાપુ તેમજ વાંકાનેર મુસ્લિમ અગ્રણી ફિરોજભાઈ ઠાસરીયા અને મુસ્લિમ દિવાન ફકીર યુવા ગ્રુપ સમૂહ લગ્ન કમિટીના આયોજક ઈમ્તિયાઝ દિવાન તેમજ જહાંગીરશા દિવાન તેમજ આરીફ દિવાન સહિતના આયોજકો કાર્યકરો અને દીકરી-દીકરાઓના વાલી સહિત દુલ્હા-દુલ્હનનો વગેરે હાજરી આપી હતી.

# લખતરમાં નર્મદા કેનાલમાંથી મૃતદેહ મળ્યો

સુરેન્દ્રનગર, તા.૮

સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકામાંથી પસાર થતી નર્મદાની કેનાલમાં છાસવારે લાશો મળી આવવાના બનાવો તેમજ કેનાલમાં ડૂબી જવાના બનાવો સામે આવી રહ્યા છે, ત્યારે આજે લખતર રેલવે સ્ટેશન રોડ પર આવેલી નર્મદાની મુખ્ય કેનાલમાં એક પુરૂષનું ડૂબી જવાથી મોત થયાનું સામે આવ્યું છે. લખતર ખાતે બંસી એગ્રો ધરાવતા મુસ્તુભાઈ ઉસ્માનભાઈ કેનાલમાં નહાવા જતાં પગ લપસી જતાં કેનાલના પાણીમાં ગરકાવ થયા હતા. ત્યારે રાહદારીઓ દ્વારા ઘટનાની જાણ સુરેન્દ્રનગર ફાયર બ્રિગેડને કરવામાં આવતા સુરેન્દ્રનગર ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. લખતર પોલીસ અને લખતર મામલતદાર સહિત તાલુકાના અધિકારીઓ તથા ગ્રામજનોના ટોળેટોળાં ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મહા મુસીબતે ફાયર તથા સ્થાનિક તરવૈયાઓની મદદથી મુસ્તુભાઈની લાશને કેનાલના પાણીમાંથી શોધી કાઢી પાણીમાંથી બહાર કાઢવામાં આવી હતી તથા લાશને કેનાલમાંથી બહાર કાઢ્યા બાદ પીએમ અર્થે લખતર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામા આવી હતી.

# હિંમતનગરમાં માનસિક ક્ષતિ દિવસની ઉજવણી



(તસવીર : એફ.કે. મનસુરી, હિંમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૮

હિમતનગરના મોતીપુરા વિસ્તારમાં ચાલતી સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત માનસિક દિવ્યાંગ બાળકોની સંસ્થા દ્વારા સમાજમાં આ બાળકો માટે જાગૃતિ આવે તેવા આશ્રયથી જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થા ખાતેથી વહીવટી સંચાલક જીતુભાઈ પટેલ દ્વારા લીલી ઝંડી આપી રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. હિંમતનગરના જીઆઈડીસી વિસ્તારમાં તેમજ સિવિલ હોસ્પિટલ થઈ લાભ બંગલોઝ સરણમ સોસાયટી વગેરે જગ્યાએ ફરી સંસ્થામાં પરત આવી સમગ્ર આયોજનના ભાગરૂપે સંચાલક મંડળના પ્રમુખ નાનુભાઈ પટેલ, મેનેજિંગ ટ્રસ્ટી ડૉ.મહેન્દ્રભાઈ સોની, ઉપપ્રમુખ જશુભાઈ શાહ તેમજ ડો. નટુભાઈ પટેલ દ્વારા શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

### સાવલી : કેમિકલ ભરેલ ખાડામાં ખાબકતાં કર્મચારીનું કરૂણ મોત

વડોદરા, તા.૮

સાવલી તાલુકાના ગણેશપુરા ખાતે કેમિકલ ભરેલા ખાડામાં પડી જતા કર્મચારીનું મોત નીપજ્યું હતું.

સાવલી તાલુકાના ગણેશપુરા ગામમાં નિશાળવાળા ફળિયામાં રહેતા રમેશ સોમાભાઈ પરમાર ઉંમર વર્ષ ૪૬ ગઈકાલે લામડાપુરા ગામે આવેલી અનુગ્રહ કંપનીમાં નોકરી પર હતા તે દરમિયાન રાત્રે ૨:૦૦ વાગે અચાનક પગ લપસી જતા કંપનીમાં એસિડ જેવું કેમિકલ ભરેલ ખાડામાં પડી જવાથી આખા શરીરે દાઝી ગયેલ. તેઓને સાવલીની હોસ્પિટલમાં ખસેડતા ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હતું.

### ડભોઈના કરણેટ ખાતે

# ઓરસંગ નદીના પટમાં ગેરકાયદે રેતી ભરેલ બે ટ્રક ઝડપાઈ

ડભોઇ, તા.૮

ડભોઈના કરણેટ ખાતે ઓરસંગના પાલિકાના પટમાં નગરના પ્રતિબંધિત વિસ્તારમાંથી ગેરકાયદે રેતી ભરીને નીકળેલી બે ટ્રકો ઝડપાવા અંગે ડભોઈ પોલીસે હાલ તો ખાણ ખનીજ ખાતાને રિપોર્ટ કર્યો છે. અને ઝડપાયેલી ટ્રકો પોલીસે સલામત સ્થળે મૂકી છે. આ બાબતે ખાણ ખનીજ ખાતું દંડ ફટકારે છે કે, ફરિયાદ કરે છે. તેના આધારે આગળની કાર્યવાહી કરાશે તેમ જાણવા મળ્યું છે.

ડભોઈ તાલુકાના કરણેટ ખાતે ઓરસગ નદીના પટમાં ડભોઈ નગર પાલિકાના વોટર વર્કસના પ્રતિબંધિત વિસ્તારમાંથી પાલિકાના કોંગ્રેસના સભ્યે પોલીસ મથકમાં ૧૦૦ નંબર પર ડાયલ કરી ગેરકાયદે ખનન કરેલી રેતી ભરી નીકળતી ત્રણ ટ્રકો ઝડપી હતી. જે પૈકી બે ટ્રકો પાલિકાના પદાધિકારીના નામની નીકળી હતી. જેને લઈ ડભોઈ નગર પાલિકાનું રાજકારણ પણ ગરમાઈ ચૂક્યું છે. ત્યારે હવે પોલીસ તંત્રે ગઈકાલે જ આ ત્રણેય ટ્રકો ડીટેઈન કરી પોતાના કબજામાં રાખી આ અંગે ખાણ ખનીજ ખાતાને રિપોર્ટ કર્યો છે.

આવતીકાલ સોમવારે ખાણ ખનીજ ખાતું આ બાબતે કેવા પ્રકારની કાર્યવાહી કરે છે. તેની પર સમગ્ર આ મામલાનો મદાર છે.

### અવસાન નોંધ

**ભાવનગર**

મર્હૂમ અબુભાઈ કાઈમોહમ્મદભાઈ દલના પુત્ર તાજમોહમ્મદભાઈ દલ (તાજુભાઈ, રીટા. એએસઆઇ, એસ.ઓ.જી.) ઉ.વ.૭૦, તા.૮/૧૨/૨૦૨૪ને રવિવારને રોજ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા છે. મર્હૂમની ઝિયારત મર્દો માટે તા.૧૦/૧૨/૨૦૨૪ને મંગળવારે ખદીજા મસ્જિદ સવારે ૯:૦૦ કલાકે શીશુવિહાર સર્કલ પાસે અને ઔરતોની ઝિયારત તેમના નિવાસસ્થાન પ્રભુદાસ તળાવ નૂર એપાર્ટમેન્ટની સામે પ્લોટ નં.૪૩૫/ડી, ભાવનગર અને હિન્દુ ભાઈઓ માટેનું બેસણું તા.૧૦/૧૨/૨૦૨૪ના રોજ સાંજે ૪થી ૬ કલાકે તેમના નિવાસસ્થાન ખાતે રાખેલ છે.

# ગાંધીજીના સગા ભાઈથી વિશેષ એવા ઈમામ સાહેબની આજે પુણ્યતિથિ














વિશ્વનેતા ગાંધીજીએ જેમને પોતાના સહોદર ભાઈ ગણાવ્યા હતા એ ઈમામ અબ્દુલ કાદર બાવઝીરની આજે ૯મી ડિસેમ્બરે પુણ્યતિથિ છે. ગાંધી આશ્રમમાં આજે પણ ‘‘ઈમામ મંઝીલ’’ મહાત્મા ગાંધી ઈમામ સાહેબના ભાઈથી પણ વિશેષ સંબંધોની સાક્ષી પૂરતી ઊભી છે. સર્વધર્મ સમભાવમાં માનતા ગાંધીજીએ પોતાનું જીવન પણ આ અસલી ભાઈચારા સાથે વિતાવ્યું હતું અને સરદાર વલ્લભભાઈ પટેલ પણ ઈમામ સાહેબને ખૂબ જ માન આપીને વડીલ અને માર્ગદર્શક માનતા હતા...ઈમામ સાહેબે જીવનના અંતિમ શ્વાસ પણ સરદાર પટેલના ખોળામાં લીધા હતા. ગાંધીજીના પરિચયમાં આવેલા ઈમામ સાહેબે દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં ઝંપલાવી જેલવાસ વેઠયો હતો અને આફ્રિકામાં ધીકતો ધંધો છોડીને ઈમામ સાહેબ અમદાવાદના ગાંધી આશ્રમમાં કુટુંબ સાથે આવીને વસ્યા અને કડક આશ્રમજીવન સ્વીકાર્યું હતું. ૧૯૧૫માં તેઓ સાઉથ આફ્રિકાથી આવ્યા હતા અને પોતાના જીવનના અંતિમ શ્વાસ સુધી તેઓ ગાંધી આશ્રમમાં જ રહ્યા.

### રિમાન્ડ દરમ્યાન તબિયત લથડતા ઢળી પડ્યો

# સોડિયમ નાઈટ્રેટથી ૧૨ હત્યા કરનારા આરોપી તાંત્રિકનું પોલીસ કસ્ટડીમાં મોત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

તાંત્રિક વિધિના નામે લોકો પાસેથી પૈસા પડાવનારા ઘણા લોકો છે, પરંતુ હવે પૈસા પડાવવાની સાથે છેતરપિંડી કરનારાઓ પણ લોહિયાળ રમત રમવામાં જરાય અચકાતા નથી. એક ભૂવાએ તાંત્રિક વિધિના નામે લોકોને લલચાવીને મારી નાખવાનો ખેલ શરૂ કર્યો હતો.

તાંત્રિક વિધિ કરીને ચાર ગણા પૈસા કરી આપવાના નામે લોકો સાથે છેતરપિંડી કરનારા તાંત્રિક નુવલસિંહ ચાવડાની સરખેજ પોલીસે પાંચ દિવસ પહેલાં ધરપકડ કરી હતી. જેનું આજરોજ રિમાન્ડ દરમિયાન મોત નીપજ્યું છે. નવલસિંહ ચાવડાએ સોડિયમ નાઈટ્રેટથી ૧૨ હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. આ ૧૨ હત્યામાં તેની માતા, કાકા અને દાદીનો પણ સમાવેશ થાય છે.

તાંત્રિકની મોત મામલે ઝોન ૭ના ડીસીપી શિવમ વર્મા સિવિલ હોસ્પિટલ પહોંચ્યાં હતાં. અહીં તેઓએ જણાવ્યું હતું કે, ૪૨ વર્ષીય તાંત્રિક નવલસિંહની કસ્ટોડિયલ ડેથને લઈને તપાસ કરવામાં આવશે. આરોપી નવલસિંહની સવારે તબિયત બગડતાં ૧૦૮ દ્વારા સોલા સિવિલ લઈ જવામાં આવ્યો હતો અને અહીં તેનું મોત થયું છે. આરોપીએ અત્યાર સુધી ૧૨ લોકોની હત્યા કરી હોવાની કબૂલાત કરી છે. આરોપીએ તેના પરિવારમાંથી જ દાદી, માતા અને કાકાની હત્યા કરી છે. આરોપી છેલ્લા ૧૨ વર્ષથી આ રીતે હત્યા કરતો હતો અને તે સુરેન્દ્રનગરની લેબમાંથી સોડિયમ નાઈટ્રેટ ખરીદતો હતો. ડીસીપી શિવમ વર્માએ વધુમાં જણાવ્યું કે, સુરેન્દ્રનગરમાં તાંત્રિક નવલસિંહ ચાવડાનો આશ્રમ હતો અને તે ભૂવા તરીકે કામ કરતો હતો. આ સાથે આરોપી વઢવાણના આવેલા મઢમાં દોરા-ધાગા પણ કરતો હતો. નવલસિંહ લોકોને પોતાનો શિકાર બનાવ્યાં બાદ સોડિયમ નાઈટ્રેટ પાણીમાં અથવા તો દારૂમાં આપતો હતો, જેથી વ્યક્તિનું ૨૦ મિનિટમાં જ મોત થતું. આ વ્યક્તિઓના પીએમ રિપોર્ટમાં મોત પાછળનું કારણ હાર્ટ-એટેક સામે આવતું હતું. ઉલ્લેખનીય છે કે સોડિયમ નાઈટ્રેટ પાવડરના સ્વરૂપમાં હોય છે અને જો તેને એક ચમચી પાણીમાં મિક્સ કરીને પીવામાં આવે તો ૨૦ મિનિટમાં જ મોત થઈ શકે છે. એકવાર સોડિયમ નાઈટ્રેટ પી લીધું પછી બચવાની સંભાવના રહેતી નથી. સરખેજ પોલીસ દ્વારા ૩ ડિસેમ્બરના રોજ નવલસિંહ ચાવડાને એરેસ્ટ કરવામાં આવ્યો હતો. જે બાદ કોર્ટ દ્વારા તેના રિમાન્ડ મંજૂર થતાં આરોપી ૧૦ ડિસેમ્બર સુધી રિમાન્ડ પર હતો. રિમાન્ડ દરમિયાનની તપાસમાં જાણવા મળ્યું કે, નવલસિંહ ચાવડા તાંત્રિક હતો અને તેણે તાંત્રિક વિધિના બહાને આર્થિક ફાયદા માટે કુલ ૧૨ મર્ડર કર્યા હતા. દરેક હત્યામાં સોડિયમ નાઈટ્રાઈટનો ઉપયોગ કર્યો હતો. જેમાં ૧ મર્ડર અસલાલીમાં, ૩ સુરેન્દ્રનગર, ૩ રાજકોટના પડધરી ખાતે, ૧ અંજાર, ૧ વાંકાનેર તથા ૩ પોતાના પરિવારમાંથી મર્ડર કરેલાની કબૂલાત કરી હતી. આજરોજ તાંત્રિક નવલસિંહની પોલીસ કસ્ટડીમાં એકાએક તબિયત બગડતા તે ઢળી પડ્યો હતો. સારવાર દરમિયાન તેણે હોસ્પિટલમાં દમ તોડ્યો હતો.



**પાણી અથવા દારૂમાં સોડિયમ નાઈટ્રેટ ભેળવી પીવડાવતા ૨૦ મિનિટમાં જ મોત થતું : ભૂવાએ તેની માતા, દાદી અને કાકાને પણ પતાવી દીધા**

નવલસિંહ તાંત્રિક વિધીથી પૈસા ચાર ગણા કરી આપવાનું કહીને લોકોને દારૂમાં સોડિયમ નાઈટ્રેટ ભેળવીને પીવડાવી દઈ મોતને ઘાટ ઉતારી દઈ પૈસા-દાગીના લૂંટી લેતા ભુવા નવલસિંહની સરખેજ પોલીસે ધરપકડ કરી હતી. ભુવાએ પોલીસ પુત્ર અને ફેકટરી માલિકને શકંજામાં લીધો હોવાની જાણ થતા ટેકસી ચાલકે પોલીસને માહિતી આપતા ભુવાને ઝડપી લીધો હતો.

# ગુજરાતનો ગોઝારો દિવસ : અકસ્માતની પાંચ ઘટનામાં ચાર લોકોનાં મોત, સાત ઈજાગ્રસ્ત

## ડોર ટુ ડોર કચરાની ગાડીએ ૪ વર્ષીય બાળકનો જીવ લીધો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

ગુજરાતમાં રવિવારના દિવસે વિવિધ માર્ગ અકસ્માતો સર્જાયા હતા. જેથી ગુજરાત માટે આ રવિવાર ગોઝારો સાબિત થયો હોય તેવી ચર્ચાએ જોર પકડયું હતું.

રોજ આપણે અકસ્માતના બનાવો સાંભળતા હોઈએ છીએ એવામાં રવિવારે ગુજરાતનાં અલગ અલગ શહેરો તથા તાલુકાઓમાં પાંચ અકસ્માતની ઘટનાઓ બની હતી. જેમાં એક ૪ વર્ષનાં બાળક સહિત કુલ ચાર લોકોનાં મોત નિપજ્યાં હતા તથા સાત લોકો ઘાયલ થયા છે. વડોદરા શહેરમાં ડોર ટુ ડોર કચરાની ગાડી સાથે ગંભીર અકસ્માત સર્જાતા ૪ વર્ષના એક કિશોરનું મોત નિપજ્યું હતું. છાણી વિસ્તારમાં આવેલી અભય નગર સોસાયટીમાં બાળક રમતો હતો તે દરમિયાન કચરાની ગાડી રિવર્સ લેતા બાળક કચરાની ગાડી સાથે




ભટકાયો હતો. તાત્કાલીક બાળકને ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યું હતું. જો કે કિશોરનું મોત નીપજ્યું હતું.

ભાવનગર નજીકના નાની ખોડીયાર પાસે કાર ચાલકે બાઈકને અડફેટે લેતા ત્રણ લોકોને ઈજા થઈ છે જયારે કારચાલક મહિલા પોલીસ કર્મી હોવાનું જાણવા મળ્યું હતું.

મળતી વિગતો અનુસાર ભાવનગર રાજકોટ હાઈવે પર નાની ખોડીયાર નજીક કારચાલક મહિલાએ હાઈવે પર બાઈક ચાલકને અડફેટે લેતા ધીરૂભાઈ તેમજ તેમનો પુત્રા કરણ તેમજ અરવિંદ નામના પરપ્રાંતીય યુવક સહિત ૩ લોકોને ઈજા પહોંચી હતી, તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતના પગલે હાઈવે પર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા, કારચાલક મહિલા પાલીતાણામાં પોલીસ કર્મચારી તરીકે ફરજ બજાવતા હોવાની પ્રાથમિક વિગતો મળી હતી.

જંબુસરમાં વહેલી સવારે મોર્નિંગ વોક પર નીકળેલ વ્યક્તિને અજાણ્યા વાહને ટક્કર મારતાં તેઓનું ગંભીર ઈજાના કારણે સ્થળ પર જ મોત થયું હતું.

બોટાદ શહેરનાં ગઢડા રોડ પર અમરેલી-બોટાદ એસ.ટી. બસ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક અચાનક રોડ પર રહેલ રીક્ષા સાથે અથડાયો તે દરમ્યાન એસટી બસ પસાર થતા અકસ્માત સર્જાતા યુવકનું મોત નિપજ્યું હતું. મૃતક યુવાન બોટાદના બળદેવ હનુભાઈ રોજાસરા હોવાની પ્રાથમિક માહિતી મળી છે તેમજ યુવાનના મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પોલિયો રવિવાર હોવાથી આંગણવાડીમાં આશાવર્કર તરીકે ફરજ બજાવતા ૫૦ વર્ષીય સલમાબેન માડકીયા આંગણવાડીમાં એક્ટિવા લઈ ફરજ પર જતા હતા ત્યારે રેતી ભરેલ ટ્રેક્ટરની ટ્રોલીએ એક્ટિવાને અડફેટે લીધું હતું જયારે અકસ્માત બાદ રેતી ભરેલ ટ્રેકટર પલ્ટી મારી ગયું હતું. અકસ્માતના કારણે મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું જયારે ટ્રેકટર ચાલક મોહન ભૂરાભાઈ મારવાડીને ઈજા થઈ હતી. અકસ્માત બાદ ઈજાગ્રસ્ત અને મૃતક મહિલાને વીરપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતના સમગ્ર બનાવને લઈને ગોંડલ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### મહેસાણાના નસબંધી કાંડમાં ઘટસ્ફોટ

# ગરીબ પરિવાર તથા અભણ યુવાનોને ટાર્ગેટ બનાવી નસબંધી કરી દેવાઈ

## ટાર્ગેટ વિના કર્મચારીઓ કામ જ ના કરે : મેડિકલ ઓફિસર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

મહેસાણા જિલ્લામાં અપરણિત યુવકની જાણ બહાર તેની નસબંધી કરી દીધી હોવાની વાત ભારે ચર્ચામાં છે ત્યાં નસબંધી કાંડમાં દિવસેને દિવસે અવનવા ખુલાસા સામે આવી રહ્યા છે. ત્યારે અત્યાર સુધીમાં બે યુવકોની ગેરકાયદે નસબંધી કરાવી દેવાની ઘટના સામે આવતા આરોગ્ય વિભાગે સમગ્ર કેસમાં ખોટી રીતે નસબંધી કરાવનાર આરોગ્ય વિભાગના બે કર્મીને સસ્પેન્ડ કર્યા છે. ત્યારે બાકીના ૮ અધિકારીથી લઈ કર્મચારીઓને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. ત્યારે આ કેસમાં વધુ એક વિગત પ્રકાશમાં આવી છે.

સમગ્ર ઘટનામાં મોટા ભાગે જે ભોગ બન્યા છે, તે ગરીબ પરિવાર અને અભણ યુવાનોને ટાર્ગેટ કરી નસબંધી કરી દેવામાં આવી છે. ત્યારે બીજી બાજુ મહેસાણા શહેરી વિસ્તારોમાં વર્ષ દરમિયાન એક પણ નસબંધીનું ઓપરેશન ના થયું હોવાનું ખુદ અધિકારી કબૂલાત કરી રહ્યા છે. ત્યારે અધિકારીના નિવેદન અને સરકારના નિવેદનમાં વિરોધાભાસ આવી રહ્યા છે. જેમાં એક બાજુ અધિકારી કહી રહ્યા છે કે, નસબંધી અંગે કર્મચારીઓને કોઈ ટાર્ગેટ આપવામાં આવતો નથી, ત્યારે બીજી બાજુ સાબરકાંઠામાં ટાર્ગેટ કરતા વધુ ઓપરેશન થયા હોવાનું અને કર્મચારીઓને ટાર્ગેટ આપવામાં આવે તો જ કામ થાય તેવું જણાવી રહ્યા છે. ત્યારે આ નિવેદન પણ વિરોધાભાસ જોવા મળી રહ્યા છે. અધિક આરોગ્ય અધિકારી ઘનશ્યામ ગઢવીએ જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લામાં NSVનો કોઈ પેનલ સર્જન જ નથી, એ માટે દર્દીઓને કલોલ અડાલજ મોકલવા પડ્યા. મહેસાણામાં ૫ અર્બન હેલ્થ સેન્ટર છે, એમાં અમારા આરોગ્ય કર્મી હોય છે. આરોગ્ય કર્મીઓને નસબંધી લગતી પોસ્ટ પ્રિન્ટ કરી આપવામાં આવે છે અને એ લોકોને સમજાવે પણ છે. આ વર્ષ મહેસાણા શહેરમાં NSVનો એક પણ કેસ નથી કરવામાં આવ્યો અને એ કરવા માટે અમે દબાણ પણ નથી લાવ્યા. વધુમાં જણાવ્યું કે, સાબરકાંઠામાં ટાર્ગેટથી વધુ ઓપરેશન થયા છે. ટાર્ગેટ વિના કર્મચારીઓ કામ જ ના કરે. વધુમાં જણાવ્યું કે, મહેસાણાના નસબંધી કેસમાં મેડિકલ ઓફિસરને નસબંધી વાળા દર્દી ઓપરેશન કરાવી આવ્યા બાદ ફોલોઅપ લેવાના હોય છે, એ લેવામાં આવ્યા નથી. અડાલજ હોસ્પિટલમાં દર્દી ગયો તો ત્યાંની હોસ્પિટલ ડોક્યુમેન્ટ તપાસ કરવામાં આવ્યા નથી. આ કેસ અંગે અડાલજ હોસ્પિટલના CCTV ફૂટેજ તપાસ કરવામાં આવશે.

# શિક્ષણ વિભાગે બે અધિકારીઓને વહીવટી સેવામાં પરત મોકલી દીધા

## વહીવટી સેવાના અધિકારીઓને શિક્ષણ વિભાગમાં ડેપ્યુટી ડાયરેક્ટર બનાવાયા હતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

રાજય સરકારના વહીવટી સેવાના બે અધિકારીઓને શિક્ષણ વિભાગમાં ઉંચી ગણાતી ડેપ્યુટી ડાયરેક્ટરની જગ્યા પર મુકવામાં આવ્યા બાદ હવે શિક્ષણ વિભાગ દ્વારા તેમને પરત મોકલી દેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. તાજેતરમાં મહેસૂલ વિભાગ દ્વારા વહીવટી સેવાના વર્ગ-૧માં બઢતી આપેલા બે અધિકારીને શિક્ષણ વિભાગમાં ડેપ્યુટી ડાયરેક્ટરની જગ્યામાં નિમણૂક આપવામાં આવી હતી. આ સમગ્ર વિવાદમાં તાજેતરમાં શિક્ષણ વિભાગ દ્વારા બઢતીના આદેશ કરાયા હતા તેમાં બંને જગ્યા પર શિક્ષણ વિભાગના અધિકારીને મુકી દીધા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, મહેસુલ વિભાગ દ્વારા ૨૫ ઓક્ટોબરના રોજ ૧૨૨ અધિકારીઓને બઢતી સાથે બદલીઓ કરવામાં આવી હતી. જેમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી (Dy. DEO) તરીકે ફરજ બજાવતાં વર્ગ-૧ના અધિકારી ભૂમી બી કેશવાલાને કમિશનર ઓફ સ્કૂલની કચેરીમાં ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે બદલીથી નિમણુક અપાઈ હતી. જયારે ગાંધીનગરમાં સ્પેશિયલ મામ-બજેટ-કમિશનપ લેન્ડ રિફોર્મ્સમાં ફરજ બજાવતાં વર્ગ-૨ના અધિકારી રૂપ પટેલને કમિશનર ઓફ હાયર એજ્યુકેશનની કચેરીમાં હંગામી ધોરણે બઢતી આપી ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે નિયુક્તિ આપવામાં આવી હતી.

શિક્ષણ વિભાગ પાસે પોતાના વિભાગના અધિકારીઓ હોવા છતાં અન્ય વિભાગ દ્વારા તેમના અધિકારીઓને શિક્ષણ વિભાગમાં બઢતી આપી મુકવામાં આવતા સરકારમાં રજૂઆતોનો દોર પણ શરૂ થયો હતો. આ બધા વચ્ચે તાજેતરમાં શિક્ષણ વિભાગ દ્વારા ૫ ડિસેમ્બરના રોજ વર્ગ-૧ના ૧૦ જેટલા અધિકારીઓને ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે બઢતી આપતો ઓર્ડર બહાર પાડ્યો હતો. જેમાં સામાન્ય વહીવટ વિભાગના બે અધિકારીઓને જે જગ્યા પર નિમણુંક અપાઈ હતી તે જગ્યા પર શિક્ષણ વિભાગના અધિકારીઓને નિયુક્તી આપી દેવામાં આવી હતી. નિમણુંક ઓર્ડરમાં એમ પણ જણાવાયું હતું કે, ઉચ્ચ કમિશનર કચેરી અને કમિશનર શાળાઓની કચેરીમાં નાયબ નિયામકની જગ્યા પર ફરજ બજાવતાં ગુજરાત વહીવટી સેવા (જુનિયર) સ્કેલ વર્ગ-૧ સંવર્ગના આર.પી. પટેલ અને ભૂમિબેન કેશવાલાને તેઓની સેવાઓ તેમના મુળ વિભાગ ખાતે પરત સોંપવામાં આવે છે.

### ગુજરાતની વધુ એક સિદ્ધિ

# ભારત સરકાર તરફથી ગુજરાત રાજ્યને મળ્યો પ્રતિષ્ઠિત પુરસ્કાર

## કેન્દ્ર સરકારના પ્રેઝેન્ટેશનમાં ગુજરાત મોડેલને ઉદાહરણ તરીકે રજૂ કરાયું

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૮

કેન્દ્ર સરકારના ખાદ્ય અને જાહેર વિતરણ વિભાગ દ્વારા ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગને નવી દિલ્હી ખાતે પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગત તા.૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ ‘અન્ન ચક્ર’ PDS સપ્લાય ચેઈન ઓપ્ટિમાઈઝેશન ટૂલ અને NFSA માટે સબસિડી ક્લેમ્સ એપ્લિકેશન (SCAN) પોર્ટલના લોન્ચિંગ સમયે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં જાહેર વિતરણ વ્યવસ્થા(PDS) સપ્લાય ચેઈન ઓપ્ટિમાઈઝેશન, કે જેમાં ખાસ કરીને રૂટ ઓપ્ટિમાઈઝેશન અમલીકરણના ઉત્તમ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૨ના જૂન માસથી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ લોજિસ્ટિક્સને સુવ્યવસ્થિત કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. રાજ્યમાં આવેલા ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા(FCI) અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ(GSCSCL)ના તમામ ગોડાઉન તેમજ તમામ વ્યાજબી ભાવની દુકાનો(FPS)ને ઓનલાઈન PDS પ્લેટફોર્મમાં સફળતાપૂર્વક જીઓ-ફેન્સ કરવામાં આવ્યા છે. ફાઉન્ડેશન ફોર ઈનોવેશન એન્ડ ટેક્નોલોજી ટ્રાન્સફર (FITT), આઈઆઈટી દિલ્હી અને વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP) દ્વારા સંયુક્ત રીતે એક ઓપ્ટિમાઈઝેશન સ્ટડી તૈયાર કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત માટે ન્૧ એટલે કે FCI/CWCથી GSCSCL ગોડાઉન સુધીમાં ૩૮ ટકા અને L2 એટલે કે GSCSCLથી FPS સુધીમાં ૦૬ ટકા સુધીના નોંધપાત્ર ખર્ચ ઘટાડાનો અંદાજ દર્શાવવામાં આવ્યો હતો. જે અંતર્ગત વિભાગે વ્યાપક વિશ્લેષણ હાથ ધરીને ઓપ્ટિમાઇઝ કરી શકાય તેવા L1 માટે ૬૫૧ રૂટ્સ અને L2 માટે ૧૬,૮૨૭ રૂટ્સની ઓળખ કરી હતી. ડિસેમ્બર ૨૦૨૩થી જુલાઈ ૨૦૨૪ દરમિયાન જ પરિવહન ખર્ચમાં કુલ રૂ.૪.૫ કરોડની બચત થઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રી કુંવરજી બાવળીયાના માર્ગદર્શનમાં આવા પરિવર્તનકારી પરિણામોની ભારત સરકાર દ્વારા નોંધ લઇ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. વધુમાં, PDS સપ્લાય ચેઈન ઓપ્ટિમાઈઝેશનના કેન્દ્ર સરકારના પ્રેઝન્ટેશન તેમજ બ્રોશરમાં પણ ગુજરાત મોડેલને ઉદાહરણ તરીકે રજૂ કરવામાં આવ્યું હતું, જે ગુજરાત માટે ખૂબ જ ગૌરવપૂર્ણ બાબત છે. તેમ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગની યાદીમાં જણાવ્યું છે.

# રાજ્યની સ્કૂલોમાં આજથી બે દિવસ મોટી સંખ્યામાં અપાર આઈડી તૈયાર કરાશે

## બે દિવસ માટે સ્કૂલોમાં મેગા અપાર આઈડી દિવસ તરીકે ઉજવવાનું આયોજન કરાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

રાજ્યની શાળાઓમાં અપાર આઈડીના જનરેટ કરવાની કામગીરી વિભાગ દ્વારા પુરજોશમાં શરૂ કરવામાં આવી છે. જેમાં હવે સોમવાર અને મંગળવારના રોજ રાજ્યની તમામ સ્કૂલોમાં મેગા અપાર આઈડી દિવસ તરીકે વધુમાં વધુ આઈડી જનરેટ કરવા માટે સ્કૂલોને સુચના અપાઈ છે. કેન્દ્ર સરકારની સુચના અનુસાર તમામ બાળકોનું ઓટોમેટેડ પરમેનેન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી (અપાર) ID બનાવવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. અપાર આઈડી બનાવવા માટે વિદ્યાર્થીના ડાયસ ડેટાને આધારકાર્ડ સાથે લીંક કરવાનું હોય છે. નવી શિક્ષણ નીતિ અંતર્ગત વન નેશન, વન સ્ટુડન્ટ આઈડીની થીમ આધારિત વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને સિદ્ધિઓને ટ્રેક કરવા માટે APPAR આઈડી બનાવવાનું નક્કી કરાયું છે. શિક્ષણ વિભાગ દ્વારા APPAR આઈડીમાં વિદ્યાર્થીઓના પરિણામો, શૈક્ષણિક રેકોર્ડ તથા સિદ્ધીઓ ડિજીટલ સ્વરૂપે સ્ટોર કરવામાં આવશે. પરંતુ આ અપાર આઈડી ક્રિએટ કરવાની પ્રક્રિયામાં છેલ્લા ઘણા દિવસોથી ગુજરાતનું સમગ્ર શિક્ષણકાર્ય જ ખોરવાઈ ચુક્યો હોવાની વિગતો સામે આવી રહી છે. અપાર આઈડી બનાવવા માટે વિદ્યાર્થીઓના આધાર કાર્ડને ડાયસના નામ સાથે લીંક કરવામાં આવે છે અને તેના આધારે અપાર આઈડી બને છે. જોકે, રાજ્યના અનેક વિદ્યાર્થીઓ એવા છે કે જેઓના આધારકાર્ડમાં નામ અને યુડાયસના નામ એક સમાન નથી. ઉપરાંત જે વિદ્યાર્થીઓના નામ એક સમાન છે તો ક્યાંક નાની-મોટી સ્પેલિંગ ભુલ આવે છે. આવા સંજોગોમા અપાર આઈડી ક્રિએટ થતુ નથી. હાલમાં અપાર આઈડી બનાવવામાં જે મુશ્કેલી આવી રહી છે તેમાં આધારકાર્ડમાં વિદ્યાર્થીનું પૂરૂં નામ ન હોવાના કારણે મિસમેચ આવે છે. આમ, અપારમાં પડતી મુશ્કેલીઓને લઈને શિક્ષણમંત્રી દ્વારા અમદાવાદની આકસ્મિક મુલાકાત પણ લેવામાં આવી હતી અને સુચનો મળેવી તે અંગેની સુચના પણ અપાઈ હતી. આ બધા વચ્ચે રાજ્યની સ્કૂલોમાં મહત્તમ વિદ્યાર્થીઓના અપાર આઈડી જનરેટ થાય તે માટે હવે શિક્ષણ વિભાગ દ્વારા ૯ અને ૧૦ ડિસેમ્બરના રોજ અપાર દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS